RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ ભાદરવા સુદ - ૪    મંગળવાર તા.૧૫-૦૯-૨૦૨૬    અંક : ૭૧ વર્ષ : ૨૨    email :rajkot@aaspassindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

## RBIનો નવો પ્રસ્તાવ

# સાયબર ફ્રોડ માટે ઉપયોગમાં લેવાયેલા બેન્ક ખાતાના વ્યવહારો ૨૦ દિવસ સ્થગિત કરાશે!

### ગ્રાહક તરફથી ખુલાસો મળ્યાના ૧૦ દિવસની અંદર બેન્કે નિર્ણય લેવો પડશે, સંતોષકારક ખુલાસો મળ્યા પછી જ વ્યવહારો ચાલુ કરાશે

નવીદિલ્હી,

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા સાયબર ફ્રોડ અટકાવવા માટે એક નવો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. જે મુજબ, સાયબર ફ્રોડમાં વપરાતા હોવાની શંકા હોય તેવા 'મની મ્યૂલ' એકાઉન્ટ્સમાંથી નાણાંના ઉપાડ પર ૨૦ દિવસનો પ્રતિબંધ મૂકવામાં આવશે. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ બહાર પાડવામાં આવેલી આ ડ્રાફ્ટ માર્ગદર્શિકા હેઠળ, જો કોઈ ખાતેદાર ખાતામાં જમા થયેલા નાણાં અંગે યોગ્ય ખુલાસો ન કરે, તો તેમાંથી ૨૦ દિવસ સુધી નાણાં ઉપાડી શકાશે નહીં અને સંતોષકારક ખુલાસો મળ્યા પછી જ વ્યવહારો ચાલુ કરવા દેવાશે.

સુપ્રીમ કોર્ટના ૪ ઓગસ્ટના આદેશ બાદ આ ડ્રાફ્ટ માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે. આ પ્રોસિજર હેઠળ બેન્કોએ એવા ટ્રાન્ઝેક્શન્સ પર તાત્કાલિક અસ્થાયી ડેબિટ હોલ્ડ મૂકવો પડશે, જેને મની મ્યૂલ તરીકે ઓળખવામાં આવ્યા હોય. આ વ્યાખ્યામાં એવા રૂ. ૧,૦૦૦ કે તેથી વધુના વ્યવહારોનો સમાવેશ થાય છે જેને બેન્કોની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ સિસ્ટમ્સ દ્વારા શંકાસ્પદ તરીકે ફ્લેગ કરવામાં આવ્યા હોય. ઉપરાંત, ગ્રાહકની સામાન્ય પ્રોફાઈલથી વિપરીત કે અસામાન્ય લાગતા વ્યવહારો અથવા અગાઉ છેતરપિંડી કે મની મ્યૂલ તરીકે રિપોર્ટ થયેલા ખાતાઓ સાથે જોડાયેલા વ્યવહારો પર પણ આ નિયમ લાગુ થશે.એકાઉન્ટની વાસ્તવિકતા અંગે ગ્રાહકને પત્ર દ્વારા ખુલાસો અથવા સ્પષ્ટતા રજૂ કરવા માટે ૨૦ દિવસનો સમય મળશે. ગ્રાહક તરફથી ખુલાસો મળ્યાના ૧૦ દિવસની અંદર બેન્કે નિર્ણય લેવો પડશે. જો કોઈ ખુલાસો પ્રાપ્ત ન થાય, તો અસ્થાયી ડેબિટ હોલ્ડની તારીખથી ૩૦ દિવસની અંદર નિર્ણય લેવાનો રહેશે.

#### મ્યૂલ એકાઉન્ટ મામલે કડક જોગવાઈઓ

આરબીઆઈએ પ્રસ્તાવ મૂક્યો છે કે એકાઉન્ટ-સ્તરના હોલ્ડનો ઉપયોગ અંતિમ વિકલ્પ તરીકે અને માત્ર અસાધારણ સંજોગોમાં જ થવો જોઈએ. સાથે જ, શંકાસ્પદ મની મ્યૂલ અને સાયબર ફ્રોડ ટ્રાન્ઝેક્શન્સને ઓળખવા માટે બેન્કોએ ટેક્નોલોજી આધારિત આંતરિક નીતિઓ અમલમાં મૂકવી પડશે અને ફાઈનાન્શિયલ ઈન્ટેલિજન્સ યુનિટ-ઈન્ડિયા પાસે સસ્પિશિયસ ટ્રાન્ઝેક્શન રિપોર્ટ્સ ફાઈલ કરવા પડશે. જો કોઈ બેન્ક મની મ્યૂલ એકાઉન્ટ સ્થાપિત થવા છતાં આવો રિપોર્ટ ફાઈલ ન કરે, તો તેને 'તમારા ગ્રાહકને ઓળખો' (KYC) અંગેની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન ગણવામાં આવશે.

#### વર્તમાન સિસ્ટમ એટલી મજબૂત છેકે ફ્રોડ કરનારાઓને ક્ષણવારમાં પકડી શકાય છે!

સાયબર ફ્રોડ કરનારાઓ દ્વારા રિઝર્વ બેન્કના અધિકારીઓ અને નાણાંમંત્રીની મિલીભગતથી બેન્કોમાં બોગસ એકાઉન્ટ ખોલવામાં આવી રહ્યા છે. 'તમારા ગ્રાહકને ઓળખો' (KYC)ની સિસ્ટમ મુજબ કોઈપણ સંજોગોમાં થર્ડ પાર્ટીનું એકાઉન્ટ ખોલી શકાતું જ નથી. જો બેન્કના એક ખાતામાંથી બીજા ખાતામાં ફ્રોડ કરીને નાણાં ટ્રાન્સફર કરવામાં આવે, તો ફરિયાદ મળતાની સાથે જ તે ખાતાને સ્થગિત કરી શકાય છે, પરંતુ બેન્ક અધિકારીઓની ફ્રોડ કરનારાઓ સાથે મિલીભગત હોવાથી આવું થતું નથી.વર્તમાન સિસ્ટમ એટલી મજબૂત છે કે ફ્રોડ કરનારાઓને ક્ષણવારમાં પકડી શકાય તેમ છે, તેમ છતાં બેન્ક અધિકારીઓ તેમની ગેરરીતિઓ સામે આંખ આડા કાન કરી રહ્યા છે. જો બેન્કના બ્રાન્ચ મેનેજરને જવાબદાર ઠેરવવામાં આવે અને નાણાંની ઉચાપત થવા પર તેમને નોકરીમાંથી બરતરફ કરવામાં આવે, તો દેશમાં થતા સાયબર ફ્રોડ સંપૂર્ણપણે બંધ થઈ શકે છે.

## કાગળમાંથી બનાવી ૨૨ ફૂટની બાપ્પાની મૂર્તિ...



ગણેશોત્સવની ભક્તિ સાથે પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપતી અનોખી પહેલનો મુંબઈ સહિત પરાના વિસ્તારોમાં શરુ કરવામાં આવી છે,નાલાસોપારા પૂર્વમાં શ્રી સાઈનાથ મિત્ર મંડળ દ્વારા ગણેશોત્સવ ૨૦૨૬ માટે સંપૂર્ણપણે કાગળમાંથી ૨૨ ફૂટ ઊંચી ગણપતિ બાપ્પાની ભવ્ય અને પર્યાવરણમિત્ર મૂર્તિ તૈયાર કરવામાં આવી છે.

## સાઉદીનો દાવોઃ મદીનામાં ૧૧ કરોડ ટન યુરેનિયમ અને રેર અર્થ મળ્યા

### ક્રૂડ ઓઈલ પછી હવે સાઉદીને મોટો 'ખજાનો' મળ્યોઃ સાઉદી અરેબિયાના ઉર્જા મંત્રીએ જાહેરાત કરી

રિયાધ,

પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ વકરી રહ્યું છે. તેવા સમયે સાઉદી અરબે મુસ્લિમો માટે પવિત્ર શહેરોમાંના એક મદીનામાંથી ૧૧ કરોડ ટન યુરેનિયમનો જથ્થો મળ્યાનો દાવો કર્યો છે. સાઉદી અરેબિયાના ઉર્જા મંત્રીએ જાહેરાત કરી છે કે દેશે મદીના ક્ષેત્રમાંથી આશરે ૧૧ કરોડ ટન યુરેનિયમ યુક્ત ઓર (કાચું ખનિજ) અને દુર્લભ ખનિજો શોધી કાઢ્યા છે.

મદીના ક્ષેત્રમાં આવેલા 'જબલ સયિદ પ્રોજેક્ટ' ખાતે કરવામાં આવેલા ભૌગોલિક અને ખાનગી સંશોધનોમાં આ સફળતા મળી છે. સાઉદી અરેબિયાના ઉર્જા મંત્રી પ્રિન્સ અબ્દુલઅઝીઝ બિન સલમાને જણાવ્યું હતું કે આ કાચા માલમાં ભારે તત્વો સહિત દુર્લભ ખનિજોની ઉચ્ચ સાંદ્રતા સાથે આશાસ્પદ પ્રમાણમાં યુરેનિયમ પણ મળી આવ્યું છે. આ શોધ સાઉદી અરેબિયાની એનર્જી-ડાયવર્સિફિકેશન ડ્રાઇવ (ઊર્જા વૈવિધ્યીકરણ અભિયાન) અને 'વિઝન ૨૦૩૦' હેઠળ ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

આ યુરેનિયમની શોધ એવા સમયે થઈ છે જ્યારે થોડા સમય પહેલા જ અમેરિકા અને સાઉદી અરેબિયા વચ્ચે નાગરિક પરમાણુ કાર્યક્રમ વિકસાવવા માટે એક મોટો કરાર થયો છે.

## ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૫૯ તાલુકામાં વરસાદ

### કચ્છના અંજારમાં ૭.૨૪ ઈંચ અને ભાવનગરના વલભીપુરમાં ૬ ઈંચથી વધુ વરસાદ ખાબકતાં જળબંબાકાર

અમદાવાદ,

ગુજરાતભરમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ શરૂ કરી છે, જેના કારણે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૨૫૯ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. ધોધમાર વરસાદના કારણે ઠેર-ઠેર પાણી ભરાયા છે અને નદી-નાળા છલકાઈ ગયા છે. જોકે, હવામાન વિભાગે આગામી સમયમાં વરસાદનું જોર ઘટવાની સંભાવના વ્યક્ત કરી છે.



છેલ્લા ૨૪ કલાકના આંકડાઓ પર નજર કરીએ તો કચ્છ પંથકમાં મેઘરાજાએ સૌથી વધુ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. કચ્છના અંજાર તાલુકામાં સૌથી વધુ ૭.૨૪ ઈંચ વરસાદ ખાબક્યો છે, જ્યારે ભાવનગર જિલ્લાના વલભીપુર તાલુકામાં ૬.૧૦ ઈંચ વરસાદ પડ્યો છે. ગાંધીધામમાં ૪.૬૧ ઈંચ અને ભચાઉમાં ૪.૪૧ ઈંચ વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્રમાં પણ ભારે વરસાદ વરસ્યો છે, જામનગર શહેરમાં ૫.૫૯ ઈંચ અને રાજકોટના કોટડા સાંગાણીમાં ૫.૨ ઈંચ વરસાદ વરસી ચૂક્યો છે. આ ઉપરાંત મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં પણ મેઘરાજા મન મૂકીને વરસ્યા છે. આણંદના બોરસદમાં ૫.૫૧ ઈંચ, મહેસાણાના કડીમાં ૪.૨૯ ઈંચ, વડોદરાના કરજણમાં ૪.૨૯ ઈંચ, સુરત શહેરમાં ૪.૧૭ ઈંચ, અમદાવાદના ધોળકામાં ૪.૧૩ ઈંચ, ખેડાના નડિયાદમાં ૪.૦૬ ઈંચ અને અમદાવાદ શહેરમાં ૩.૪૩ ઈંચ જેટલો ભારે વરસાદ નોંધાયો છે.

#### આજથી વરસાદનું જોર ઘટવાની શરૂઆત

હવામાન વિભાગની આગાહી મુજબ આજે (૧૫મી સપ્ટેમ્બર) પણ રાજ્યના કેટલાક વિસ્તારોમાં વરસાદી માહોલ યથાવત રહેશે. ખાસ કરીને કચ્છ અને સૌરાષ્ટ્રના મોરબી, જામનગર, દ્વારકા, પોરબંદર, જૂનાગઢ અને રાજકોટ જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત અમદાવાદમાં હળવા વરસાદની આગાહી છે, જ્યારે ઉત્તર ગુજરાતમાં સામાન્ય અને દક્ષિણ ગુજરાતમાં હળવા વરસાદની સંભાવના છે. આવતીકાલથી રાજ્યમાં વરસાદનું જોર ઘટવાની શરૂઆત થશે.

## બેંગ્લુરુમાં ૫૦% ડિસ્કાઉન્ટથી નકલી કેન્સર ડ્રગ, ICU ઈન્જેકશન્સના વેચાણનું કૌભાંડ!

### બેંગ્લુરુ પોલીસના અનેક રાજ્યોમાં દરોડા, પાંચ કરોડની દવા જપ્ત કરાઈ, ફાર્મસી માલિકની ધરપકડ

બેંગ્લુરુ ,

બેંગ્લુરુમા કેન્સરની બનાવટી દવાના કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે.તપાસકારો હવે બનાવટી અને રિપેકેજડ થયેલી દવાઓ ૯૦થી પણ વધુ હોસ્પિટલોઅને ક્લિનિક્સને મોકલવામાં આવી હતી તેની તપાસ કરી રહ્યા છે. બેંગ્લુરુ પોલીસની સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (સિટ) અને ડ્રગ કંટ્રોલ ડિપાર્ટમેન્ટ દ્વારા આ તપાસ સંયુક્ત રીતે હાથ ધરવામાં આવી રહી છે.

આ કૌભાંડના સંદર્ભમાં ફાર્મસી કૃપા હેલ્થકેરના માલિક વીરેશકુમાર જૈનની ધરપકડ કરવામાં આવી છે. અહેવાલો મુજબ પોલીસે જણાવ્યું હતું કે જૈનની ફાર્મસી કૃપા હેલ્થકેરનો ઉપયોગ બનાવટી દવાઓનો સંગ્રહ કરવા અને તેનું વિતરણ કરવા માટે કરવામાં આવતો હતો.




બેંગ્લુરુમાં મિનર્વા સર્કલ નજીક ફાર્મસીમાં પોલીસે દરોડો પાડતા અને શંકાસ્પદ બનાવટી ડ્રગ્સનો નોંધપાત્ર જથ્થો કબ્જે કરતાં આ તપાસનો વ્યાપ વધ્યો હતો. જપ્ત કરવામાં આવેલા જથ્થામાં કેન્સરની દવાઓ, જીવનરક્ષક દવાઓ અને આઈસીયુ ઈન્જેકશન્સનો સમાવેશ થાય છે. તપાસકર્તાઓ માને છે કે કૌભાંડીઓ આ બનાવટી દવાઓ હોસ્પિટલો, ક્લિનિક્સ અને મેડિકલ સ્ટોર્સને ૫૦ ટકા સુધીના ડિસ્કાઉન્ટે પૂરી પાડતા હતા.

આ અંગે વરિષ્ઠ અધિકારીને ટાંકીને સ્થાનિક અખબારે આપેલા અહેવાલમાં જણાવાયું હતું કે અમે સંખ્યાબંધ દસ્તાવેજો જપ્ત કર્યા છે, તેમા આ દવાઓ ખરીદવામાં આવી અને પછી વેચવામાં આવી તથા તેનું વિતરણ કરવામાં આવ્યું તેની ચકાસણી કરવામાં આવી રહી છે.' બિડાડી ખાતે ૧૮મી ઓગસ્ટના રોજ દરોડો પાડવામાં આવ્યો ત્યાં સુધી કોઈને આ કૌભાંડની ખબર ન હતી. સત્તાવાળાઓને તેમા ૪.૯ કરોડની બનાવટી દવાઓ મળી આવી હતી, તેની સાથે તેના બનાવટી દસ્તાવેજો, ઈન્જેકશન્સથી ભરેલા સાધનો અને બનાવટી લેબલ્સનો સમાવેશ થાય છે.

## રશિયાએ ઓગસ્ટમાં ખરીદેલા રેકોર્ડ ૧૭.૨ મિલિયન ટન પેટ્રોલમાં ૭૦ ટકા ભારતમાંથી

### ભારતે ૭૮ મિલિયન યુરોના આશરે ૧૨૦,૦૦૦ ટન પેટ્રોલ રશિયા મોકલ્યું, યુક્રેનિયન ડ્રોન હુમલાને કારણે ઘણી રશિયન રિફાઈનરીઓ બંધ

અમદાવાદ,

રશિયાએ ઓગસ્ટમાં રેકોર્ડ ૧૭.૨ મિલિયન ટન પેટ્રોલિયમ ઉત્પાદનો આયાત કર્યા હતા. આમાં ભારતમાં રશિયન ક્રૂડ ઓઈલમાંથી રિફાઈન્ડ પેટ્રોલનો મોટો જથ્થો શામેલ હતો. સેન્ટર ફોર રિસર્ચર ઓન એનર્જી એન્ડ ક્લીન એરના માસિક અહેવાલમાં આ માહિતી બહાર આવી છે. રિપોર્ટ અનુસાર, યુક્રેનના સતત ડ્રોન હુમલાઓએ રશિયાની પોતાની રિફાઈનરીઓમાં ઈંધણ ઉત્પાદનને અસર કરી છે, જેના કારણે રશિયાને તેની જરૂરિયાતો પૂરી કરવા માટે અન્ય દેશોમાંથી પેટ્રોલિયમ ઉત્પાદનો ખરીદવાની ફરજ પડી છે.

ઓગસ્ટમાં રશિયાની તેલ ઉત્પાદન આયાતનો લગભગ ૭૦% ભારતમાંથી આવ્યો હતો. એકલા ભારતે આશરે ૧૨૦,૦૦૦ ટન પેટ્રોલ રશિયા મોકલ્યું હતું, જેની કિંમત આશરે ૭૮ મિલિયન યુરો હતી. ઓગસ્ટમાં રશિયાની કુલ તેલ ઉત્પાદન આયાત અગાઉના માસિક રેકોર્ડ કરતાં સાત ગણી વૃાધારે થઈ ગઈ હોતી. વધુમાં ઓગસ્ટની આયાત ૨૦૨૫ દરમિયાન રશિયા દ્વારા આયાત કરાયેલા તેલ ઉત્પાદનોના કુલ જથ્થા કરતાં લગભગ ત્રણ ગણી હતી. ભારતમાંથી રશિયામાં મોકલવામાં આવતું તમામ પેટ્રોલ ગુજરાતની વાડીનાર રિફાઈનરીમાંથી મોકલવામાં આવ્યું હતું. તે નાયરા એનર્જી દ્વારા રશિયાની સરકારી તેલ કંપની રોઝનેફ્ટને વેચવામાં આવ્યું હતું. રોઝનેફ્ટ નાયરા એનર્જીમાં ૪૯.૧૩% હિસ્સો ધૃધરાવે છે. ૨૦૨૬ ના પ્રથમ આઠ મહિનામાં, વાડીનાર રિફાઈનરીએ તેની બાૃધી ક્રૂડ તેલની જરૂરિયાતો રશિયા પાસેથી ખરીદી હતી. ૨૦૨૫ માં, રશિયન ક્રૂડ તેલમાં રિફાઈનરીઓનો હિસ્સો આશરે ૮૧% હતો. સરળ શબ્દોમાં કહીએ તો, રશિયન ક્રૂડ તેલ પહેલા ભારતમાં આવ્યું. તેને વાડીનાર રિફાઈનરીમાં પેટ્રોલમાં પ્રોસેસ કરવામાં આવ્યું અને પછી રશિયા પાછું મોકલવામાં આવ્યું હોતું.

## બ્રિટનનાં પૂર્વ પીએમ બોરિસ જોહ્નસનનો રશિયાનાં ડ્રોન હુમલામાં ચમત્કારિક બચાવ

### યુક્રેન-પોલેન્ડ સરહદે પસાર થતી ટ્રેન પર રશિયાનો ડ્રોન હુમલો

કીવ :

રશિયાનાં એક ડ્રોન હુમલામા બ્રિટનનાં પૂર્વ વડાપ્રધાન બોરિસ જોહ્નસન માંડ માંડ બચી ગયા હતાં. રશિયાનું એક ડ્રોન યુક્રેન પોલેન્ડ સરહદે એક ટ્રેનથી ટકરાઇ ગયું હતું. આ ટ્રેનથી પહેલા આ લાઈનમાંથી અન્ય એક ટ્રેન પસાર થઇ હતી જેમાં બોરિસ જોહ્નસન અને અન્ય રાજદ્વારી સવાર હતાં.

યુક્રેન અને નાટો સભ્ય પોલેન્ડની સરહદે રશિયન ડ્રોન પેસેન્જર ટ્રેન સાથે ટકરાયું હતું. જેના કારણે ટ્રેનને થોડું નુકસાન થયું હતું. જો કે જાનમાલનાં નુકસાનનાં કોઇ સમાચાર મળ્યા નથી. આ ટ્રેનનાં થોડાક જ સમય પહેલા બ્રિટનનાં પૂર્વ વડાપ્રધાન બોરિસ જોહ્નસન, સ્વીડનનાં પૂર્વ વડાપ્રધાન કાર્લ બિલ્ડટ અને અન્ય યુરોપિયન રાજદ્વારીઓને લઇ જઇ રહેલી એક ડિપ્લોમેટિક ટ્રેન ત્યાંથી પસાર થઇ હતી. સ્વીડનનાં પૂર્વ વડાપ્રધાન કાર્લ બિલ્ડટે એક્સ પર જણાવ્યું છે કે આ અમારી ટ્રેન ન હતી પણ અમારા પછી પસાર થયેલી ટ્રેન હતી. ડ્રોન નજીક આવતા પહેલા જ ટ્રેનને ખાલી કરી દેવામાં આવી હતી અને કોઇને ઇજા થઇ નથી. તે અને અન્ય નેતા યુક્રેનની રાજધાની કીવમાં એક પ્રેસ કોન્ફરન્સમાં સામેલ થયા પછી યુરોપ પરત જઇ રહ્યાં હતાં. બોરિસ જોહ્નસને ઇન્સ્ટાગ્રામ પણ આ હુમલાને કારણ વગરનો ગણાવ્યો હતો.

## કરાચીમાં ચાર બંદૂકધારીઓ દ્વારા હાફિઝ સઈદના નજીકના એક આતંકવાદીની હત્યા

કરાચી,

હાફિઝ સઈદના એક નજીકના સાથીની ચાર અજાણ્યા બંદૂકધારીઓએ ગોળી મારીને હત્યા કરી દીધી. હુમલો થયો ત્યારે તે દરવાજા પાસે બેઠો હતો. તે જ સમયે બે મોટરસાઈકલ પર આવેલા ચાર બંદૂકધારીઓ આવ્યા અને ગોળીબાર કર્યો. હુમલો એટલો ઝડપી હતો કે સઈદના નજીકના સાથીને ખાંસવાની પણ તક મળી નહીં.

મૃતક લશ્કર-એ-તૈયબાના વડા હાફિઝ સઈદનો નજીકનો સાથી હોવાનું કહેવાય છે. જોકે, પાકિસ્તાની અધિકારીઓએ હજુ સુધી તેની ઓળખ કે સંગઠનમાં ભૂમિકા અંગે કોઈ વિગતો જાહેર કરી નથી. હુમલા બાદ, હુમલાખોરો આતંકવાદીનું હથિયાર પણ છીનવી ગયા.ધોળા દિવસે બનેલી આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો. માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ. પાકિસ્તાની સુરક્ષા એજન્સીઓ પણ પહોંચી ગઈ અને કેસની તપાસ શરૂ કરી દીધી છે.

# ગુજરાતમાં સિંહોની સુરક્ષા માટે એઆઈ આધારિત સર્વેલન્સ સિસ્ટમ

## ગાંધીનગરમાં બની રહેલું કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (સીસીસી) રાજ્યના સંરક્ષિત વિસ્તારોમાં વન્યજીવોની હિલચાલ પર નજર રાખશે

ગાંધીનગર,

ગુજરાતમાં હવે સિંહ સહિતના વન્યજીવોની સુરક્ષા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) આધારિત સર્વેલન્સ સિસ્ટમ ઊભી કરવામાં આવી રહી છે. ગાંધીનગરમાં બની રહેલું કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (સીસીસી) રાજ્યના સંરક્ષિત વિસ્તારોમાં વન્યજીવોની હિલચાલ પર નજર રાખશે. વિવિધ ફીડ અને સીસીટીવી નેટવર્ક મારફતે મળતી માહિતીથી અકસ્માત કે અસામાન્ય હિલચાલની જાણકારી તાત્કાલિક મળી શકશે.




વન વિભાગ ડ્રોન તથા એઆઈ આધારિત કેમેરા નેટવર્કનો પણ ઉપયોગ કરશે. ખાસ કરીને ગીર અને આસપાસના વિસ્તારોમાં માનવ-વન્યજીવ સંઘર્ષ ઘટાડવા માટે આ ટેક્નોલોજી મદદરૂપ બનશે. જંગલમાં કોઈ પ્રાણીની હિલચાલ, પ્રજાતિની સંખ્યામાં ફેરફાર કે અન્ય અસામાન્ય પ્રવૃત્તિ જણાય તો તેના આધારે તાત્કાલિક કાર્યવાહી કરી શકાશે.

રેલવેના સર્વેલન્સ નેટવર્કને પણ સીસીસી સાથે જોડવામાં આવશે. રેલવેના ટ્રેક, પુલ અને અંડરપાસ પર સીસીટીવી, ઈન્ટ્રૂઝન ડિટેક્શન સિસ્ટમ અને ઓપ્ટિકલ ફાઈબર સેન્સિંગ જેવી ટેક્નોલોજીથી સિંહની હિલચાલ પર નજર રાખવામાં આવશે. ખાસ કરીને અમરેલીના લિલિયા-સાવરકુંડલા રેલવે વિભાગમાં ઓપ્ટિકલ ફાઈબર કેબલ બિછાવવામાં આવી હોવાનું જણાવાયું છે. વન વિભાગના જણાવ્યા મુજબ ૨૦૧૪થી ૨૦૨૪ દરમિયાન સૌરાષ્ટ્રમાંથી પસાર થતી ટ્રેનોની ટક્કરમાં ૧૯ સિંહનાં મોત થયા હતા. હવે નવી ટેક્નોલોજીથી આવી દુર્ઘટનાઓ અટકાવવાનો પ્રયાસ થશે.

ગુજરાત વિશ્વમાં એશિયાટિક સિંહનું એકમાત્ર કુદરતી નિવાસસ્થાન છે. છેલ્લા બે દાયકાથી રાજયમાં સિંહની સંખ્યા સતત વધી રહી છે અને છેલ્લી વસતી ગણતરીમાં ૧૧ જિલ્લામાં કુલ ૮૯૧ સિંહ નોંધાયા હતા. ગીર નેશનલ પાર્ક અને એશિયાટિક સિંહના કોર તથા સંરક્ષિત વિસ્તારો ઉપરાંત લિટલ રણ ઓફ કચ્છ અને અન્ય વિસ્તારોમાં પણ સિંહોની હિલચાલ જોવા મળતી હોવાથી તેમની સતત દેખરેખ વધુ મહત્ત્વની બની છે.

# અમદાવાદ રેલવે મંડળની એક દિવસમાં ૯૧ રેકની સિદ્ધિ ૩,૮૪૭ વેગનનું અત્યાર સુધીનું સવર્શ્રેષ્ઠ લોડિંગ

## ૨૮ જમ્બો, ૪૭ કન્ટેનર, ૧૯ ફર્ટિલાઈઝર અને ૮ મીઠાના રેક સાથે નવો ઓલ-ટાઈમ રેકોર્ડ બન્યો

અમદાવાદ,

રેલવે વિભાગની વધુ એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે જેમાં, પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે માલ લોડિંગ ક્ષેત્રે પોતાની જ સિદ્ધિને પાછળ છોડી નવો રેકોર્ડ બનાવ્યો છે. ૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ અમદાવાદ મંડળે એક જ દિવસમાં ૯૧ રેક એટલે કે ૩,૮૪૭ વેગનનું લોડિંગ કર્યું હતું. મંડળના પરિચાલન ઈતિહાસમાં એક દિવસમાં થયેલું આ અત્યાર સુધીનું સવર્શ્રેષ્ઠ લોડિંગ છે.ખાસ વાત એ છે કે અમદાવાદ મંડળે માત્ર ચાર દિવસ પહેલાં જ પોતાનો અગાઉનો રેકોર્ડ બનાવ્યો હતો. ૫ સપ્ટેમ્બરે ૮૫ રેક એટલે કે ૩,૫૮૦ વેગનનું લોડિંગ કરવામાં આવ્યું હતું. જોકે, ચાર દિવસમાં જ આ રેકોર્ડને પાછળ છોડીને ૯૧ રેકનું લોડિંગ કરવામાં આવતા મંડળે પોતાની કાર્યક્ષમતા અને સંકલનનું વધુ એક ઉદાહરણ પૂરું પાડ્યું છે.

આ સિદ્ધિ મંડળ રેલવે પ્રબંધક વેદ પ્રકાશના નેતૃત્વ હેઠળ સમગ્ર ટીમના સંકલન, સતર્કતા અને સતત કાર્યક્ષમતાના પરિણામે હાંસલ થઈ હોવાનું રેલવે દ્વારા જણાવાયું છે.૯ સપ્ટેમ્બરના લોડિંગમાં વિવિધ કેટેગરીમાં પણ નોંધપાત્ર કામગીરી કરવામાં આવી હતી. એક જ દિવસમાં ૨૮ જમ્બો રેક લોડ કરવામાં આવ્યા હતા. આ પણ અમદાવાદ મંડળ માટે એક દિવસમાં જમ્બો રેક લોડિંગનો નવો ઉચ્ચાંક છે.તે ઉપરાંત કુલ ૪૭ કન્ટેનર રેકનું લોડિંગ થયું હતું, જેમાં ૨૩ ડબલ-સ્ટેક કન્ટેનર રેકનો સમાવેશ થાય છે. ડબલ-સ્ટેક કન્ટેનરના વધુ ઉપયોગથી માલ પરિવહન ક્ષમતાનો કાર્યક્ષમ ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું રેલવેનું કહેવું છે.ખેતી ક્ષેત્ર માટે જરૂરી ખાતરની સપ્લાય જળવાઈ રહે તે માટે એક જ દિવસમાં ૧૯ ફર્ટિલાઈઝર રેકનું પણ લોડિંગ કરવામાં આવ્યું હતું.

# અમદાવાદમાં નકલી તેલનો કાળો કારોબાર : તિરુપતિ બ્રાન્ડના નામે રસોડા સુધી પહોંચાડતા હતા 'ધીમું ઝેર'

અમદાવાદ,

જો તમે બજારમાંથી બ્રાન્ડેડ તેલનો ડબ્બો ખરીદતા હોવ, તો આ અહેવાલ તમારા માટે આંખ ઉઘાડનારો છે...કારણ કે નફાખોરીના ચક્કરમાં ડુપ્લિકેટ માફિયાઓ હવે તમારા રસોડા સુધી પહોંચી ગયા છે અને તમારા સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરી રહ્યા છે.

જી હા, ડબ્બો અસલી પણ તેની અંદર ભરેલું તેલ તદ્દન નકલી અને સબ-સ્ટાન્ડર્ડ! અમદાવાદના રખિયાલ વિસ્તારમાં આવેલી 'ઘાણીવાળા ટ્રેડર્સ' નામની દુકાન પર જ્યારે પોલીસે બાતમીના આધારે સરપ્રાઈઝ રેડ કરી, ત્યારે આ ચોંકાવનારી હકીકત સામે આવી. અહીં પ્રખ્યાત બ્રાન્ડના નામે નકલી કપાસિયા તેલનું ખુલ્લેઆમ વેચાણ ચાલી રહ્યું હતું. પોલીસે આ કાળા કારોબારના માસ્ટરમાઈન્ડ અમિત કુશવાહ નામના વેપારીને રંગેહાથ દબોચી લીધો છે...

આ કોઈ સામાન્ય ભેળસેળ નથી, પણ લોકોના ઘરમાં મોકલાતું 'સ્લો પોઈઝન' એટલે કે ધીમું ઝેર છે...આરોપી અમિત કુશવાહની મોડસ ઓપરેન્ડી એટલી શાતિર હતી કે સામાન્ય માણસ ક્યારેય પકડી ન શકે. તે ભંગાર બજારમાંથી તિરુપતિ કંપનીના ખાલી અને વપરાયેલા અસલી ડબ્બાઓ સસ્તા ભાવે ખરીદતો હતો...ત્યારબાદ આ ડબ્બાઓમાં અત્યંત સસ્તું, ગંદું અને હલકી ગુણવત્તાનું તેલ ભરી દેતો હતો...લોકોને જરાય શંકા ન જાય તે માટે ડબ્બા પર આબેહૂબ ડુપ્લિકેટ સીલ અને બુચ લગાવીને તેને બજારમાં અસલી તિરુપતિ તેલ તરીકે વેચી મારતો હતો. માત્ર થોડા રૂપિયાના નફા માટે લોકોના જીવ જોખમમાં મૂકીને આ સસ્તું તેલ મોંઘા ભાવે વેચી, લાખો રૂપિયાની કમાણી કરવાનો ખેલ ચાલી રહ્યો હતો..

# સમગ્ર દક્ષિણ એશિયામાં પ્રથમવાર મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે આજથી 'વર્લ્ડ સર્ક્યુલર ઈકોનોમી ફોરમનું આયોજન

## અંદાજે ૬૫ થી વધુ દેશોના ૦૨ હજારથી વધુ હિસ્સેદારો ભાગ લેશે; ૧૨૫ થી વધુ પ્રદર્શનકર્તાઓ આંતરરાષ્ટ્રીય એક્સ્પોમાં સર્ક્યુલરિટી સોલ્યુશન્સનું પ્રદર્શન કરશે

ગાંધીનગર,

સમગ્ર દક્ષિણ એશિયામાં પ્રથમવાર તા.૧૫ થી ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન મહાત્મા મંદિર ગાંધીનગર - ગુજરાત ખાતે 'વર્લ્ડ સર્ક્યુલર ઈકોનોમી ફોરમ (WCEF) ૨૦૨૬'નું આયોજન કરશે.

ફોરમનું સંયુક્ત ઉદ્ઘાટન કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવ અને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવશે.




આ ફોરમનું આયોજન 'સર્ક્યુલર ઈકોનોમીઃ ટ્રાન્સિશન ફોર પીપલ એન્ડ પ્રોસ્પેરીટી' (Circular Economy: Transition for People and Prospe®iy) થીમ હેઠળ કરવામાં આવશે, ત્યારબાદ ૧૭ થી ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન એક્સેલરેટર સત્રો યોજાશે. જ્યારે તા.૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ઉદ્ઘાટન સત્રમાં હાજરી આપનાર અન્ય મહાનુભાવોમાં ગુજરાતના વન, પર્યાવરણ અને આબોહવા પરિવર્તન મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, ભારતમાં ફિનલેન્ડના રાજદૂત એચ.ઈ. શ્રી મિક્કો કિવિકોસ્કી, સિત્રા (SITRA) ના પ્રમુખ શ્રી એટે જાસ્કેલાઈનન, આર્થિક બાબતો અને આબોહવા મંત્રાલય (નેધરલેન્ડ) ના સર્ક્યુલર ઈકોનોમી નિયામક શ્રીમતી મેરીકે સ્પાઈકરબોઅર તેમજ ભારત સરકાર અને ગુજરાત સરકારના વરિષ્ઠ અધિકારીઓ સહભાગી થશે.

# અમદાવાદમાં સમાધાન માટે ભેગા થયેલા ભાઈઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ ફાયરિંગ

અમદાવાદ,

શહેરના રામોલ વિસ્તારમાં આવેલ તક્ષશિલા સ્કૂલ પાસે મકાનના વિવાદને લઈને સમાધાન માટે ભેગા થયેલા ભાઈઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ ફાયરિંગની ઘટના સામે આવી છે. આ ઘટનામાં ૫૪ વર્ષીય રાજેશ હરિશંકર પ્રજાપતિને જાંઘના ભાગે ગોળી વાગતાં તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ફાયરિંગ કરનાર તરીકે BSFમાં નોકરી કરતા પ્રમોદ રામપ્રસાદ શિવદયાલ પ્રજાપતિનું નામ સામે આવ્યું છે. સમગ્ર ઘટના અંગે જેસીપી જયપાલસિંહ રાઠોડે માહિતી જણાવ્યું કે, તક્ષશિલા સ્કૂલ પાસે આવેલી ચોકડી નજીક ત્રણ ભાઈઓ મકાનના મુદ્દે સમાધાન માટે ભેગા થયા હતા. મકાનના વિવાદને લઈને તેમની વચ્ચે વાતચીત ચાલી રહી હતી, તે દરમિયાન આરોપી તરીકે સામે આવેલા પ્રમોદ પ્રજાપતિએ ફાયરિંગ કર્યું હતું. આ ફાયરિંગમાં મોટા ભાઈને ૧૨ બોરની ગોળી જાંઘના ભાગે વાગી હતી. ફાયરિંગ બાદ આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઈજાગ્રસ્ત રાજેશભાઈને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યૂલન્સ મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

વધુમાં જેસીપી જયપાલસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, આ ઘટનાની જાણ થતાં ઓઢવ અને રામોલ બંને પોલીસ સ્ટેશનની પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે ફાયરિંગમાં વપરાયેલું હથિયાર પણ કબજામાં લઈ લીધું છે. આરોપી તરીકે સામે આવેલા પ્રમોદ પ્રજાપતિની પણ પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી છે. આ ઉપરાંત પોલીસે અન્ય એક વ્યક્તિને પણ અટકાયતમાં લીધો હોવાનું JCP જયપાલસિંહ રાઠોડે જણાવ્યું.

# પૂર્વ અને પશ્ચિમ અમદાવાદના અનેક વિસ્તારોમાં ભારે વરસાદના પગલે જળબંબાકારની સ્થિતિ

## અમદાવાદ, ગાંધીનગર સહિત ૧૯ જિલ્લામાં વરસાદનું રેડ અલર્ટ




અમદાવાદ,

પૂર્વ અને પશ્ચિમ અમદાવાદના અનેક વિસ્તારો ભારે વરસાદના પગલે જળબંબાકાર થઈ ગયા છે. સતત ધોધમાર વરસાદના કારમે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવવાની શરૂઆત થઈ છે. પાણી ભરાતા મીઠાખળી અંડર પાસ બંધ કરાયો હોવાની પણ માહિતી છે. સાવચેતીના ભાગ રૂપે આ અંડપાસ બંધ કરાયો. અમદાવાદ સહિત અનેક જિલ્લાઓમાં હજુ પણ ભારે વરસાદનું એલર્ટ છે.

અમદાવાદમાં આજે સવારથી જ વળી પાછો ધોળે દિવસે અંધારપટ છવાયેલો હોવાનો માહોલ જોવા મળ્યો છે. સતત ધુમ્મસના કારણે વિઝિબિલિટી પણ અસર પામી છે.

અમદાવાદમાં સવારથી વરસાદી માહોલ જામેલો છે. પૂર્વ અને પશ્ચિમ વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. આ બધા વચ્ચે વાસણા બેરેજના દરવાજા ૧.૫ ફૂટ ખોલી નાખવામાં આવ્યા છે. ૪૭૩૭ ક્યુસક પાણી નદીમાં છોડવામાં આવતા નદી કિનારાના ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે.

જીવરાજપાર્ક, વેજલપુર, વાસણા, પ્રહલાદનગર, શિવરંજની, સેટેલાઈટમાં ધોધમાર વરસાદ જોવા મળ્યો છે. એસજી હાઈવે, બોડકેદેવ વિસ્તારમાં પણ વરસાદ છે. ઓઢવ, બાપુનગર, સહિત પૂર્વમાં ધમાકેદાર વરસાદ છે. ભારે વરસાદના કારણે અનેક વિસ્તારો પાણી પાણી થયા છે. રસ્તાઓ જળબંબાકાર થયા છે. અમદાવાદના અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવવાની શરૂઆત થઈ ગઈ છે. અમદાવાદ પૂર્વ અને પશ્ચિમ ના વિસ્તારોમાં પાણી ભરાવવા લાગ્યા છે. થલતેજ, એસજી હાઈવે, દાણીલીમડા, પોશ વિસ્તાર પ્રહલાદનગર વગેરે જગ્યાએ પાણી ભરાવવાની શરૂઆત થઈ ગઈ છે. પાણી ભરાવવાના કારણે ઠેર ઠેર વાહનચાલકો હેરાન પરેશાન થઈ રહ્યા છે.

# સુરતમાં ગણેશજીનું સરઘસ રોકવા મુદ્દે બબાલ, ૨ યુવકો પર છરી વડે કરાયો હુમલો

## પાંડેસરા પાણીની ટાંકી નજીક બનેલી આ ઘટનામાં બંને યુવકોને ગંભીર ઈજા

સુરત,

શહેરના પાંડેસરા વિસ્તારમાં ગણેશોત્સવના સરઘસ દરમિયાન ડીજે નું વાહન ગલીમાંથી પસાર કરવા મુદ્દે વિવાદ બાદ બે યુવકો પર ચપ્પુ વડે હુમલો કર્યાની ઘટના સામે આવી છે. પાંડેસરા પાણીની ટાંકી નજીક બનેલી આ ઘટનામાં બંને યુવકોને ગંભીર ઈજાઓ પહોંચતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પ્રાથમિક માહિતી મુજબ, ગણેશજીની રેલી દરમિયાન ગલીમાંથી ઢ્ઢત્નનું વાહન પસાર થઈ રહ્યું હતું. ત્યારે કેટલાક અજાણ્યા શખ્સોએ રેલી અહીંથી નહીં નીકળે તેમ કહી વાંધો ઉઠાવ્યો હતો. ત્યારબાદ થયેલી બોલાચાલી ઉગ્ર બનતાં મારામારી અને ચપ્પુથી હુમલા સુધી મામલો પહોંચ્યો હતો.

ઈજાગ્રસ્ત યુવકના મામા દીપકભાઈના જણાવ્યા પ્રમાણે, તેમનો ભાણેજ ડીજેનું વાહન ચલાવી રહ્યો હતો. ગલીમાંથી વાહન પસાર થઈ રહ્યું હતું ત્યારે કેટલાક લોકોએ તેને રોકીને અહીંથી રેલી નહીં કાઢવા અંગે વાંધો ઉઠાવ્યો હતો. આ દરમિયાન યુવકે ગણેશજીની રેલી હોવાનું કહી રેલી પસાર કરવા અંગે સવાલ કર્યો હતો. આ વાતને લઈને બંને પક્ષ વચ્ચે બોલાચાલી થઈ હતી. પરિવારના જણાવ્યા પ્રમાણે, ત્યારબાદ આશરે ૪થી ૫ અજાણ્યા શખ્સોએ ભેગા થઈને બંને યુવકો સાથે મારામારી શરૂ કરી હતી.

# ગાંધીનગરમાં બોમ્બ બ્લાસ્ટની ધમકી કેસમાં બાંગ્લાદેશ કનેક્શન : મુખ્ય સૂત્રધાર ઝડપાયો

## મુખ્ય આરોપી ગુલશન કુમારે ૫ લાખથી વધુ ડમી ઈમેલ આઈડી બનાવ્યા હતા

ગાંધીનગર,

ગુજરાતની સુરક્ષા વ્યવસ્થાને હચમચાવી દેવાની ધમકીના કેસમાં મોટો ખુલાસો થયો છે! મુખ્યમંત્રી કાર્યાલય એટલે કે સીએમઓ અને વિધાનસભા સહિતના સંવેદનશીલ ભવનોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી પાછળ બાંગ્લાદેશ કનેક્શન સામે આવ્યું હોવાનો પોલીસનો દાવો છે.



૧૦ સપ્ટેમ્બરે ગુજરાતનું પાટનગર ગાંધીનગર અને સચિવાલય બોમ્બ બ્લાસ્ટની ધમકીથી ધણધણી ઉઠ્યું હતું...એક એન્ટી નેશનલ ઈમેલ મળતા જ સમગ્ર સુરક્ષા તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું હતું...ગુજરાતના સૌથી વીઆઈપી ભવનોને ઉડાવી દેવાની આ ધમકી કોઈ નાનું-મોટું કૃત્ય નહોતું, પરંતુ દેશ વિરોધી તત્વોનું એક બહુ મોટું કાવતરું હતું.

ગુજરાત સાયબર સેલ ઓફ એક્સલન્સે આ થ્રેટ મેલનું લોકેશન ટ્રેસ કરીને ગણતરીના દિવસોમાં બિહારના ભાગલપુરથી રોશન કુમાર નામના શખ્સને દબોચી લીધો હતો. જેની પૂછપરછમાં આખી ગેંગના મુખ્ય આરોપી ગુલશન કુમારનું નામ ખુલ્યું હતું. સાયબર સેલે કડક ઓપરેશન ચલાવીને મુખ્ય સૂત્રધાર ગુલશન કુમારની ઝારખંડથી ધરપકડ કરી લીધી છે.

# વડોદરામાં તંત્રની બેદરકારીના પાપે દાદી-પૌત્રી ડ્રેનેજ માટે ખોદેલા ખાડામાં ખાબક્યાં

## સ્થાનિકોની સમયસરની સતર્કતાને કારણે બંનેનો જીવ બચી ગયો

વડોદરા,

વડોદરામાં ફરી એકવાર તંત્રની બેદરકારીને કારણે લોકોના જીવ જોખમમાં મુકાય તેવી ઘટના સામે આવી છે. પાદરા-જાસપુર ચોકડી પાસે નવીન ડ્રેનેજ લાઈન નાખવા માટે ખોદવામાં આવેલા ખાડામાં દાદી અને પૌત્રી ખાબકી ગયા હતા. અચાનક બનેલી આ ઘટનાને કારણે આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે સદનસીબે સ્થાનિક લોકો સમયસર દોડી આવતા બંને મહિલાઓનો જીવ બચાવી લેવામાં આવ્યો હતો. સમગ્ર ઘટનાના CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે, જેમાં તંત્ર દ્વારા ખોદવામાં આવેલા ખાડામાં મહિલા ખાબકતી હોવાની ઘટના કેદ થઈ છે.

મળતી માહિતી મુજબ, પાદરા-જાસપુર ચોકડી પાસે નવીન ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી ચાલી રહી છે. આ કામગીરી માટે રસ્તા પાસે ખાડો ખોદવામાં આવ્યો હતો. પરંતુ ખાડો ખોદ્યા બાદ તેનું યોગ્ય રીતે પુરાણ કરવામાં આવ્યું ન હોવાનું સામે આવ્યું છે. તંત્ર દ્વારા ખાડાનું યોગ્ય પુરાણ ન કરવામાં આવતા આ સ્થળ લોકો માટે જોખમી બની ગયું હતું. રસ્તા પરથી પસાર થઈ રહેલી દાદી અને પૌત્રીને આ ખાડાનો અંદાજ ન આવતા બંને તેમાં ખાબકી ગયા હતા. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા.

સીસીટીવીમાં કેદ થયેલી સમગ્ર ઘટનામાં રસ્તા પર ચાલતી મહિલા અચાનક તંત્ર દ્વારા ખોદવામાં આવેલા ખાડામાં ખાબકતી જોવા મળે છે. દાદી અને પૌત્રી બંને ખાડામાં પડતાં આસપાસના લોકોમાં પણ ચિંતા ફેલાઈ હતી. જોકે સ્થાનિકોએ સમય ગુમાવ્યા વગર બંનેને બહાર કાઢવા માટે પ્રયાસ શરૂ કર્યા હતા. સ્થાનિકોની સમયસરની સતર્કતાને કારણે બંને મહિલાઓનો જીવ બચી ગયો હતો. જો આસપાસના લોકો સમયસર મદદ માટે ન પહોંચ્યા હોત તો આ ઘટના વધુ ગંભીર બની શકતી હતી.

આ ઘટના બાદ તંત્રની કામગીરી સામે પણ સવાલો ઉભા થયા છે. નવીન ડ્રેનેજ લાઈન નાખવા માટે રસ્તા પાસે ખાડો ખોદવામાં આવ્યો હોય ત્યારે ત્યાંથી પસાર થતા લોકોની સુરક્ષાનું પણ ધ્યાન રાખવું જરૂરી છે. ખાડો ખોદ્યા બાદ તેનું યોગ્ય પુરાણ કરવામાં ન આવે અથવા સ્થળને સુરક્ષિત કરવામાં ન આવે તો અકસ્માતનો ભય સતત રહે છે. પાદરા-જાસપુર ચોકડી પાસે બનેલી આ ઘટનાએ પણ આવી જ બેદરકારી સામે લાવી છે.

વડોદરાના પાદરા-જાસપુર ચોકડી પાસે તંત્રની બેદરકારીનો ગંભીર બનાવ સામે આવ્યો છે.

# સુરેન્દ્રનગરના ચુડા તાલુકાના સોઢા ગામે ઓવરફ્લો કોઝવેમાં કાર પાણીના ધસમસતા પ્રવાહમાં તણાઈ

## ફાયર વિભાગ દ્વારા ભારે જહેમત બાદ ક્રેનની મદદથી કાર બહાર કાઢી તેમાંથી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલ્યો

સુરેન્દ્રનગર,

જીલ્લામાં છેલ્લા ૪૮ કલાકમાં વરસેલા વરસાદથી ચુડા તાલુકાના સોઢા ગામ નજીક ઓવરફ્લો થયેલા બેઠા કોઝવે પરથી પસાર થતી વખતે એક સ્વિફ્ટ કાર પાણીના ધસમસતા પ્રવાહમાં તણાઈ ગઈ હતી, જેમાં કારમાં સવાર યુવકનું કરુણ મોત નીપજ્યું છે.

મૃતક યુવકની ઓળખ મોહન વેગડા તરીકે થઈ છે. મોહન વેગડા પોતાની સ્વિફ્ટ કાર લઈને સોઢા તરફથી પસાર થઈ રહ્યો હતો. તે સમયે ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે સ્થાનિક નદી-નાળામાં પાણીનો પ્રવાહ અચાનક વધી ગયો હતો. બેઠો કોઝવે પાણીમાં ગરકાવ થઈ ગયો હતો અને ઉપરથી લગભગ ત્રણથી ચાર ફૂટ જેટલું પાણી વહી રહ્યું હતું.

સ્થાનિક લોકોએ જણાવ્યા અનુસાર, યુવકે પાણીના પ્રવાહનો અંદાજ લગાવ્યા વગર કાર કોઝવે પર લઈ લીધી હતી. કાર અડધે પહોંચતા જ પાણીના જોરદાર ધસમસાટમાં તેનું સંતુલન ગુમાવ્યું હતું અને જોતજોતામાં કાર પાણીમાં તણાવા લાગી હતી. પાણીનો પ્રવાહ એટલો તેજ હતો કે કારને કાબૂમાં લેવી મુશ્કેલ બની ગઈ હતી.

કાર તણાતા યુવક અંદર જ ફસાઈ ગયો હતો. તેણે બહાર નીકળવા માટે ભારે પ્રયાસો કર્યા હતા, પરંતુ દરવાજા લોક થઈ જતા અને પાણીનું દબાણ વધારે હોવાના કારણે તે બહાર નીકળી શક્યો ન હતો. આખરે કાર સહિત યુવક ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો.

આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકોએ તાત્કાલિક ચુડા પોલીસ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી.

ફાયર વિભાગના જવાનોએ ભારે જહેમત બાદ રેસ્ક્યુ ઓપરેશન શરૂ કર્યું હતું. પાણીનો પ્રવાહ તેજ હોવાના કારણે બચાવ કામગીરીમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. લગભગ બે કલાકની સતત મહેનત બાદ ફાયરની ટીમે કારને શોધી કાઢી હતી. ત્યારબાદ ક્રેનની મદદથી કારને બહાર કાઢવામાં આવી હતી. કારમાંથી મોહન વેગડાનો મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.

૯ જેટલા ફાયર કર્મીઓની ટીમે આ સમગ્ર રેસ્ક્યુ ઓપરેશન પાર પાડ્યું હતું. મૃતદેહને બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે ચુડા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

સૌરાષ્ટ્ર આસપાસ

# 'સોમનાથથી વડનગર બાઈક યાત્રા' :બાઈક યાત્રાને ઠેર-ઠેર આવકારી કળશમાં જળ અર્પણ કરતા ગ્રામજનો અને શહેરીજનો

## "વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલો જનસેવાનો યજ્ઞ રાજ્યમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આગળ વધારી રહ્યા છે:કુંવરજીભાઈ બાવળીયા



રાજકોટ: 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત ગોંડલથી પ્રસ્થાન થયેલી "સોમનાથથી વડનગર બાઈક યાત્રા" જસદણ તથા વિંછીયા પહોંચી હતી. જ્યાં આટકોટ, જસદણ તથા વિંછીયા ખાતે બહોળી સંખ્યામાં નાગરિકોએ ઉપસ્થિત રહી મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા, મંત્રીશ્રી રિવાબા જાડેજા તેમજ સાંસદશ્રી જીતેન્દ્રભાઈ કણજારીયા સહિત મહાનુભાવો અને બાઈક યાત્રામાં જોડાયેલા યુવાનોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

આ ઉપરાંત મોટા માંડવા, મોટા દડવા, લીલાપુર, હિંગોળગઢ, આટકોટ અને અમરાપુર સહિતના ગામોમાં ગ્રામજનોએ બાઈક યાત્રાનું સ્વાગત કરી યાત્રા-કળશમાં જળ અર્પણ કર્યું હતું. આ પ્રસંગે આટકોટ-જસદણ ખાતે મંત્રીશ્રીઓ તેમજ મહાનુભાવોએ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. વિંછીયા ખાતે મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા, મંત્રી શ્રી રિવાબા જાડેજા સહિત મહાનુભાવોએ તેમજ સ્કૂલની વિદ્યાર્થિનીઓએ યાત્રાનાં કળશમાં જળ અર્પણ કર્યું હતું.

આ તકે કેબિનેટ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, "વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં જનસેવાનાં કાર્યો થકી નાગરિકોની સુખાકારીમાં વધારો થઇ રહ્યો છે. ત્યારે વધુને વધુ નાગરિકોને વિવિધ યોજનાઓ થકી મળવાપાત્ર લાભ મળી રહે તે હેતુસર આ યાત્રા શરૂ કરવામાં આવી છે." તેમણે યાત્રાનો ઉદ્દેશ્ય સ્પષ્ટ કરતાં કહ્યું હતું કે, "વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે તેમણે શરૂ કરેલો જનસેવાનો આ યજ્ઞ વર્તમાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સફળતાપૂર્વક આગળ વધારી રહ્યા છે. જેના ફળસ્વરૂપે જસદણ અને વિંછીયાના છેવાડાના ગ્રામીણ વિસ્તારો સુધી જનકલ્યાણકારી યોજનાઓ પહોંચી છે." આ સાથે મંત્રીશ્રીએ યાત્રામાં જોડાયેલા યુવાનોનો ઉત્સાહ વધાર્યો હતો.

શિક્ષણ રાજ્યમંત્રી શ્રી રિવાબા જાડેજાએ સેવા, સુશાસન અને વિકાસના ૨૫ વર્ષના ઉપલક્ષમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકાસકાર્યોનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂત કલ્યાણકારી યોજનાઓ, શ્રમિક કલ્યાણ યોજનાઓ અને યુવા સ્વાવલંબન સહિતના અનેક પગલાં લઈને ગુજરાત અને દેશને સમૃદ્ધ બનાવવામાં મહત્વનું યોગદાન આપ્યું છે. તેમની દીર્ઘદ્રષ્ટિના કારણે શિક્ષણ, કૃષિ, આરોગ્ય, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ગ્રીન ગ્રોથ, પર્યાવરણનું જતન તેમજ ઔદ્યોગિક વિકાસ સહિતના તમામ ક્ષેત્રોમાં થયેલા અવિરત વિકાસકાર્યો દેશને વિકસિત ભારત તરફ આગળ ધપાવી રહ્યા છે.

મંત્રીશ્રીએ વિશેષમાં જણાવ્યું હતું કે, "વિકસિત ભારતના નિર્માણમાં નારી શક્તિ આગેકૂચ કરી રહી છે. દીકરીઓનું આર્થિક અને સામાજિક ઉત્થાન થાય તે માટે, રમતગમતનું મેદાન હોય કે ઉચ્ચ શિક્ષણ, રાજ્ય અને કેન્દ્ર સરકારે તેમને સક્ષમ મંચ પૂરું પાડ્યું છે. જેના પરિણામે આજની નારી 'ડ્રોન દીદી'થી લઈને 'ડી.આર.ડી.ઓ.' સુધી ઉચ્ચ કારકિર્દી ઘડીને કર્તવ્ય નિભાવી રહી છે." મંત્રીશ્રીએ બાઈક યાત્રામાં જોડાયેલા તમામ યુવાનોને અભિનંદન પાઠવ્યા હતા.

આ કાર્યક્રમમાં સરકારશ્રીની વિવિધ યોજનાઓના લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા; જેમાં મિશન મંગલમ યોજના, નમોશ્રી યોજના, આયુષ્યમાન ભારત કાર્ડ, પ્રધાનમંત્રી આવાસ યોજના તેમજ ખેડૂત કલ્યાણ યોજનાના લાભાર્થીઓ સામેલ હતા. આ પ્રસંગે સાંસદશ્રી જીતેન્દ્રભાઈ કણજારીયા સહિત મહાનુભાવોએ યાત્રામાં જોડાયેલા યુવાનોનો ઉત્સાહ વધાર્યો હતો. સમગ્ર માર્ગ દરમિયાન વિવિધ ગામોના અગ્રણીઓ, ગ્રામજનો, શહેરીજનો, હોદ્દેદારો તેમજ યુવાનોએ યાત્રાનું ભવ્ય સ્વાગત કર્યું હતું.-

# રોગચાળાના વધુ ૧૫૧૧ કેસઃ ડેંગ્યુ, ટાઈફોઈડ, કમળો ઉછળ્યા,ખતરનાક તાવના નિદાનમાં વધારો

## મચ્છર ઉત્પત્તિ બદલ ૩૨૨ મિલ્કત ધારકોને નોટીસ



રાજકોટ: રાજકોટ શહેરમાં ગત અઠવાડિયે ડબલ ઋતુ અને ભારે બફારાના વાતાવરણ વચ્ચે મચ્છરજન્ય રોગચાળો વધતો હોવાનું દેખાઈ રહ્યું છે. છેલ્લા દિવસોમાં ખતરનાક તાવ ડેંગ્યુના નવા બે કેસ બહાર આવ્યા છે. તો અન્ય ખતરનાક તાવના દર્દીઓ પણ વધ્યા છે અને અઠવાડિયામાં ૧૫૦૦થી વધુ નવા કેસ બહાર આવ્?યા છે.

આરોગ્ય અને મેલેરીયા શાખાએ જાહેર કરેલી વિગત મુજબ તા.૭-૯થી ૧૩-૯ સુધીના અઠવાડિયામાં ડેંગ્યુના બે દર્દી નોંધાયા છે તો ટાઈફોઈડના ત્રણ અને કમળાના એક નવા દર્દીની નોંધ થઈ છે. સપ્તાહમાં શરદી-ઉધરસના ૬૭૪, સામાન્ય તાવના ૬૩૩ અને ખોરાક પાણીજન્ય જેવા ઝાડા-ઉલ્ટીના ૧૯૮ કેસ ચોપડા પર ચડયા છે. આ રીતે સપ્તાહમાં કુલ ૧૫૧૧ નવા કેસ જાહેર થયા છે.

મનપા દ્વારા રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેકસ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો પર બાયલોઝ અંતર્ગત નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી ચાલી રહી છે જેમાં ૪૧૯ મિલ્કતોમાં તપાસ કરવામાં આવતા મચ્છર ઉત્પતિ સબબ રહેણાંકમાં ૨૫૧ અને કોર્મશીયલ ૭૧ આસામીને નોટીસ આપવામાં આવી છે.

શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ફિલ્ડ સ્ટાફ દ્વારા સર્વેલન્સની કામગીરીમાં કુલ ૨,૭૫,૭૭૩ જેટલી વસ્તીનો સર્વે કરવામાં આવેલ છે. આ દરમ્યાન કુલ ૬,૨૦૨ જેટલી ક્લોરીન ટેબ્લેટ તેમજ ૧૧૨૨ જેટલા ઓ.આર.એસ. પેકેટનું વિતરણ કરવામાં આવેલ છે અને કુલ ૨,૭૯૬ જેટલા આર.સી. ટેસ્ટ કરવામાં આવ્યાનું વિભાગે જણાવ્યું હતું.મેલેરીયા વિભાગના જણાવ્યા મુજબ ડેંગ્યુ એડીસ મચ્છર દિવસના સમયે કરડે છે અને એક સાથે વધુ લોકોને કરડતો હોવાથી, વધુ જનસમુદાય હોય તેવા સ્થળોએ આવા રોગ ફેલાવવાનો જોખમ વધુ રહે છે.

શહેરી વિસ્તારોમાં લોકોમાં સાફસફાઈના અભાવ, સ્વાસ્થય પ્રત્યે બેદરકારી અને માનવીય બેદરકારીથી સહેલાઈથી મચ્છરને પ્રજનન માટે મળી રહેતા ચોખ્ખા પાણીના પાત્રોને કારણે મચ્છરની ઉત્પતિ ઘણી વધી જાય છે.

# મોરબીના ખાખરળા પાસે શેડમાંથી ૧૫૦ મણ જીરૂની ચોરીના ગુનામાં એક આરોપી પકડાયો

મોરબી: મોરબીના ખાખરળા ગામે રહેતા ખેડૂતે પોતાનો જીરુંનો પાક આવ્યા બાદ તેને ગામની સીમમાં આવેલ બંધ પડેલી ઓઇલ મીલના શેડમાં મૂક્યો હતો ત્યાંથી ૧૫૦ મણ જીરૂના જથ્થાની ચોરી કરવામાં આવી હતી જેથી ૪,૫૦,૦૦૦ ની કિંમતના મુદ્દામાલની ચોરી થઈ હોવાની ભોગ બનેલ આધેડે મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ કરી હતી જે ગુનામાં પોલીસે વધુ એક આરોપીને પકડીને કોર્ટમાં રજૂ કરીને જેલ હવાલે કરેલ છે.

મોરબીના સનાળા રોડ ઉપર આવેલ ગુજરાત હાઉસિંગ બોર્ડમાં રહેતા હસમુખભાઈ લખમણભાઇ કોઠીયા (૫૫)એ અગાઉ અજાણ્યા શખ્સની સામે મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ચોરીની ફરિયાદ કરી હતી જેમાં જણાવ્યુ હતું કે, ખાખરાળા ગામે આવેલ તેઓની જમીન તથા ભાગવી રાખેલ જમીનમાં તેઓએ જીરુંનો પાક લીધો હતો અને જીરૂનો તૈયાર જથ્થો તેઓની પાસે રાખવા માટેની સગવડ ન હોવાથી તેમણે સાહેદ ભગવાનજીભાઈ ભવાનભાઇ સદાતીયાની બંધ પડેલ વિષ્ણુ ઓઇલમીલના શેડમાં રાખ્યો હતો અને ત્યાંથી ૧૫૦ મણ જીરૂના જથ્થાની ચોરી કરવામાં આવેલ છે.

જેથી ૪.૫૦ લાખ રૂપિયાની કિંમતના જીરૂની ચોરી થઈ હોવાની મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાઈ હતી અને આ ગુનાની તપાસમાં તાલુકા પોલીસે અગાઉ એક આરોપીની ધરપકડ કરી હતી અને હાલમાં આરોપી મહેન્દ્ર ઉર્ફે જુગી ઉર્ફે જીગો દદુંભાઈ ચાડમિયા (૨૮) રહે. રૂપાવટી તાલુકો વિછિયા વાળાની ધરપકડ કરી હતી અને તેને કોર્ટમાં રજૂ કરીને જેલ હવાલે કરવામાં આવેલ છે.

**જનાવર કરડી ગયું** :માળીયા મીયાણા તાલુકાના ચીખલી ગામ રહેતા ઈરફાનભાઇ તાજમહંમદ જામ (૨૭) નામનો યુવાન ઘરે હતો ત્યારે કોઈ જનાવર કરડી ગયું હતું જેથી તેને તાત્કાલિક સારવાર માટે મોરબીની આયુષ હોસ્પિટલ ખાતે લાવ્યા હતા અને ત્યા તેને સારવાર આપીને આ બનાવની પોલીસને જાણ કરવામાં આવી છે

**સાપ કરડી ગયો**:હળવદ તાલુકાના રાતાભે ગામે રહેતા પ્રકાશભાઈ રાઠોડની છ વર્ષની દીકરી પ્રેમીલા વાડીએ હતી ત્યારે ત્યાં સાપ કરડી ગયો હતો જેથી તેને તાત્કાલિક સારવાર માટે મોરબીની સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા અને ત્યાં તેને સારવાર આપીને આ બનાવની પોલીસને જાણ કરવામાં આવી છે.

# "સ્માર્ટ મીટર - સ્માર્ટ વપરાશ - સ્માર્ટ બચતઃસ્માર્ટ મીટર અપનાવવામાં રાજકોટ જિલ્લાની નોંધપાત્ર સિદ્ધિ : ૪૨ હજારથી વધુ ગ્રાહકો જોડાયા



## ટાઈમ ઓફ યુઝ યોજના અંતર્ગત સવારે ૧૧ થી સાંજે ૫ વાગ્યા સુધીના વીજ વપરાશ બદલ ગ્રાહકોને મળ્યું રૂ. ૧.૭૦ કરોડથી વધુનું વળતર

રાજકોટઃ પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ. (પી.જી.વી.સી.એલ.) દ્વારા વીજ ગ્રાહકોને આધુનિક, પારદર્શક અને સુવિધાજનક વીજ સેવા પૂરી પાડવાના હેતુથી સમગ્ર પશ્ચિમ ગુજરાત વીજ ઝોનમાં સ્માર્ટ મીટર સ્થાપનની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં પશ્ચિમ ગુજરાત વીજ વિસ્તારમાં ૮.૨૦ લાખથી વધુ સ્માર્ટ મીટર સ્થાપિત કરવામાં આવ્યા છે.

રાજકોટ ગ્રામ્ય વર્તુળ કચેરી હેઠળ પણ સ્માર્ટ મીટર સ્થાપનની કામગીરી વિવિધ ડિવિઝનોમાં વેગવંતી બની છે. કચેરી દ્વારા જણાવ્યા મુજબ, રાજકોટ ગ્રામ્ય વર્તુળ વિસ્તારમાં ૪૨,૦૦૦થી વધુ ગ્રાહકોએ સ્માર્ટ મીટર અપનાવ્યાં છે, જેમાં ધોરાજીમાં ૧૦,૧૦૦, ગોંડલમાં ૧૧,૦૦૦, જસદણમાં ૮,૪૦૦, જેતપુરમાં ૪.૮૫૦ તથા રૂરલ ડિવિઝનમાં ૭,૮૫૦ ગ્રાહકોનો સમાવેશ થાય છે.

સ્માર્ટ મીટર અપનાવનાર ગ્રાહકો માટે ટાઈમ ઓફ યુઝ યોજના ખાસ લાભદાયી બની રહી છે. GERCના વર્ષ ૨૦૬-૨૭ના ટેરિફ ઓર્ડર મુજબ પાત્ર સ્માર્ટ મીટર ધરાવતા ગ્રાહકોને સવારે ૧૧:૦૦ થી સાંજે ૫:૦૦ વાગ્યા સુધીના સમયગાળામાં વીજ વપરાશ કરવા બદલ રૂ. ૦.૬૦ પ્રતિ યુનિટનું વળતર આપવામાં આવે છે.આ વ્યવસ્થાથી ગ્રાહકો પોતાના વીજ વપરાશનો સમય યોગ્ય રીતે નક્કી કરીને વીજ બિલમાં બચત કરી શકે છે. ખાસ કરીને વોશિંગ મશીન પાણીની મોટર તથા અન્ય વીજ ઉપકરણોનો વપરાશ શક્ય હોય ત્યાં સુધી સમયગાળા દરમિયાન કરવાથી ગ્રાહકોને આ ડિસ્કાઉન્ટનો લાભ મળી શકે છે.

રાજકોટ ગ્રામ્ય વર્તુળ કચેરી હેઠળ એપ્રિલ-૨૦૬થી ઓગસ્ટ-૨૦૨૬ દરમિયાન TOU હેઠળ ૨૩,૮૦૦થી વધુ સ્માર્ટ મીટર અપનાવનાર ગ્રાહકોને રૂ. ૧.૭૦ કરોડથી વધુનું ડિસ્કાઉન્ટ વીજ બિલમાં આપવામાં આવ્યું છે.આ આંકડા દર્શાવે છે કે, સ્માર્ટ મીટર ગ્રાહકો માટે માત્ર વીજ વપરાશ માપવાનું આધુનિક સાધન જ નહી પરંતુ વીજ વપરાશને યોગ્ય સમયે સુનિયોજિત કરીને બિલમાં બચત મેળવવાનું અસરકારક માધ્યમ પણ બની રહ્યું છે.

પી.જી.વી.સી.એલ. સ્માર્ટ મીટર એપ દ્વારા ગ્રાહકો પોતાના વીજ વપરાશ અને બિલ સંબંધિત માહિતી સરળતાથી મેળવી શકે છે. એપમાં વીજ વપરાશની વિગતો, બિલ તથા પેમેન્ટ હિસ્ટ્રી જેવી સુવિધાઓ ઉપલબ્ધ હોવાથી ગ્રાહકો પોતાના વપરાશની પેટર્નને વધુ સારી રીતે સમજી શકે છે.સ્માર્ટ મીટર દ્વારા કયા સમયે કેટલો વીજ વપરાશ થાય છે તેની માહિતી ઉપલબ્ધ થતાં ગ્રાહકો પોતાના વીજ વપરાશને વધુ વ્યવસ્થિત કરી શકે છે અને ઊર્જા બચત તરફ આગળ વધી શકે છે.પી.જી. વી.સી.એલ. રાજકોટ ગ્રામ્ય વર્તુળના તમામ ગ્રાહકોને સ્માર્ટ મીટર સ્થાપન કામગીરીમાં સહકાર આપવા તથા TOU ના સમયગાળા દરમિયાન વીજ વપરાશ કરીને ઉપલબ્ધ ડિસ્કાઉન્ટનો મહત્તમ લાભ લેવા કચેરી દ્વારા અપીલ કરવામાં આવી છે.

# પ્રેમલગ્ન કરનાર પરિણીતાને અમાનુષી ત્રાસ : પતિ સહિતના સાસરીયાઓએ મારમાર્યો

રાજકોટ:ઉપલેટામાં રહેતી ૩૨ વર્ષીય પરિણીતાને સસરિયાઓ તરફથી અમાનુષી ત્રાસ મળતા અંતે પતિ સહિત ચાર સાસરિયાં સામે શારીરિક તથા માનસિક ત્રાસ આપ્યાની ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ શરૂ કરી છે. પ્રેમલગ્ન કરનાર પરિણીતાને તને જમવાનું બનાવતા આવડતું નથી કહી ત્રાસ આપતા હતાં.

બનાવ અંગે ઉપલેટા રહેતી પ્રિયંકાબેન (ઉ.વ.૩૨) નામની પરિણીતાએ આરોપી તરીકે પતિ ઓસ્માણભાઈ ઉર્ફે આસીફભાઈ હાજીભાઈ હિંગોરા, સસરા હાજીભાઈ ઓસ્માણભાઈ હિંગોરા, જેઠ ઈશા ઉર્ફે ચુક્કુ હાજીભાઈ હિંગોરા અને જેઠાણી રીજવાનાબેન ઈશાભાઈ હિંગોરા (રહે. બધા પાટણવાવ રોડ,સ્ટાર રેસીડેન્સી,ઉપલેટા) ના જણાવ્યા મુજબ તેમણે ૧૨ વર્ષ પૂર્વે ઓસ્માણ સાથે પ્રેમલગ્ન કર્યા હતાં. લગ્નજીવન દરમિયાન બે દીકરીઓનો જન્મ થયો છે. લગ્ન બાદથી જ પતિ તથા સાસરિયાં તરફથી અવારનવાર ત્રાસ આપવામાં આવતો હતો. પતિ ઘરકામ બાબતે તથા તને જમવાનું બનાવતા આવડતુ નથી કહી ગાળો બોલી મારકૂટ કરતા હોવા ઉપરાંત સસરા, જેઠ અને અન્ય સાસરિયાંના સભ્યો પતિને ચડામણી કરતા હતાં.

# વધુ એક નકલી ઓફિસર : કારખાનેદારને શ્રમ અધિકારીની ઓળખ આપી રૂ.૧૦હજાર પડાવી લીધા

## સચીવાલયમાંથી શ્રમ ઓફીસર ડી.કે.પટેલ સાહેબ બોલુ છુ, તમારો રાજકોટથી રીપોર્ટ આવેલ છે, કારખાનાનો ક્લોજર નોટીસનો રીપોર્ટ હળવો બનાવવા ૪૦ હજાર માંગ્યાઃ જેતપુર રૂબરૂ આવી ૧૦ હજાર પડાવી ફોન સ્વીચઓફ કરી નાંખ્યો, ખંડણીનો ગુનો નોંધાયો

રાજકોટ:રાજયભરમાં નકલીની ભરમાર લાગી છે. જેમાં નકલી સરકારી અધિકારીઓ તો બિલાડીના ટોપની જેમ નીકળી પડ્યા છે. પટાવાળાથી આઈએએસ સુધીના અધિકારીઓ પકડાઈ રહ્યાં છે. ત્યારે હવે જેતપુરમાં કારખાનેદારને શ્રમ અધિકારીની ઓળખ આપી રૂ.૧૦ હજાર પડાવી લેવાનો બનાવ સામે આવતાં પોલીસ ફરીયાદ નોંધાઈ છે. , હું ગાંધીનગર સચીવાલયમાંથી શ્રમ ઓફીસર ડી.કે.પટેલ સાહેબ બોલુ છુ, તમારો રાજકોટથી રીપોર્ટ આવેલ છે, કારખાનાનો ક્લોજર નોટીસનો રીપોર્ટ હળવો બનાવવા રૂપીયા પડાવી લીધા હતાં.

બનાવ અંગે જેતપુરમાં કણકીયા પ્લોટ, શારદા મંદીર સ્કુલની બાજુમાં રહેતાં મીત મનુસુખભાઈ ભુવા (ઉ.વ.૨૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ગાંધીનગર સચિવાલયના શ્રમ ઓફિસર તરીકેની ઓળખ આપનાર ડી. કે.પટેલ નામના શખ્સનું નામ આપતાં જેતપુર ઉદ્યોગનગર પોલીસે આકરી કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓને જેતપુરમાં ભાદરના સામાકાઠે, નંદાણીયાનગરમાં શિવ ફીનીસીંગ નામનું સાડી ફીનીસીગનું કારખાનું આવેલ છે. ગઇ તા.૨૨/૦૫ ના કારખાનામાં સરકારી શ્રમ અધિકારી તથા પોલીસ વિભાગના માણસોએ ચેકીંગ કરી કારખાનામાં કામ કરતા ૮ બાળ મજુરો મળી આવાતા જે અંગે તેઓ ઉપર બાળકો પાસે બાળ મજુરી કરાવા અંગે જેતપુર ઉદ્યોગનગર પોલીસ મથકે ફરીયાદ થયેલ હતી. જે કેસમાં પોલીસ સ્ટેશન ખાતેથી જામીન મળેલ હતા.

જે બાદ તા ૨૬/૦૫ ના રોજ ફોન આવેલ કે, ગાંધીનગર સચીવાલયમાંથી શ્રમ ઓફીસર ડી.કે.પટેલ સાહેબ બોલુ છુ, તમારો રાજકોટથી રીપોર્ટ આવેલ છે, તમારા કારખાનામાંથી ૮ બાળ મજુરો પકડાયેલ છે, જે અંગે તમારા કારખાનાનો ક્લોજર નોટીસનો રીપોર્ટ બનાવવાનો છે, તમો કહેતા હોય તો હળવો રીપોર્ટ બનાવી આપુ, પરંતુ તમારે વહીવટ કરીને રૂ.૪૦ હજાર આપવા પડશે. જેથી ફરીયાદીએ કહેલ કે, એટલા બધા થોડા હોય તો તેઓએ કહેલ કે,




તમારા કારખાનામાં ૮ બાળ મજુરોને રાખેલ હતા, તેનો હું રીપોર્ટ કરૂ તો તમારૂ કારખાનુ ૯૦ દિવસ માટે બંધ રહેશે.જેથી ફરીયાદી ગભરાઇ ગયેલ અને થોડી વારમાં ફોન કરવા માટે જણાવેલ હતું. થોડીવાર બાદ વોટ્સએપ વોઇસ કોલ આવેલ અને વાત કરેલ કે, મને રૂ.૪૦ હજાર આપી દો, તો હું તમારો ક્લોજર રીપોર્ટ નહી બનાવુ જેથી તેને રૂપીયા આપવા માટે સંમતી આપેલ તો તેઓએ કહેલ કે, હું જેતપુર રૂબરૂ આવીને તમને મળીશ.

બે દિવસ બાદ તા.૨૮ ના તેઓ કારખાને હાજર હતા.ત્યારે આ ડી.કે.પટેલનો વોટ્સઅપ કોલ આવેલ કે, હુ અહી જેતપુર ભાદરના સામાકાઠે તમારા કારખાના પાસે રોડ ઉપર ઉભેલ છુ, તમે અહી આવો જેથીતેઓ તથા મીત્ર જીતેન્દ્રભાઇ બન્ને જણા બહાર નીકળી જોયુ તો એક આશરે ૫૫ વર્ષની ઉંમરના એક ભાઇ વ્યવસ્થીત કપડા પહેરી ઉભેલ હોય, તેની પાસે ગયો તો તેઓએ ડી.કે. પટેલ સાહેબ હોવાની ઓળખ આપી, ગાંધીનગર સચીવાલયમાં શ્રમ વિભાગમાં ઓફીસર તરીકે નોકરી કરે છે કહી કારખાનેદારને કડક કાર્યવાહી કરવાનું કહી ભયભીત કર્યા હતાં.

ફરીયાદીએ કહેલ મારે આવી રીતે હેરાન નથી થવુ આપ જેમ કહેશો તેમ હુ કરીશ તેવી કહેતા આ ડી.કે.પટેલએ રૂ.૪૦ હજારની માંગણી કરેલ તો તેને કહેલ કે, હાલ મારી પાસે આટલા રૂપીયા તો નથી, મારી પાસે રોકડા ૧૦ હજાર છે, તમે કહેતા હોય તો તે આપી દવ અને બાકીના રૂપીયા મારા કારખાનાનો નીલ રીપોર્ટ આપી દયો પછી આપીશ. તેમ કહેતા તેઓએ કહેલ કે, કોઇ વાંધો નહી અત્યારે ૧૦ હજાર આપી દો બાકીના રૂપીયા તમારા કારખાનાનો નીલ રીપોર્ટ આપી દીધા પછી આગંડીયા મારફતે મોકલી આપજો.જેથી ફરીયાદીએ આરોપીને રોકડા રૂ.૧૦ આપેલ હતા. બાદ ડી.કે.પટેલને તેના વોટ્સઅપ નંબરથી અનેક વખત કોન્ટેક કરેલ પરંતુ તેઓએ ફોનના કોઇ જવાબ આપેલ નહી, જેથી થયેલ કે આ શખ્સ સાહેબ તરીકે ઓળખાણ આપેલ તેવુ કોઇ સચીવાલય નોકરી કરતા નહી હોય અને આ વ્યક્તીએ કારખાનામાં બાળકો પાસે અસહનીય મજુરી કામ કરાવી તેઓના મૃત્યુ થઇ શકે તેવો ભય બતાવી બળજબરીથી રૂ.૧૦ હજાર પડાવી લેતાં ફરીયાદ નોંધાવી હતી. ૫૫ વર્ષના ગઠિયાએ ફરીયાદીને કહ્યું કે, કારખાનામાં જે બાળકો મજુરી કરતા પકડાયેલ તેમા બાળકોની તસ્કરી કરી તમારા કારખાને ગોંધી રાખેલ હોય અને તેવા બાળકો પાસે તમો દિવસ દરમ્યાન ૨૦-૨૦ કલાક અસહનીય મજુરી કામ કરાવો છો અને પુરતુ જમવાનુ આપતા નથી.

તેવી સ્થીતીમાં બાળકોનુ મૃત્યુ પણ થઇ શકે તેમ હોય જેથી મારે તમારા ગુનામાં કલમનો ઉમેરાનો રીપોર્ટ આપવો પડશે. જેથી તમારી આખી જીંદગી જેલમાં જશે અને તમારો પરીવાર હેરાન પરેશાન થઇ જશે. તેમ બાળકોના મૃત્યુનો ડર બતાવેલ હતો.

# મોરબીના બેલા ગામે અજાણ્યા યુવાનની લાશ મળી, જાણકારી હોય તો પોલીસને જણાવવા અપીલ



મોરબી:મોરબી તાલુકાના બેલા ગામની સીમમાં આવેલ કારખાના પાસેથી અજાણ્યા યુવાનની લાશ મળી હતી.હાલ આ મૃતક યુવાનનની ઓળખ થઈ શકી ન હોય પોલીસ દ્વારા તેનો ફોટો જાહેર કરીને મૃતક અંગે કોઈને માહિતી હોય તો જાણકારી આપવા માટે અપીલ કરવામાં આવી છે.

મોરબી તાલુકા પોલીસ સ્ટેશનના અકસ્માત મોત નંબર ૦૧૬૬/૨૦૨૬ માં મરણ જનાર અજાણ્યો પુરૂષ ઉમર વર્ષ આશરે ૩૦ થી ૩૫ વર્ષ કે જેણે કાળા કલરનું પેન્ટ પહેરેલ છે.તેની તા.૧૨-૯-૨૬ ના કલાક ૧૨:૧૫ વાગ્યા પહેલા કોઈપણ સમયે મોરબી તાલુકાના બેલા ગામની સીમ સ્માર્ટી ગૌડાઉન કારખાનાની બાજુમાં જાહેરમાં લાશ મળી આવતા બનાવ સ્થળે ઈન્કવેસ્ટ કાગળો કરી પોસ્ટમોર્ટમ માટે મોરબી સરકારી હોસ્પીટલ ખાતે મોરબી સરકારી હોસ્પીટલના ડો.સાહેબે લાશનું પોસ્ટમોર્ટમ તા.૧૨-૯ ના પી.એમ. કરવામાં આવેલ છે જે અજાણી લાશની ઓળખ થયેલી ન હોય જો કોઈને આ બાબતે કોઈપણ પ્રકારની જાણકારી હોય તો મોરબી તાલુકા પોલીસ સ્ટેશન (મો.૬૩૫૯૬ ૨૬૦૬૬) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયેલ છે.

**રાજકોટ મહાનગરપાલિકા**

**એસ્ટેટ વિભાગ**

આગામી નવરાત્રિના તહેવાર નિમિત્તે રાસોત્સવ માટે રાજકોટ મહાનગરપાલિકાની માલિકીના રેસકોર્ષ ગ્રાઉન્ડ તથા અન્ય પ્લોટ ભાડે આપવાના હોવાથી આ કામે રસ ધરવાતી વ્યક્તિઓ પાસેથી સીલબંધ ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે. આ કામનું ટેન્ડર www.rmc.gov.in પરથી તા.૧૬/૦૯/૨૦૨૬ થી તા.૨૫/૦૯/૨૦૨૬ સુધી મળી શકશે. આ કામે પ્રિબિડ મીટીંગ તા.૨૧/૦૯/૨૦૨૬ ના રોજ ૧૧:૩૦ કલાકે રાખવામાં આવેલ છે. આ કામે ભરેલ ટેન્ડર ભાવપત્રક તથા ટેન્ડર ફી અને ઈ.એમ.ડી.ના ડી.ડી. સાથે તા.૩૦/૦૯/૨૦૨૬ સુધીમાં એસ્ટેટ વિભાગ રૂમ નં.૧૦, ત્રીજો માળ, ડો.આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૧ ખાતે રજી.એડી./સ્પીડપોસ્ટથી મોકલી આપવાના રહેશે.

(સહી) નાયબ કમિશ્નર

રાજકોટ મહાનગરાપાલિકા

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## કાયદાકીય સમાનતા અને સેવાયજ્ઞ : નવા ભારતની દિશા

દેશના રાજકીય અને સામાજિક પરિવર્તન સામે જોઈએ ત્યારે એક વાત સ્પષ્ટ થાય છે. કાયદાકીય એકરૂપતા હવે સમયની જરૂરિયાત બની છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મુંબઈમાં કરેલી જાહેરાતને આ સંદર્ભમાં જોવી જોઈએ. ૨૦૨૯ સુધીમાં ૨૧ એનડીએ શાસિત રાજ્યોમાં સમાન નાગરિક સંહિતા લાગુ કરવાનો સંકલ્પ માત્ર રાજકીય ભાષણ નથી. તે રાષ્ટ્રનિર્માણ તરફનું મહત્ત્વનું પગલું છે.ભારતની ઓળખ વિવિધતામાં એકતા છે. આ વાત સાચી છે. પરંતુ કાયદાના ક્ષેત્રે સમાનતા પણ એટલી જ જરૂરી છે. આજે કેટલાક રાજ્યોમાં યુસીસી અમલમાં આવી ચૂક્યો છે. બાકીના રાજ્યોમાં પણ તેને લાગુ કરવો જોઈએ. આનાથી દરેક નાગરિકને સમાન કાયદાકીય રક્ષા મળશે. કાયદાકીય પ્રક્રિયાઓ પણ સરળ બનશે.લગ્ન, વારસાઈ અને દત્તક જેવી બાબતોમાં એકસમાન કાયદો હશે તો સામાજિક અસમાનતા ઘટશે. ભેદભાવ દૂર થવામાં મદદ મળશે. ન્યાયિક પ્રક્રિયામાં પણ ઝડપ આવશે. જુદા જુદા કાયદાઓને કારણે ઊભી થતી મુશ્કેલીઓ દૂર થશે. સમાન નાગરિક સંહિતા માત્ર કાયદાકીય સુધારો નથી. તે સામાજિક ન્યાય અને રાષ્ટ્રીય એકતાનો પાયો છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સાર્વજનિક જીવનના ૨૫ વર્ષ પૂરા થવાના પ્રસંગે 'સેવા સંકલ્પ અભિયાન'ની જાહેરાત થઈ છે. આ પણ મહત્ત્વની ઘટના છે. ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર સુધી આ અભિયાન ચાલશે. તેનો ઉદ્દેશ માત્ર ઉજવણી કરવાનો નથી. ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યમાં લોકોની ભાગીદારી વધારવાનો છે. 'જન સેવા એ જ પ્રભુ સેવા'નું સૂત્ર આપણને યાદ અપાવે છે. સત્તાનો ખરો ઉપયોગ જનસેવા માટે થવો જોઈએ.૨૦૧૪થી ૨૦૨૬ના સમયગાળામાં દેશના રાજકારણમાં મોટો બદલાવ આવ્યો છે. ભ્રષ્ટાચાર, જાતિવાદ અને પરિવારવાદ જેવી સામાજિક બીમારીઓ સામે સરકારે નિર્ણાયક પગલાં ભર્યા છે. હવે પરફોર્મન્સના આધારે રાજકારણ ચાલે છે. આ સ્વાગત્ય છે. આ બદલાવને કારણે લોકોમાં સરકાર પ્રત્યે વિશ્વાસ વધ્યો છે. લોકો પોતાના અધિકારો માટે જાગૃત થયા છે. ભ્રષ્ટાચારમુક્ત વ્યવસ્થા લોકશાહીની મજબૂતાઈ દર્શાવે છે. આ દિશામાં થયેલા પ્રયાસો દેશને નવી ઊંચાઈઓ પર લઈ જશે. જ્યારે નાગરિકોને ખાતરી થાય કે તેમની સાથે ન્યાય થાય છે, ત્યારે તેઓ દેશના વિકાસમાં પૂરા મનથી ભાગ લે છે.રક્ષા ક્ષેત્રે પણ મહત્ત્વના ફેરફાર થયા છે. સર્જિકલ સ્ટ્રાઈકથી લઈ ઓપરેશન સિંદૂર સુધીની ઘટનાઓએ દર્શાવ્યું છે કે દેશની રક્ષા નીતિ મજબૂત બની છે. હવે હુમલો કરતા પહેલાં બે વાર વિચારવું પડે છે. આ આત્મવિશ્વાસ દરેક નાગરિક માટે ગર્વની વાત છે. સરહદો પરની સુરક્ષા મજબૂત થઈ છે. સૈનિકોને આધુનિક શસ્ત્રો અને સાધનો મળ્યા છે. આતંકવાદ સામેની લડાઈમાં પણ દેશે સફળતા મેળવી છે. નાગરિકોમાં સુરક્ષાની ભાવના વધી છે. આ સુધારાઓ દર્શાવે છે કે દેશની સાર્વભૌમત્તા અને અખંડિતતાની રક્ષા માટે સરકાર પ્રતિબદ્ધ છે.સેવા સંકલ્પ અભિયાન હેઠળ ઘણી પ્રવૃત્તિઓ યોજાશે. રક્તદાન, દીપ પ્રજ્વલન, પેઇન્ટિંગ અને વક્તૃત્વ સ્પર્ધાઓ લોકોને જોડશે. વડનગરથી વારાણસી સુધીની મોટરસાયકલ યાત્રા પણ થશે. વિશ્વની સૌથી મોટી સામૂહિક રંગોળીનું આયોજન પણ થશે. આ પ્રવૃત્તિઓ અભિયાનને યાદગાર બનાવશે. આ પ્રકારની ઘટનાઓ માત્ર ઉજવણી પૂરતી મર્યાદિત રહેતી નથી. તે લોકોમાં એકતા અને ભાઈચારાની ભાવના પ્રગટાવે છે.

# પ્રેમજી અને લવજી

**એક ગામડાના બે પાક્કા ભાઈબંધ પૈકી એકનું ભણતર ઊંચું અને બીજાનું સાવ નીચું પણ ઓછા ભણતરવાળાની વાતમાં સાવ સચ્ચાઈ અને ચોખ્ખાઈ એટલે સૌએ તેને ગાંડો ગણીને મજાકનું પાત્ર બનાવી દીધું**

### અલપ ઝલપ
-ડો. મનહર ઠાકર








પોતાના વતન નાના ગામડામાં પ્રેમજીને શહેરથી આવવાનું થાય ત્યારથી માંડી પાછા જવાનું થાય ત્યાં સુધી લવજી એની સાથે જ હોય. બંને સરખી ઉંમરના. એકબીજાને તુંકારો કરે. બંને પાકા ભાઈબંધ. પ્રેમજી તો કેટલુંય ભણેલો અને લવજી બે ચોપડી પાસ. એની ભાઈબંધીને ભણતર સાથે શી લેવા દેવા ?

લવજીને ભણેલાં-ગણેલાં તરફ બહું આદર રહેતો. એ પોતે ઝાઝું ભણી ન શક્યો. એનું મગજ બહું ચાલતું નથી એવું નિશાળના માસ્તરો કહેતા. ભોળિયો બહુ. મનમાં સહેજેય પાપ નહી. એના ભોળપણને લીધે ગામના લગભગ બધાં એની ઠઠ્ઠામશ્કરી કર્યા કરે. પણ તે બહું મન પર ન લે. બધું હસી કાઢે. એના ઘરમાં એના બાપા ઘણું સમજાવતા રહે. પણ આ જણ તો એવો ને એવો. પ્રેમજી એની મજાક ન કરે. આત્મીયતાથી વાતો કરે. એટલે એ તેના તરફ ઢળેલો રહે. પ્રેમજી એને કહે કે "આ ગામમાં મારા કેટલાંક ભાઈબંધો છે, પણ પાક્કો ભાઈબંધ તો તું જ છે !"

આવું સાંભળીને એ રાજી રાજી થઈ જાય. ને નહી ભણ્યાનો એનો વસવસો ઓછો થઈ જાય. ' ગામનાં હંધા કરતાં ઝાઝુ ભણેલાં ભાઈબંધનો હું પાક્કો ભાઈબંધ છું -એવું તે બધાને કહેતો ફરે. એ વાતેય મશ્કરી થાય. ' ક્યાં કળાયેલ મોર અને ક્યાં આ કાળો કાગડો ! ' આવું આવું સાંભળી એ પ્રેમજીને ફરિયાદ કરવા લાગે.

પ્રેમજી હસીને કહે, " તું મનમાં ન લે. તારે કોઈને આવું કહેવું નહી. આપણી ભાઈબંધીની વાત કંઈ કોઈને કહ્યાં કરવાની વાત થોડી છે ?"

"ઈ વાત ખરી." માથું ખંજવાળીને લવજી બોલે. "આનો કાંઈ ઢંઢેરો નો પિટાય ! પણ પ્રેમજી, ઈ તને કળાયેલ મોર કે' ઈ કાંક ઠીક કે'વાય, પણ મને કાળો કાગડો હુ લેવાને કે' સે ? હું કાંય કાળા કાગડા જેવો સુ ?"

" એ બધા ભલે ગમે તે કહે. કોઈના કહેવાથી તું કાળો કાગડો થોડો થઈ ગયો ?"

"ના, નથ થ્યો." લવજીના ચહેરા પર નિર્દોષતા રમવા લાગે.

"બસ ત્યારે, જલસા કરને !" પ્રેમજી એનો વાંસો થાબડતો. તેને એની સાથેના વ્યવહારમાં આત્મીયતા રહેતી, એનાથી લવજી અડધો અડધો થઈ જતો.

" જો, પ્રેમજી ! આપણે બેય કાંઈ કળાયેલો મોર નથ્ય ને કાળો કાગડો ય નથ્ય. પણ હાસું કવ ? મુને ઈમ લાગે સ કે તું સો કૃષ્ણ ને હું સુ સુદામો." કહીને એ ખડખડાટ હસી પડ્યો.

"ભાઈ, તું તો સુદામો નથી. પણ મને કૃષ્ણ કહે એ પણ જરાય બરાબર ન કહેવાય. કૃષ્ણ પાસે તો આપણે બધાં ગગા કહેવાઈએ."

હસી પડતા લવજી કહે, " તું ય ખરો સો હો પ્રેમજી, દાંત આવે એવી વાત કરે સો પછી મને કોક દિ' આ વાત હાંભરશે ને હું દાંત કાઢવા મંડીશ ને, તો મુને ગાંડો ગાંડો કીધા કરે સ ઈ કાંક હાસું પડી જાહે."

"તારે ગામની ચિંતા નહી કરવાની, લવજી ! તું ભલોને તારું કામ ભલું.'

"ઈ વાતે ય હાસી. પણ જો હુ હરખું ભણ્યો હોત ને, પ્રેમજી ! તો ઈ હંધાયને હું કાંક હમજાવીને કંઈક તો કહેત."

"તારે કોઈને કશું સમજાવવાની જરૂર નથી લવજી, તારી મશ્કરી કરનારા કંઈ એવા મોટાં ભણેશરી નથી કે તારે શરમાવું પડે !"

"હા, ઈ હાસું." લવજી માથું હલાવતાં બોલ્યો. થોડીવાર એ વિચારમાં પડી ગયો. એના મુખભાવો ભરત નિહાળતો રહે. ત્યાં લવજી એકાએક બોલ્યો, "હેં પ્રેમજી ! તું ક્યાં લગી ભણ્યો ?"

"હું પીએચ.ડી. છું."

એ મુંઝવણમાં પડી જાય. કશું સમજાય નહી. "ઈ હુ કીધું ? કેવું જબરું !"

પ્રેમજી ખડખડાટ હસી પડે. "હાઈસ્કુલમાં બાર ધોરણ પછી કૉલેજ જવાનું હોય. ત્યાં ત્રણ વર્ષ ભણવાનું. એમાં પાસ થઈ જઈએ એટલે એને અંગ્રેજીમાં ગ્રેજ્યુએટ કહેવાય. પછી બે વરસ વધારાના એને માસ્ટર કહેવાય અને પછી સંશોધન કરવામાં ત્રણેક વરસ થાય ત્યારે પીએચ.ડી. થવાય. એને ડૉક્ટરેટ ઑફ ફિલોસોફીની ડિગ્રી કહેવાય !"

વળી એ કશુંક વિચારવા લાગે. પછી બોલે, "હેં પ્રેમજી ! મારે ય તારી ઘોડે આવું થાવું હોય તો?" લવજીની વાતે પ્રેમજીને એટલું બધું હસવું આવે કે ખાળી શકાય નહી. લવજી સહેજ છોભીલો પડી જાય. પણ પછી એ ય પ્રેમજી સાથે હસવામાં જોડાઈ જાય.

"જો, પ્રેમલા, હંધાય મારી મશ્કરી કરે. પણ હું પોતે જ મારી મશ્કરી કરવા માંડયો, કાં ? પણ જો, તારી જેવું બોલતા આવડી જાય ને તો મજો પડી જાય, હોં!"

"મારા જેવું એટલે કેવું ?"

"હંધુ હાસુ હાસુ ને સોખ્ખું સોખ્ખું બોલવાનું."

" તારું બોલવાનું બધું સાચું સાચું અને ચોખ્ખે ચોખ્ખું જ છે, હો ! કારણકે તને ખોટું ખોટું અને ગોબરું ગોબરું બોલતા આવડતું જ નથી."

" હં..., અટલે જ આખું ગામ મુને ગાંડો ગણે સ....

# એગ્રો વેસ્ટ અને સીટી વેસ્ટ ઉપર નભતી બકરીનો ઉછેર સફળ ગૃહઉદ્યોગ બની રહ્યો છે

### વિકાસ અને વિકલ્પ
-ડૉ. નાનક ભટ્ટ

'ફાઓ'ના અહેવાલ મુજબ દુનિયાના ૪૨ ટકા લોકો બકરીના દૂધનો ઉપયોગ કરે છે. ઓછી મૂડી, ઓછી જમીન અને ઓછા ચારા ઉપર નિભાવ કરતી બકરી કુટુંબનાં બાળકો અને વૃદ્ધો સાથે સરળ રીતે મૈત્રી કરી શકતું દુધાળું પ્રાણી છે. વર્ષમાં ૧૭૦થી ૩૨૦ લિટર દૂધ આપતી બકરીની યોગ્ય માવજત થઈ શકે અને તેના જૈવિક ગુણધર્મમાં ફેરફાર કરતાં તે વર્ષમાં ૨૬૦ દિવસ સુધી દૂધ આપી શકે છે. વૃક્ષનાં પાન, થડ અને પ્રકાંડ ખાઈ શકતી બકરી સાથે કોઈ પણ પ્રકારની માનવીય લાગણીઓ જોડાયેલ ન હોઈ તે પાળવામાં અને વેચી નાંખવામાં પણ સરળ રહે છે.

ગુજરાત જેવા દૂધની ખેતી માટે જાણીતા પ્રદેશોમાં પણ આજે ૫૮ ટકા ખેડૂતો નાના અને સીમાંત કદના છે. તેમની પાસે ખેતઉદ્યોગમાં ટકી રહેવા જેટલી જમીન, પાણી અને મૂડી નથી આથી તેઓ પોતાના ખેતરમાં ઊંચું ઘાસ કે ચારો ઉગાડી શકતા નથી. આ સ્થિતિમાં મામુલી નિભાવખર્ચમાં પાળી શકાતી ૬ થી ૮ બકરીઓ એક વર્ષ થતાં દર સાડા પાંચ મહિને ૨ થી ૪ બચ્ચાં આપે છે. એક એકર જેટલી જમીન પર અત્યંત ઓછા પાણીથી ઉછરતા સુ-બાવળ(લ્યુસીના)નાં નાના કદનાં ૧,૦૦૦ વૃક્ષો ઉછેરી ખેડૂત અને ખેત મજુર કુટુંબ બકરીનું ઝુંડ પાળી શકાય છે.પ્રોટીન યુક્ત સુ-બાવળના પાન ખાતી બકરી સરેરાશ દોઢ લીટર દૂધ આપે છે. આ દૂધમાં ફેટનું પ્રમાણ ઓછું અને પ્રોટીન અને મિનરલ્સનું પ્રમાણ વધુ હોઈ બાળકોના આરોગ્ય માટે સર્વશ્રેષ્ઠ રહે છે. દિવસમાં એક કરતાં વધુ વખત દોહી શકાતી બકરી તાજાં જન્મેલાં બાળકો માટે માતાના દૂધની ગરજ સારે છે. ઉપરાંત ઘટ્ટ કરેલું દૂધ માવા સ્વરૂપે ફુડ વેલ્યુ એડીશન માટેનો કાચો માલ બને છે.

૨૮ થી ૩૦ કિલોનું વજન ધરાવતી પુખ્ત વયની બકરી પોતાના સમગ્ર શરીરનું વજન જમીનના અઢીથી ત્રણ ઈંચના ભાગ ઉપર કેન્દ્રિત કરી ચાલતી હોઈ, ઘાસના મૂળને સખત રીતે દાબી દે છે અથવા તોડી નાંખે છે. તે પ્રકારે તેના લંબગોળ મોંઢાના આગળના ભાગે રહેલા તીક્ષ્ણ દાંતોથી તે જમીનસરસા ચોંટેલા ઘાસને મૂળ સહિત ઉખેડી નાંખે છે. આથી મેદાન કે ડુંગરોના ચરિયાણમાં ફરતી બકરી નુકસાન કરતી દેખાય છે અને શહેરોમાં લાંબા વાંસના છેડે દાતરડાથી વૃક્ષોને બોડાં કરતી રબારીઓની બકરી તો પર્યાવરણની દુશ્મન જણાય છે. પરંતુ બકરીની ખોરાક મેળવવાની પદ્ધતિને વ્યવસ્થામાં ફેરવી શકાય અને બકરીઓને બાંધી રાખી એક લાકડાના ખોખામાં ખોરાક આપવામાં આવે તો દિવસ દરમિયાન ૪ થી ૬ કિલો ખોરાક સામે બકરી ૧ કિલોના રૂ. ૩૦/- ના ભાવનું ૫૦૦ ગ્રામથી ૧.૫ કિલો જેટલી લીંડી (છાણિયું ખાતર) આપે છે. જેના ઉપયોગથી ૪ વ્યક્તિના ઘરવપરાશ જોગ બળતણ મળી શકે છે. ઉપરાંત બાયોગેસની સ્લરી એક ઉત્તમ પ્રકારનું ઓર્ગેનિક મેન્યોર બની જમીનસુધારાનું કામ કરે છે. સુધરેલી જમીન ઉપજાઉ થતાં પ્રાકૃતિક ગતિચક્રને પોતાના મૂળ સ્તરમાં આગળ વધવા બળ મળે છે. ગરમી અને ઠંડી સામે ટક્કર સહી શકતી બકરીને ચોમાસાની ઋતુમાં સંરક્ષણ આપવાની જરૂરિયાત રહે છે. પોતાના લાંબા વાળના કારણે તેના શરીર ઉપર ફંગસ વિકસિત થાય છે. ઉપરાંત ચોમાસાની ઋતુમાં તેનાં આંતરડાં અને યકૃતમાં પરોપજીવી કૃમિ વિકસિત થાય છે. જે તેના શરીરનો તૈયાર ખોરાક ખાઈ લે છે અને બકરીને ૧૫-૨૫ દિવસના ટૂંકા ગાળામાં મૃત્યુ પમાડે છે. પરંતુ વર્ષ દરમિયાન એક વખત ડીવર્મનો કોર્સ આપી બકરીનું આંતરિક કલેવર અડીખમ રાખી શકાય છે.

મહારાષ્ટ્રમાં કલ્યાણ અને થાણા માફક ગુજરાતમાં સુરત અને અમદાવાદ બકરાંની લેવેચનું રાષ્ટ્રીય સ્તરનું બજાર છે. એકલા રાણીપ (અમદાવાદ)માં જ રોજ ૫ થી ૮ હજાર બકરાંની લેવેચ થાય છે. રાજસ્થાનની પતેરી, કાઠિયાવાડની કાળી શિંગડીથી માંડી દેશી સફેદ બકરીના વેપાર માટે જાણીતા અમદાવાદનાં બકરાં દક્ષિણ ભારત સુધી પહોંચે છે. રૂ. ૧૫૦૦/- થી રૂ. ૩૫૦૦/- ના ભાવે વેચાતી બકરીમાંથી રૂ. ૭૦૦/- નું ચામડું મળે છે. રૂ. ૪૬/- થી રૂ. ૫૨/- ના ભાવે મૂંડી, ફેફસા અને હાડકાં વેચાય છે અને સરેરાશ ૧ કિલોના રૂ. ૧૫૦/- ના ભાવે ૧૨ થી ૧૫ કિલો મટન મળે છે. આમ બકરીની ૧ ટ્રક વેચનારને ટ્રકે રૂ. ૨,૨૧,૮૦૦/- નો ચોખ્ખો નફો મળે છે. જ્યારે મટન વેચનારને રોકાણ ઉપર ૫૨% થી ૬૬% નફો મળે છે. આ ઉપરાંત બકરીના વાળમાંથી મજબૂત અને ટાકાઉ દોરી બને છે, જેનો કલાત્મક ઉપયોગ શહેરોમાં પણ થઈ શકે છે. આજે બકરીના વાળની દોરી(વાણ)ની કિંમત ૧ કિલોના રૂ. ૮૭૦ છે. અનિયમિત વરસાદ, ગ્રામક્ષેત્રે વધતું સ્થળાંતર, જમીનના કદમાં ઘટાડો, જમીન ઉપરના લીલા પડવાસમાં દેખાતી તંગી જેવા વિકાસના આડ પરિવર્તનોના કારણે હવે બકરી જેવા નાના કદના બહુ કૌશલ્ય ધરાવતા સરળ પ્રાણીની આવશ્યકતા વિકસી છે. જે તરફ વૈશ્વિક જરૂરિયાત જણાતાં ૧૯૭૭થી ૧૯૮૮ દરમિયાન ઑસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, ઈઝરાયલ, ભુતાન જેવા પહાડી પ્રદેશો ઉપરાંત વિશ્વ ગ્રામના ૧૨૭ સંકુલોમાંથી ઉત્તમ કોટીની ૫,૦૦૦ બકરીઓ એકત્ર કરી તેમાંની વર્ણસંકર જાત 'સાનેન' ઉત્પન્ન કરાઈ છે. હિંદુસ્તાનના પશ્ચિમી પ્રદેશોના ઉષ્ણતામાન અને ભૂસ્તરને અનુરૂપ 'સાનેન' જાતની બકરીઓનું ઉત્પાદન રૂરલ એગ્રિકલ્ચર ઈન્સ્ટિટ્યૂટ નારખન ગાંવ તા. જુન્નર, જિ. પૂના-મહારાષ્ટ્ર ખાતે છે. જ્યાં તૈયાર થયેલ બકરી 'સાનેન' પોતાના દૂધ-ઉત્પાદનમાં રોગપ્રતિકારમાં રી-પ્રોડક્શનમાં અને પોતાના માંસના વજનમાં ઉત્તમ રહી છે. આ જાતની ઓલાદ દક્ષિણ ભારત ઉપરાંત બાંગ્લાદેશમાં પણ ગૃહઉદ્યોગરૂપે પ્રસ્થાપિત થઈ છે.

દૂધ-ઉત્પાદનની પડતર કિંમત આજે રૂ. ૩૮ થી ૫૨ સુધી પહોંચી છે અને બજારમાં યુરિયાનું સિન્થેટિક મિલ્ક જાણીતું બન્યું છે ત્યારે બહેનો માટેના સ્વાવલંબન અને આરોગ્યના વિશાળ કાર્યક્રમોના ભાગરૂપે બકરીને ગૃહઉદ્યોગ તરીકે પ્રચલિત કરવાની આવશ્યકતા છે. ઍગ્રોવેસ્ટ અને સિટી વેસ્ટ ઉપર જીવી શકતી બકરીના ઉછેર સાથે રોજગાર યોજનાને જોડી શકાય તો અનેક કુટુંબો ઘર બેઠાં સ્વમાનભેર વ્યવસાય કરી શકે અને અબુખાનની બકરી નામે સાહિત્યની વાત આમમાણસના જીવનમાં સુખાકારી આપનાર બની રહે.

# રામાપીરઃ સમાનતા, સેવા અને શ્રદ્ધાનો લોકપ્રકાશ

### આસપાસ ચોપાસ
સુરેશ ભટ્ટ

**ગુજરાત અને રાજસ્થાનની લોક આસ્થામાં રામાપીરનું સ્થાન ખૂબ ઊંચું છે. તેમને રામદેવપીર, હિંદવા પીર, રામશાપીર જેવા નામોથી પણ ઓળખવામાં આવે છે. હિંદુ ભક્તો તેમને ભગવાન શ્રીકૃષ્ણના અવતાર તરીકે પૂજે છે, જ્યારે મુસ્લિમ ભક્તો તેમને રામસા પીર અથવા રામશાહ પીર તરીકે શ્રદ્ધાથી યાદ કરે છે. આ રીતે રામાપીર માત્ર એક ધાર્મિક પાત્ર નથી, પરંતુ સામાજિક સમાનતા, માનવતા અને ભાઈચારાના પ્રતીક છે. રાજસ્થાન, ગુજરાત, મધ્ય પ્રદેશ અને આસપાસના વિસ્તારોમાં તેમના ભક્તોની સંખ્યા ખૂબ મોટી છે. તેમની ભક્તિમાં જાતિ, ધર્મ અને ઊંચ-નીચનો ભેદ જોવા મળતો નથી. રામાપીરની કથા આજે પણ લોકોમાં સત્ય, સેવા અને કરુણાની પ્રેરણા જગાવે છે.**

લોકપરંપરા અનુસાર રામાપીરનો જન્મ રાજસ્થાનના પોકરણ વિસ્તાર સાથે જોડાયેલા તંવર અથવા તોમર રાજપૂત કુટુંબમાં થયો હતો. તેમના પિતાનું નામ અજમલજી અને માતાનું નામ મૈણાદેવી અથવા મીનલદેવી તરીકે જણાવવામાં આવે છે. તેમના જન્મ અંગે વિવિધ લોકકથાઓ અને પરંપરાઓમાં થોડો ફેરફાર જોવા મળે છે. કેટલાક સ્ત્રોતો તેમના જન્મનો સમય ઈસવી સન ૧૩૫૨ આસપાસ માને છે, જ્યારે કેટલીક પરંપરાઓમાં વિક્રમ સંવત ૧૪૦૯નો ઉલ્લેખ મળે છે. તેથી તેમના જીવનની કેટલીક તારીખો અંગે મતભેદ જોવા મળે છે. તેમ છતાં, બધા વર્ણનોમાં એક વાત સમાન છે. રામાપીર બાળપણથી જ દયાળુ, પરોપકારી અને આધ્યાત્મિક સ્વભાવ ધરાવતા હતા. રાજવી કુટુંબમાં જન્મ્યા હોવા છતાં તેમને સત્તા અને વૈભવ કરતાં પ્રજા તથા ગરીબ લોકોની સેવા વધુ પ્રિય હતી.

રામાપીરના બાળપણ વિશે અનેક લોકકથાઓ પ્રચલિત છે. કહેવાય છે કે તેઓ અન્ય બાળકો કરતાં અલગ સ્વભાવના હતા. તેમને ગરીબ, અશક્ત અને પીડિત લોકો પ્રત્યે વિશેષ સહાનુભૂતિ હતી. કોઈ વ્યક્તિ ભૂખી હોય, મુશ્કેલીમાં હોય અથવા અન્યાયનો ભોગ બનતી હોય, ત્યારે રામાપીર તેની મદદ કરવા આગળ આવતાં. તેઓ માનતા હતા કે મનુષ્યનું સાચું ગૌરવ તેના વંશમાં નહીં, પરંતુ તેના સારા વર્તન અને સદ્કર્મોમાં છે.તેમના જીવન સાથે જોડાયેલી ચમત્કારિક કથાઓ ભક્તોમાં ખૂબ લોકપ્રિય છે. આવી કથાઓને માત્ર ચમત્કાર તરીકે જોવાને બદલે, તેમાં રહેલો નૈતિક સંદેશ સમજવો જરૂરી છે. આ કથાઓ લોકોમાં વિશ્વાસ, ધીરજ અને સત્યના માર્ગે ચાલવાની પ્રેરણા આપે છે. રામાપીરની લોકછબી એક એવા સંતની છે, જે પોતાની શક્તિનો ઉપયોગ વ્યક્તિગત લાભ માટે નહીં, પરંતુ જનકલ્યાણ માટે કરતા હતા.

રામાપીરના ઉપદેશોમાં માનવ સમાનતા સૌથી મહત્ત્વપૂર્ણ વિચાર છે. તેમણે સમાજમાં વ્યાપેલા ભેદભાવનો વિરોધ કર્યો હતો. ગરીબ, દલિત, પછાત અને વંચિત લોકો સાથે તેઓ પ્રેમ અને સન્માનથી વર્તતા હતા. તેમના માટે દરેક મનુષ્યમાં એકસરખું દૈવી તત્ત્વ વસે છે. કોઈ વ્યક્તિનો ધર્મ, જાતિ, વ્યવસાય કે સામાજિક સ્થિતિ તેના માનવમૂલ્યને નક્કી કરી શકતી નથી.

રામાપીરની ભક્તિ પરંપરામાં આ વિચાર આજે પણ જીવંત છે. તેમના મંદિરો અને મેળાઓમાં વિવિધ સમાજોના લોકો સાથે મળીને દર્શન કરે છે. ભક્તો એકબીજાને સેવા કરે છે અને પ્રસાદ વહેંચે છે. આ પરંપરા દર્શાવે છે કે સાચી ભક્તિ માણસોને જોડે છે. જે ભક્તિમાં કરુણા, સહકાર અને માનવતા ન હોય, તે અધૂરી છે. રામાપીરનું જીવન આપણને શીખવે છે કે ભગવાનને પ્રસન્ન કરવાનો શ્રેષ્ઠ માર્ગ જરૂરિયાતમંદની સેવા કરવો છે.

રામાપીર સાથે જોડાયેલી સૌથી જાણીતી લોકકથાઓમાં પાંચ પીરની કથા વિશેષ લોકપ્રિય છે. લોકમાન્યતા પ્રમાણે મક્કાથી આવેલા પાંચ પીર રામાપીરની આધ્યાત્મિક શક્તિની પરીક્ષા લેવા આવ્યા હતા. શરૂઆતમાં તેઓ રામાપીરને એક સામાન્ય રાજવી અથવા સંત માનતા હતા. પરંતુ રામાપીરની નમ્રતા, જ્ઞાન અને આધ્યાત્મિક શક્તિથી તેઓ પ્રભાવિત થયા. અંતે તેમણે રામાપીરને માન આપ્યું અને તેમની મહાનતા સ્વીકારી. અને હિન્દવા પીર નું બિરુદ આપ્યું.આ કથાનો સૌથી મોટો સંદેશ ધાર્મિક સંવાદ અને પરસ્પર સન્માન છે. તેમાં કોઈ ધર્મને ઊંચો કે નીચો બતાવવામાં આવ્યો નથી. તેના બદલે, સત્ય અને આધ્યાત્મિક શક્તિ સામે સૌ નમ્ર બને છે, એવો ભાવ વ્યક્ત થાય છે. તેથી જ મુસ્લિમ સમાજમાં પણ રામાપીરને રામશાહ પીર અથવા રામસા પીર તરીકે શ્રદ્ધાથી યાદ કરવામાં આવે છે. આ લોકકથા હિંદુ અને મુસ્લિમ એકતાનું સુંદર પ્રતીક બની છે.

રામાપીરના લોકચિત્રોમાં તેઓ ઘણી વાર ઘોડા પર સવાર દર્શાવવામાં આવે છે. ભક્તિ ચિત્રમાં ઘોડો શક્તિ, ગતિ અને રક્ષણનું પ્રતીક માનવામાં આવે છે. રામાપીરને ઘોડા પર દર્શાવવાથી તેઓ હંમેશાં પોતાના ભક્તોની મદદ માટે તૈયાર છે, એવો ભાવ વ્યક્ત થાય છે. અનેક લોકપરંપરાઓમાં તેમના ઘોડાને લીલા ડાઘવાળો અથવા વિશિષ્ટ રંગનો બતાવવામાં આવે છે. આ લોકચિત્રો ભક્તોના હૃદયમાં ખૂબ પ્રિય છે.

તેમના હાથમાં દેખાતો ભાલો પણ પ્રતીકાત્મક અર્થ ધરાવે છે. ભાલો અન્યાય, અહંકાર અને અસત્ય સામે લડવાની શક્તિ દર્શાવે છે. તેનો અર્થ હિંસા કરવો એવો નથી. તેનો સાચો ભાવ એ છે કે મનુષ્યે પોતાના જીવનમાંથી દુર્ગુણો દૂર કરવા જોઈએ. સત્ય, હિંમત અને ન્યાય માટે મક્કમ રહેવું જોઈએ. ઘોડા પર સવાર અને હાથમાં ભાલો ધરાવતા રામાપીરનું સ્વરૂપ ભક્તોમાં સાહસ અને વિશ્વાસ જગાવે છે.

રામાપીરનું મુખ્ય તીર્થસ્થળ રાજસ્થાનના રામદેવરા ગામમાં આવેલું છે. આ સ્થળને રુણિચા અથવા રણુજા નામથી પણ ઓળખવામાં આવે છે. અહીં રામાપીરની સમાધિ આવેલું પવિત્ર ધામ છે. દેશના વિવિધ ભાગોમાંથી ભક્તો અહીં દર્શન માટે આવે છે. ગુજરાતના ભક્તો પણ મોટી સંખ્યામાં રણુજા અને રામદેવરા ધામની યાત્રા કરે છે.સમાધિ સ્થળે ભક્તો ધજા ચઢાવે છે, પ્રાર્થના કરે છે અને પ્રસાદ ધરાવે છે. કેટલાક ભક્તો પગપાળા યાત્રા કરીને પણ ત્યાં પહોંચે છે. આ યાત્રા તેમની શ્રદ્ધા, સંકલ્પ અને ભક્તિનું પ્રતીક છે. રામદેવરા મંદિરની આસપાસ ભક્તિગીતો, ભજનો અને લોકસંગીતનું વાતાવરણ જોવા મળે છે. ત્યાં જતાં ભક્તોને માત્ર ધાર્મિક અનુભવ જ નહીં, પરંતુ લોકસંસ્કૃતિનો પણ પરિચય મળે છે.

ભાદરવા મહિનામાં રામાપીરના ધામે વિશાળ મેળો ભરાય છે. આ મેળો પશ્ચિમ ભારતના જાણીતા ધાર્મિક અને લોકસાંસ્કૃતિક મેળાઓમાંનો એક છે. મેળા દરમિયાન દેશના અનેક વિસ્તારોમાંથી ભક્તો આવે છે. ગુજરાત અને રાજસ્થાન ઉપરાંત અન્ય રાજ્યોમાંથી પણ લોકો અહીં પહોંચે છે. ભક્તો ધજા, નાળિયેર, ચાદર અને પ્રસાદ લઈને આવે છે.

મેળામાં ભજન, લોકગીતો, કીર્તન અને ધાર્મિક કાર્યક્રમો યોજાય છે. વેપારીઓ માટે પણ આ મેળો મહત્વપૂર્ણ છે. સ્થાનિક હસ્તકલા, ધાર્મિક સામગ્રી અને રોજિંદા ઉપયોગની વસ્તુઓના સ્ટોલ જોવા મળે છે. ઘણા સેવાભાવી લોકો યાત્રાળુઓ માટે પાણી, ભોજન અને આરોગ્યસેવાની વ્યવસ્થા કરે છે. આ સેવા પ્રવૃત્તિઓ રામાપીરના 'જનસેવા એ જ ઈશ્વરસેવા'ના વિચારને જીવંત રાખે છે.ગુજરાતમાં રામાપીરની ભક્તિ ગામડાંથી લઈને શહેરો સુધી વ્યાપક છે. અનેક ગામોમાં રામાપીરનાં નાનાં-મોટાં મંદિરો જોવા મળે છે. ભક્તો નિયમિત રીતે દીવો પ્રગટાવે છે, ધજા ચઢાવે છે અને ભજન ગાય છે. કેટલાક પરિવારોમાં રામાપીરને કુળદેવતા અથવા ઈષ્ટદેવ તરીકે માનવામાં આવે છે.ગુજરાતી લોકસંગીતમાં રામાપીરના ભજનોનું વિશેષ સ્થાન છે. "જય રામાપીર" અને "બાબારી" જેવા જયઘોષ ભક્તોમાં ઉત્સાહ જગાવે છે. ભજનમંડળીઓ દ્વારા રાત્રિ જાગરણ, કીર્તન અને સત્સંગનું આયોજન થાય છે. આવા કાર્યક્રમો ભક્તિ સાથે સામાજિક એકતાને પણ મજબૂત બનાવે છે. લોકો સાથે મળીને પ્રસાદ બનાવે છે અને જરૂરિયાતમંદોને ભોજન કરાવે છે.

આજના સમયમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ થયો છે, પરંતુ સમાજમાં અસમાનતા, અણબનાવ અને તણાવ હજુ પણ જોવા મળે છે. આવા સમયમાં રામાપીરનો સંદેશ વધુ પ્રાસંગિક બને છે. તેમણે માણસને માણસ તરીકે માન આપવાનું શીખવ્યું. તેમણે ગરીબ અને નબળા વર્ગની બાજુએ ઊભા રહેવાની પ્રેરણા આપી. તેમણે ધાર્મિક સહિષ્ણુતા અને ભાઈચારાનું મહત્વ સમજાવ્યું.આ સંદેશને જીવનમાં ઉતારવા માટે માત્ર મંદિરની મુલાકાત પૂરતી નથી. કોઈ ભૂખ્યા વ્યક્તિને ભોજન આપવું, બીમારની સેવા કરવી, વૃદ્ધોને સહાય કરવી અને અન્યાય સામે અવાજ ઉઠાવવો પણ રામાપીરની સાચી ભક્તિ છે. પર્યાવરણનું રક્ષણ, પાણી બચાવવું અને પ્રાણીઓ પ્રત્યે દયા રાખવી પણ માનવતાનો ભાગ છે. જ્યારે ભક્તિ સારા આચરણમાં બદલાય છે, ત્યારે જ તેનું સાચું મૂલ્ય પ્રગટે છે.રામાપીર ગુજરાત અને રાજસ્થાનની લોકઆસ્થાના તેજસ્વી પ્રતીક છે. તેમનું જીવન



સેવા, સમાનતા, સાહસ અને આધ્યાત્મિકતાનો સંદેશ આપે છે. તેઓ રાજવી કુટુંબમાં જન્મ્યા હોવા છતાં સામાન્ય અને પીડિત લોકોની વચ્ચે રહ્યા. તેમણે સમાજને જોડવાનો પ્રયાસ કર્યો અને ધર્મના નામે ઊભી થતી દીવાલોને નબળી બનાવી.રણુજા અથવા રામદેવરા ધામ આજે પણ લાખો ભક્તો માટે વિશ્વાસનું કેન્દ્ર છે. ઘોડા પર સવાર, હાથમાં ભાલો ધરાવતા રામાપીરનું સ્વરૂપ ભક્તોને સત્ય અને ન્યાય માટે મક્કમ રહેવાની પ્રેરણા આપે છે. તેમની ભક્તિમાં ભજન છે, યાત્રા છે, મેળો છે અને લોકસંસ્કૃતિ છે. પરંતુ આ બધાથી ઉપર માનવતા છે. રામાપીરનો સાચો સંદેશ એટલો જ છે કે દરેક મનુષ્યનો સન્માન કરો, દુઃખીનું દુઃખ સમજો અને સેવા તથા સત્યના માર્ગે ચાલો. તેથી જ તેઓ આજે પણ ભક્તોના હૃદયમાં જીવંત છે.જય રામાપીર.

# ભારતમાં યોજાનાર હોકી એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં પાકિસ્તાન સહિત કુલ છ ટીમો લેશે ભાગ

## પાકિસ્તાનની ટીમ એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારત આવે તેવી શક્યતા

મુંબઇ,

ભારત આવતા મહિને હોકી એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન કરશે. આ ટુર્નામેન્ટ ૨૭ ઓક્ટોબરથી ૫ નવેમ્બર દરમિયાન યોજાશે. પાકિસ્તાન સહિત કુલ છ ટીમો આ ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહી છે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને આ માહિતી આપી હતી.

ભગવંત માને કેન્દ્ર સરકારની તે નીતિનો ઉલ્લેખ કર્યો જે મલ્ટી નેશનલ ટુર્નામેન્ટ દરમિયાન બંને દેશોને ભારતીય ધરતી પર રમવાની મંજૂરી આપે છે. એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત, પાકિસ્તાન, ચીન, જાપાન, મલેશિયા અને કોરિયાની ટીમો ભાગ લેશે. જો કોઈ ટીમ ટુર્નામેન્ટમાંથી ખસી જાય, તો ઓમાન અથવા બાંગ્લાદેશ તેનું સ્થાન લેશે. લીગ તબક્કાની મેચો જલંધરમાં રમાશે, જ્યારે સેમીફાઈનલ અને ફાઈનલ મોહાલીના હોકી સ્ટેડિયમમાં યોજાશે. ભારત અને પાકિસ્તાન વચ્ચેની હાઈ-પ્રોફાઈલ મેચ ૧લી નવેમ્બરે જલંધરમાં રમાશે.

પાકિસ્તાનની સહભાગિતા અને જરૂરી મંજૂરીઓ અંગેના પ્રશ્નોના જવાબમાં ભગવંત માને જણાવ્યું હતું કે, મલ્ટી નેશનલ ટુર્નામેન્ટમાં બંને દેશોની સ્પર્ધા બાબતે કોઈ સમસ્યા નથી. જોકે, ભારત અને પાકિસ્તાન વચ્ચે દ્વિપક્ષીય શ્રેણીનું આયોજન કરવું એ અલગ બાબત છે. કેન્દ્ર સરકારની વર્તમાન નીતિ પાકિસ્તાન સાથે દ્વિપક્ષીય રમતગમતની સ્પર્ધાઓ યોજવાની મંજૂરી આપતી નથી. તેમ છતાં બંને દેશોના ખેલાડીઓને મલ્ટી નેશનલ ટુર્નામેન્ટમાં એકબીજા સામે રમવાની છૂટ છે. આ જ કારણ છે કે પાકિસ્તાનની ટીમ એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારત આવી શકશે.

ગયા વર્ષે તમિલનાડુમાં યોજાયેલ જુનિયર હોકી વર્લ્ડ કપમાંથી પાકિસ્તાન ખસી ગયું હતું. તેણે ઓપરેશન સિંદૂર બાદ બંને દેશો વચ્ચે વધતા તણાવનું કારણ જણાવ્યું હતું. ભારતે ૨૦૨૩માં એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન કર્યું હતું, જેમાં ફાઈનલમાં પાકિસ્તાનને ૪-૦થી હરાવીને ભારતે ખિતાબ જીત્યો હતો. પાકિસ્તાનને ભારત સામે હોકીમાં છેલ્લે




જીત મેળવ્યે એક દાયકાથી વધુ સમય વીતી ગયો છે.

ભારત એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં સૌથી સફળ દેશ છે અને તેણે પાંચ વખત આ ખિતાબ જીત્યો છે. આ ટૂર્નામેન્ટની શરૂઆત ૨૦૧૧માં થઈ હતી અને ભારત પાસે કુલ પાંચ ટ્રોફી છે, જ્યારે પાકિસ્તાને ત્રણ વખત આ ખિતાબ જીત્યો છે. ૨૦૧૮માં ભારત અને પાકિસ્તાનને સંયુક્ત વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

# IPL 2027 પહેલાં ચામિંડા વાસ અને અમિત મિશ્રા દિલ્હી કેપિટલ્સના કોચિંગ સ્ટાફમાં જોડાવા માટે તૈયાર

મુંબઇ,

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં, શ્રીલંકાના ભૂતપૂર્વ ક્રિકેટર ચામિંડા વાસ અને ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર અમિત મિશ્રા IPL (ઇન્ડિયન પ્રીમિયર લીગ) ૨૦૨૭ પહેલા દિલ્હી કેપિટલ્સના કોચિંગ સ્ટાફમાં જોડાવા માટે તૈયાર છે. નોંધનીય છે કે ચામિંડા વાસ આ સિઝન પહેલા દિલ્હી કેપિટલ્સના બોલિંગ કોચ બનશે.

અમિત મિશ્રા આગામી સિઝન માટે ટીમની કોચિંગ ટીમમાં જોડાશે. સૌરવ ગાંગુલી મુખ્ય કોચ રહેશે અને યુવરાજ સિંહ બેટિંગ કોચની ભૂમિકા ભજવશે; ટીમ નવા કોચિંગ સ્ટાફ સાથે આગામી સિઝનમાં સારું પ્રદર્શન કરવાની અને તેમનું પ્રથમ IPL ટાઇટલ જીતવાની આશા રાખશે.શ્રીલંકાના ક્રિકેટમાં અત્યંત આદરણીય નામોમાંના એક એવા ચામિંડા વાસ પોતાની સાથે બહોળો અનુભવ લઈને આવી રહ્યા છે. ટેસ્ટમાં ૩૫૫ અને ODIમાં ૪૦૦ વિકેટ સાથે, વાસ તેમના સમયના સૌથી ખતરનાક બોલરોમાંના એક હતા અને તેઆ IPLની આગામી આવૃત્તિમાં દિલ્હી કેપિટલ્સને તેમનું જ્ઞાન અને અનુભવ આપવાનો પ્રયાસ કરશે.અહેવાલો અનુસાર, વાસ અને મિશ્રાની જોડીએ કોચ તરીકેની તેમની ભૂમિકા સંભાળી લીધી છે અને હાલમાં તેઓ દિલ્હીમાં દિલ્હી કેપિટલ્સની એકેડેમીના ખેલાડીઓ સાથે પણ કામ કરી રહ્યા છે. નવી સિઝન પહેલા આ જોડી દિલ્હી કેપિટલ્સ પર સકારાત્મક અસર પાડી શકે છે કે કેમ તે જોવું રસપ્રદ રહેશે.દિલ્હી



કેપિટલ્સ માટે ૨૦૨૬ની સિઝન નિરાશાજનક રહી હતી.IPL 2026ની વાત કરીએ તો, દિલ્હી કેપિટલ્સે ફરી એકવાર સકારાત્મક શરૂઆત કરી હતી, પરંતુ સિઝન દરમિયાન ટીમનું પ્રદર્શન લથડી ગયું હતું.

# ગણપતિ પૂજા દરમિયાન અર્જુન બિજલાનીની પત્ની નેહા સ્વામી રડી પડી, અભિનેતાએ આંસુ લૂછ્યા





મુંબઇ,

અર્જુન બિજલાનીની પત્ની નેહા સ્વામી તેમના નવા ઘરમાં ગણપતિ પૂજા દરમિયાન રડી પડી. આ ખાસ દિવસનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં દંપતી વચ્ચેની એક હૃદયસ્પર્શી ક્ષણ કેદ થઈ રહી છે. વીડિયોમાં, નેહા ગણપતિ પૂજા કરતી વખતે રડતી જોઈ શકાય છે, જે તમારી આંખોમાં આંસુ લાવી દેશે. પત્ની નેહાને આંસુમાં જોઈને, અર્જુને તરત જ તેને સાંત્વના આપી અને દિલાસો આપ્યો. અભિનેતાએ પ્રેમથી તેના આંસુ લૂછ્યા અને તેણીને ઉત્સાહિત કરવાનો પ્રયાસ કર્યો, જેનાથી આ ક્ષણ હૃદયસ્પર્શી બની ગઈ.

અર્જુન બિજલાની દર વર્ષે તેની પત્ની નેહા સ્વામી અને નજીકના પરિવારના સભ્યો સાથે ખૂબ જ ભક્તિ અને શ્રદ્ધાથી ગણેશ ચતુર્થી ઉજવે છે. વિરલ ભાયાણીએ આ વીડિયો પોસ્ટ કર્યો, જેમાં અર્જુન બિજલાનીની પત્ની પૂજા દરમિયાન આંસુમાં જોવા મળે છે, અને આ ભાવનાત્મક ક્ષણે ચાહકોનું ધ્યાન ખેંચ્યું. વીડિયો વાયરલ થયા પછી, ચાહકો હવે આ દંપતીની પ્રશંસા કરી રહ્યા છે. આ ભાવનાત્મક ક્ષણમાં, અભિનેતા અર્જુન તેની પત્ની નેહાના આંસુ લૂછતો અને સાથે પૂજા પૂર્ણ કરતો જોવા મળે છે.

વીડિયોમાં, પુજારી નેહા સ્વામીને કહે છે, "હું તમારી સાથે છું, દીકરા." અર્જુન બિજલાની જવાબ આપે છે, "આ પહેલી વાર નથી." ત્યારબાદ અભિનેતા તેની પત્નીને પકડીને જોવા મળે છે. વિરલ ભાયાણીએ વીડિયો શેર કરતાં લખ્યું, "ગણપતિ બાપ્પાના દિવ્ય આગમન પર આપણામાંથી ઘણા લોકો ભાવુક થઈ જાય છે. અર્જુન બિજલાનીની પત્ની નેહા સ્વામીએ પણ આવી જ લાગણીઓ અનુભવી હતી, જે તેમના આંસુઓમાં સ્પષ્ટ દેખાઈ રહી હતી."

આ વાયરલ વીડિયો ફરી એકવાર દંપતીના મજબૂત બંધન અને અર્જુનના તેની પત્ની પ્રત્યેના સંભાળ રાખનારા સ્વભાવને દર્શાવે છે. ચાહકોને આ શુભ પ્રસંગે અભિનેતાએ નેહાને જે રીતે મીઠી રીતે પકડી રાખ્યો તે ખૂબ ગમ્યું. આ વીડિયો હવે ઓનલાઈન વ્યાપકપણે જોવા મળી રહ્યો છે. અર્જુન બિજલાની અને નેહા સ્વામીના લગ્નને ૧૩ વર્ષ થયા છે, અને આ દંપતી ઘણીવાર સોશિયલ મીડિયા પર તેમના ફોલોઅર્સ સાથે તેમના અંગત અને વ્યાવસાયિક જીવનના અપડેટ્સ શેર કરે છે. તેમના છૂટાછેડાની અફવાઓ ઘણી વખત સામે આવી છે, પરંતુ આ દંપતીએ દર વખતે આ અહેવાલોને નકારી કાઢ્યા છે.

# બોલિવૂડમાં બાપ્પાની ભક્તિનો રંગ, સેલિબ્રિટીઓએ ધામધૂમથી કર્યું સ્વાગત

## સલમાનથી સૈફ-કરીના સુધી સેલિબ્રિટીઓએ ધામધૂમથી કર્યું ગણપતિ બાપ્પાનું સ્વાગત

મુંબઈ,

ગણપતિ બાપ્પાના આગમન સાથે મુંબઈ ભક્તિના રંગે રંગાયું છે ત્યારે બોલિવૂડ અને ટીવી જગતના કલાકારો પણ ગણેશોત્સવની ઉજવણીમાં જોડાયા છે. ૨૦૨૬ની ગણેશ ચતુર્થી નિમિત્તે સલમાન ખાન, સૈફ અલી ખાન-કરીના કપૂર, સોનુ સૂદ, શિલ્પા શેટ્ટી, અંકિતા લોખંડે, કાજોલ, શર્વરી વાઘ સહિત અનેક સેલિબ્રિટીઓએ પોતાના ઘરે બાપ્પાની સ્થાપના કરી ભક્તિભાવપૂર્વક પૂજા-અર્ચના કરી હતી.

સલમાન ખાનના ઘરે દર વર્ષની જેમ આ વર્ષે પણ ગણપતિ બાપ્પાનું આગમન થયું હતું. સલમાનના પરિવાર માટે ગણેશોત્સવ વિશેષ આસ્થાનો તહેવાર છે. બાપ્પાની સ્થાપના અને પૂજાની તસવીરો સામે આવતા તેમના ચાહકોમાં પણ ઉત્સાહ જોવા મળ્યો હતો.

સૈફ અલી ખાન અને કરીના કપૂરના ઘરે પણ ગણેશ ચતુર્થીની ખાસ ઉજવણી થઈ હતી. કરીનાએ પુત્ર જેહ અલી ખાન અને સૈફે મળીને તૈયાર કરેલી ગણેશ મૂર્તિની ઝલક શેર કરી હતી. પિતા-પુત્રે સાથે મળીને મૂર્તિ તૈયાર કર્યાની વાતે આ ઉજવણીને વધુ ખાસ બનાવી હતી.

અભિનેતા સોનુ સૂદે પણ ગણપતિ બાપ્પાની પૂજા કરી હતી. જ્યારે શિલ્પા શેટ્ટી અને રાજ



કુન્દ્રાએ પોતાના ઘરે બાપ્પાનું સ્વાગત કર્યું હતું. અંકિતા લોખંડેએ પણ પરિવાર સાથે ગણપતિની સ્થાપના કરી ભક્તિભાવપૂર્વક પૂજા કરી હતી.

કાજોલ અને શર્વરી વાઘ સહિતના કલાકારોએ પણ ગણેશોત્સવમાં ભાગ લીધો હતો. શર્વરી વાઘે મોરગાંવમાં બાપ્પાની ભક્તિ કરી હતી. ઈશા કોપ્પીકર, ડેઝી શાહ, દેબિના બેનર્જી અને ગુરમીત ચૌધરી સહિતના કલાકારોએ પણ પોતાના ઘરે ગણપતિ બાપ્પાની સ્થાપના કરી હતી.

ગોવિંદાની પત્ની સુનીતા આહુજાએ ઢોલ-નગારા સાથે ઉત્સાહભેર બાપ્પાનું સ્વાગત કર્યું હતું. ટીવી કલાકારો રિત્વિક ધનજાની અને કરણ વાહી પણ ગણેશોત્સવની ઉજવણીમાં જોડાયા હતા. બીજી તરફ અંબાણી પરિવારે પણ પરંપરાગત વિધિ-વિધાન સાથે ગણપતિ બાપ્પાની પૂજા કરી હતી.

મુંબઈની ગલીઓ, ગણપતિ પંડાલો અને હવે સેલિબ્રિટીઓના ઘરોમાં પણ ‘ગણપતિ બાપ્પા મોરયા’ના જયઘોષ ગુંજી રહ્યા છે. સેલિબ્રિટીઓની ભક્તિમય ઉજવણીથી ગણેશોત્સવનો માહોલ વધુ રંગીન બન્યો છે.

# રૂપિયા ૨ કરોડનું બજેટ અને ૨૬૮ કરોડની કમાણી! ‘હનુમાન અંશ’એ ૩૮મા દિવસે રચ્યો નવો ઈતિહાસ

મુંબઈ,

આધ્યાત્મિક ગુરુ નીમ કરોલી બાબાના જીવન અને તેમના સંદેશાઓ પર આધારિત ફિલ્મ ‘હનુમાન અંશ’ થિયેટરોમાં કમાણીના તમામ જૂના રેકોર્ડ તોડી રહી છે. રિલીઝ થયાના ૩૮મા દિવસે એટલે કે છઠ્ઠા રવિવારે આ ફિલ્મે એવો અદ્ભુત ધમાકો કર્યો છે જે મોટા બજેટ ફિલ્મો જેવી કે ‘પુષ્પા ૨’ અને ‘ધુરંધર ૨’ પણ પોતાના ૩૮મા દિવસે કરી શકી નહોતી. શરૂઆતમાં ધીમી ગતિએ ચાલ્યા બાદ અચાનક બોક્સ ઓફિસ પર વાવાઝોડું લાવવાની બાબતમાં ’હનુમાન અંશ’નો કોઈ જવાબ નથી. હાલમાં આ ફિલ્મે અક્ષય કુમારની ‘હૈવાન’ અને પંકજ ત્રિપાઠી સ્ટારર ‘મિર્ઝાપુર’ જેવી મોટી ફિલ્મોને કમાણીની રેસમાં પાછળ છોડી દીધી છે. વિશાલ ચતુર્વેદીના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મ માત્ર રૂપિયા ૨ કરોડના મામૂલી બજેટમાં તૈયાર થઈ હતી. ૭ ઓગસ્ટે થિયેટરોમાં રિલીઝ થયેલી આ ફિલ્મને શરૂઆતના બે સપ્તાહમાં ખૂબ જ ઠંડો પ્રતિસાદ મળ્યો હતો. ૮મા દિવસે તો ઘણા ટ્રેડ એનાલિસ્ટ્સે આ ફિલ્મને ફ્લોપ જાહેર કરી દીધી હતી. પરંતુ પ્રેક્ષકોની પબ્લિસિટી અને ચમત્કારિક રિવ્યૂના કારણે આ ફિલ્મે એવી રફતાર પકડી કે દરેક લોકો આશ્ચર્યચકિત થઈ ગયા. ૧૧ ઓગસ્ટથી આ ફિલ્મ વિદેશોમાં પણ રિલીઝ કરવામાં આવી છે. આ ફિલ્મની કહાણી માતાના અવસાન બાદ ઊંડા શોકમાં ગરકાવ થયેલા એક યુવક લક્ષ્મીનારાયણની છે, જે ઈશ્વરની શોધમાં ઘર છોડીને આધ્યાત્મિક યાત્રા પર નીકળે છે. આ ફિલ્મમાં શોભિનવ સત્યાએ ફિલ્મમાં નીમ કરોલી બાબાની મુખ્ય ભૂમિકા ભજવી છે.

# આપણી આંગણવાડી, આપણી જવાબદારી : જ્યારે સમુદાય પોતાની આંગણવાડીની જવાબદારી સ્વીકારે છે

૨૦૪૭નું ભારત એવા બાળકો દ્વારા નિર્માણ પામશે જેઓ હજુ શાળામાં પ્રવેશ્યા નથી. સ્વસ્થ, આત્મવિશ્વાસપૂર્ણ અને સમર્થ પુખ્તાવસ્થા તરફની તેમની સફર ખૂબ પહેલા, સૌથી નિર્ણાયક રીતે જીવનના પ્રથમ ૧,૦૦૦ દિવસોમાં શરૂ થાય છે. કરોડો બાળકો અને માતાઓ માટે આ સમયગાળામાં તેમની આસપાસ જ મદદ અને માર્ગદર્શન પૂરું પાડતી વિશ્વસનીય વ્યવસ્થા એટલે આંગણવાડી.

વર્ગખંડમાં પ્રવેશતા પહેલા, આંગણવાડીમાં બાળકોનું વજન અને ઊંચાઈ માપવામાં આવે છે, ત્યાં તેને ગરમ રાંધેલું ભોજન મળે છે અને ઘર બહારની દુનિયા સાથે જોડાવાની પહેલી તક મળે છે, તેમજ ગર્ભવતી માતાને પોષણ સંબંધિત સલાહ પણ મળે છે. આજે, ૧૪ લાખ આંગણવાડી કેન્દ્રો નાગરિક અને રાજ્ય વચ્ચેના પ્રથમ સંપર્ક બિંદુ તરીકે સેવા આપે છે, જે ૮.૯ કરોડથી વધુ બાળકો, મહિલાઓ અને કિશોરીઓ સુધી પહોંચે છે. આ કેન્દ્રોને ચલાવતી ૨૫.૨ લાખ કાર્યકર્તાઓ અને સહાયિકાઓ પણ એ જ સમાજમાંથી આવે છે, જેની તેઓ સેવા કરે છે. આંગણવાડી આપણા સમાજથી અલગ કોઈ વ્યવસ્થા નથી, પરંતુ આપણા પોતાના પાડોશનો જ એક ભાગ છે.

આ પરિચિત સંસ્થા ત્યારે એક રાષ્ટ્રીય ચળવળનો પાયો બની, જ્યારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ માર્ચ ૨૦૧૮માં પોષણ અભિયાનની શરૂઆત કરી. ૯મો રાષ્ટ્રીય પોષણ માસ ૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ “અમારી આંગણવાડી, અમારી જવાબદારી” થીમ સાથે શરૂ થાય છે. ગુણવત્તાયુક્ત સેવાઓ પૂરી પાડવાની જવાબદારી સંપૂર્ણપણે સરકારની છે, અને તે પ્રતિબદ્ધતા અડગ છે. પરંતુ આંગણવાડી કેન્દ્ર સાચા અર્થમાં ત્યારે જ ખીલે છે જ્યારે સમુદાય તેને પોતાનું ગણીને અપનાવે છે. વિકસિત ભારતનું નિર્માણ માત્ર સબકા પ્રયાસ દ્વારા જ થઈ શકે છે. પોષણને માત્ર સરકારી સેવા તરીકે જોઈ શકાય નહીં.

લાભાર્થીથી ભાગીદાર સુધી

સમુદાયની ભાગીદારી અત્યાર સુધી ઘણી વખત માત્ર અપીલ પૂરતી જ રહી છે. આ વર્ષે તેને એક વ્યવસ્થિત માળખું આપવામાં આવી રહ્યું છે. આંગણવાડી મેનેજમેન્ટ કમિટીઓ માતા-પિતા, પંચાયતના પ્રતિનિધિઓ અને સ્વસહાય જૂથોને આંગણવાડી કેન્દ્ર સાથે જોડે છે, જેથી દરેક પાત્ર બાળક સુધી સેવાઓ પહોંચી શકે. સોશિયલ ઓડિટ દ્વારા સમાજને સેવાઓની સમીક્ષા કરવા, મળવાપાત્ર લાભોની ચકાસણી કરવા અને તેના તારણોને સત્તાવાર રીતે નોંધવાની તક મળે છે. આ રીતે, જે પરિવારોને સેવાઓ આપવામાં આવે છે, તેમની અંદરથી જ ચકાસણી દ્વારા જવાબદારી સુનિશ્ચિત થાય છે.

આ સમગ્ર પ્રક્રિયાના કેન્દ્રમાં માતાઓ છે. જીઁદ્ર મેનૂ બોર્ડ હોટ કૂક્ડ મીલ્સ (તાજું રાંધેલું ભોજન) અને ટેક-હોમ રાશન માટે દિવસ મુજબની હકદારીઓ દર્શાવે છે. જ્યારે માતાને ખબર હોય કે તેના બાળકને શું મળવાપાત્ર છે, ત્યારે પારદર્શિતા રોજિંદી વ્યવસ્થાનો એક ભાગ બની જાય છે. ગુણવત્તા સુનિશ્ચિત કરવામાં સમાજ એક જાગૃત ભાગીદાર બને છે.

પોષણ માહ ૨૦૨૬ સમિતિઓ,



શ્રીમતી અન્નપૂર્ણા દેવી
મહિલા અને બાળ વિકાસ
કેન્દ્રીય મંત્રી

સામાજિક ઓડિટ અને મેનુ બોર્ડને સક્રિય કરશે, જેમાં તિથિ ભોજન, ટેસ્ટિંગ સેશન્સ અને રેસીપી પ્રદર્શનનો સમાવેશ થશે.

મેનૂ બોર્ડથી આગળ

સૌ પ્રથમ મહત્વનું છે પોષણયુક્ત ખોરાક. સુપોષિત ભારત માટે સંતુલિત આહાર જરૂરી છે: અનાજ અને બાજરી (મિલેટ્સ), કઠોળ, સૂકા મેવા અને બીજ, દૂધ અને દૂધની પેદાશો, ઈંડા, મોસમી ફળો અને લીલા શાકભાજીનો સમાવેશ જરૂરી છે. જુલાઈમાં બહાર પાડવામાં આવેલી સપ્લીમેન્ટરી ન્યુટ્રિશન પ્રોગ્રામ, ૨૦૨૬ ની વ્યાપક માર્ગદર્શિકા, હોટ કૂક્ડ મીલ્સને વ્યાખ્યાયિત કરે છે. આ માર્ગદર્શિકા રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સૂક્ષ્મ પોષકતત્ત્વો (માઈક્રોન્યુટ્રિએન્ટ્સ) સંબંધિત ધોરણોને પણ વધુ મજબૂત બનાવે છે.

બીજું છે પ્રારંભિક શિક્ષણ. બાળક શું ખાશે અને શું શીખશે તે ઊંડાણપૂર્વક જોડાયેલું છે. આંગણવાડી કાર્યકરો બાળકના પ્રથમ ત્રણ વર્ષમાં ૩૪ મહત્વપૂર્ણ માઈલસ્ટોન્સને ટ્રેક કરે છે. નવચેતના અને આધારશિલા અભ્યાસક્રમો પોષણ અને સંભાળને શાળાની તૈયારી તરફ લઈ જાય છે.

ત્રીજું પાસું બાળકના જન્મ પહેલાં જ શરૂ થાય છે. ગર્ભાવસ્થા દરમિયાન માતાનું પોતાનું પોષણ બાળકના જીવનની શરૂઆતને ઘડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ પોષણ માહ પ્રધાનમંત્રી માતૃ વંદના યોજનાના દસ વર્ષ દર્શાવે છે, જે પ્રધાનમંત્રીના આ વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે કે કોઈ પણ મહિલાએ કમાણી અને આરોગ્ય વચ્ચે પસંદગી કરવી ન પડે. એક દાયકા પછી, ૪.૬૫ કરોડ લાભાર્થીઓએ સીધા તેમના ખાતામાં ?૨૧,૫૧૧ કરોડ મેળવ્યા છે. મિશન શક્તિ હેઠળ મજબૂત બનેલી આ યોજના, બીજી બાળકી માટે વધારાનો લાભ પૂરો પાડે છે. આર્થિક સર્વેક્ષણ ૨૦૨૫-૨૬ સ્પષ્ટ કરે છે કે આવું ટ્રાન્સફર ત્યારે જ તેનો સંપૂર્ણ હેતુ હાંસલ કરે છે જ્યારે તે કાઉન્સેલિંગ સાથે મુસાફરી કરે છે જે પરિવારમાં માહિતગાર નિર્ણયો લેવા માટે સક્ષમ બનાવે છે. રાજસ્થાનના કેશ પ્લસ મોડલની સમીક્ષા કરતા, જેણે આ ટ્રાન્સફર્સને સતત વ્યવહાર પરિવર્તન સંચાર સાથે જોડ્યા હતા, નોંધે છે કે ખોરાક પર લાભ ખર્ચતી મહિલાઓનો હિસ્સો ૩૦ ટકાથી વધીને ૮૯ ટકા થયો છે, અને માતૃ પોષણ સંબંધિત ગેરમાન્યતાઓ દૂર થઈ છે કારણ કે પતિઓ અને પરિવારો આ સંવાદમાં જોડાયા હતા. આંગણવાડીઓની આસપાસ સહભાગિતાની ભાવના એટલા માટે વિકસે છે કે માતાનું પોષણ ક્યારેય એકલા તેનું સુરક્ષિત કરવાનું નહોતું.

કેન્દ્રમાં રહેલી મહિલાનું સન્માન

આ સમગ્ર વ્યવસ્થાના કેન્દ્રમાં આંગણવાડી કાર્યકર છે. સમુદાયની માલિકી અથવા જવાબદારીનો અર્થ એવો ન હોવો જોઈએ કે પોષણ અને પ્રારંભિક બાળ સંભાળનો સમગ્ર બોજ માત્ર તેના ખભા પર મૂકી દેવામાં આવે. તેનો અર્થ તેનું સન્માન કરવું, તેને ટેકો આપવો અને તેને મજબૂત કરવાનો હોવો જોઈએ. તેનું જ્ઞાન અને વિશ્વાસ અનિવાર્ય છે.

આ સપ્ટેમ્બરમાં, હું દરેક નાગરિકને તેમના વિસ્તારની ઓછામાં ઓછી એક આંગણવાડી કેન્દ્રની મુલાકાત લેવા માટે અનુરોધ કરું છું. આંગણવાડી કાર્યકર સાથે વાત કરો, મેનૂ બોર્ડ વાંચો અને પૂછો કે તમે કેવી રીતે સહયોગ આપી શકો છો. પિતા, દાદા-દાદી, ગ્રામ પંચાયતો તેમજ સ્વસહાય જૂથો—બધાની પોતાની મહત્વપૂર્ણ ભૂમિકા છે.

આ સપ્ટેમ્બરમાં આપણી આંગણવાડીઓમાં જે બાળકોનું વજન કરવામાં આવી રહ્યું છે, તેઓ જ્યારે ભારતની સ્વતંત્રતાનાં ૧૦૦ વર્ષ પૂર્ણ થશે, ત્યારે વીસેક વર્ષની ઉંમરમાં હશે. તે સમયે તેઓ જે સ્વાસ્થ્ય, આત્મવિશ્વાસ અને ક્ષમતા સાથે જીવનમાં આગળ વધશે, તેમની પાયાની રચના આજે થઈ રહી છે. જ્યારે દરેક સમુદાય પોતાની આંગણવાડીની જવાબદારી સ્વીકારે છે, ત્યારે સમગ્ર ભારત દરેક બાળકના ઉજ્જવળ ભવિષ્યની જવાબદારી સ્વીકારે છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મ | પ્રા | સા | ભા | અ | આ | શિ | અ | પ્ર | પ્ર | ળ | પ્ર |
| જી | હિ | ધ | તી | ણ | ઈ | ર | ણ | ડો | સા | મા | બા |
| બા | ણે | મા | ગ | રા | ર | જી | અ | ર | દ | દ | ર |
| વિ | દ | ગ | ળ | ર | આ | ધ | ણ | ર | ધ | ભો | બૂ |
| ભ | મા | બા | ર | જી | વા | મ | ળ | ફ | અ | ર | ધ |
| લ | મ | ભ | કી | બં | ર | આ | ર | દા | ણા | લ | ણ |
| સા | ર | રો | અ | ક | ત | જ | રી | ગ | વા | ડો | ઓ |
| સા | ળ | અ | બ | ક્રો | દ | ર | અ | અ | ળ | અં | ણ |
| ઇ | અ | પ્રા | મા | ણિ | ક | મા | રો | આ | કા | ક | કા |
| ગ | ઓ | ન | અ | બ | રા | બ | ર | ધ | ણે | એ | ર |
| કા | ર | ફ | ણિ | ડો | દ | અ | લી | ડી | ડી | ન | ભો |
| ભો | સા | બા | ર | સ | કુ | અ | ઈ | ન | સા | ળ | ઐ |

શબ્દ શોધો: પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા

# રાજકોટના માંડાડુંગર-૨ વિસ્તારમાં આંગણવાડીનું લોકાર્પણ કરાયું



રાજકોટ,
રાજકોટ મહાનગર પાલિકાના ઈસ્ટ ઝોનના રણછોડનગર સેજાની માંડાડુંગર-૨ આંગણવાડીનું તમામ જરૂરી સુવિધાઓ સાથે નિર્માણ કરી તા.૧૧ ના રોજ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. માંડાડુંગર-૨ વિસ્તારના બાળકોને વધુ સારી અને સુરક્ષિત સુવિધાઓ મળી રહે તેમજ તેમના ઉજ્જવળ ભવિષ્યના ઘડતર માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નવી આંગણવાડી તૈયાર કરવામાં આવી છે. વોર્ડ નં.૬ના કોર્પોરેટર પૂનમબેન મોરવાડિયા તથા કોર્પોરેટરશ્રી અનિલભાઈ ચૌહાણ દ્વારા આંગણવાડીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

લોકાર્પણ પ્રસંગે બાળકોના કુમકુમ પગલાં કરાવીને આંગણવાડીમાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. કોર્પોરેટર અનિલભાઈ ચૌહાણ દ્વારા બાળકોના સર્વાંગી વિકાસના વિવિધ પાસાઓ અંગે સરળ ભાષામાં સમજ આપવામાં આવી હતી. જ્યારે ઓફિસર શ્રીમતી શારદાબેન દેસાઈ દ્વારા આંગણવાડી કેન્દ્ર ખાતે બાળકો અને લાભાર્થીઓને આપવામાં આવતી વિવિધ સેવાઓ તેમજ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વોર્ડ નં.૬ના કોર્પોરેટરશ્રી પૂનમબેન મોરવાડિયા, કોર્પોરેટરશ્રી અનિલભાઈ ચૌહાણ, શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી વિરમભાઈ સાબંડ, ભાજપના હોદ્દેદારો, ઓફિસર શ્રીમતી શારદાબેન દેસાઈ, બાળ વિકાસ યોજના અધિકારી શ્રીમતી પૂજાબેન ડવ, મુખ્ય સેવિકાશ્રીઓ, પી.એસ.ઈ., ડો. જલ્પાબેન, ડો. કેવિનભાઈ, આંગણવાડી કાર્યકર-તેડાગર, લાભાર્થીઓ તથા મોટી સંખ્યામાં બાળકો ઉપસ્થિત રહ્યા હતા. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આંગણવાડી કેન્દ્રો ને વધુ સુવિધાસભર બનાવી 'સ્વસ્થ, સુપોષિત અને સંસ્કારી બાળપણ'ના નિર્માણ સાથે બાળકોના ઉજ્જવળ ભવિષ્યના ઘડતર માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે

# રાજકોટની શેઠ હાઈસ્કૂલ દ્વારા આરોગ્ય કેમ્પ અને વાલી સંમેલન યોજાયું



રાજકોટ,
રાજકોટ મહાનગર પાલિકા દ્વારા સંચાલિત પી બેન્ડ ટી વી શેઠ હાઈસ્કુલના ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓના વાલી વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ માટે વોકહાર્ટ હોસ્પિટલના સૌજન્યથી આરોગ્ય ચકાસણી કેમ્પ યોજવામાં આવ્યો હતો. તેમજ વાલી સંમેલન અને સાથે- સાથે વિદ્યાર્થીઓને શાળાનો ગણવેશનું વિતરણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો.

તેમાં શ્રીમતિ સોનલબેન સેલારા (ચેરમેન માધ્યોમિક શિક્ષણ અને આનુસંગિક સમિતિ મહાનગરપાલિકા) તથા શ્રી દર્શનભાઈ પેન્ગયાતર (વાઈસ ચેરમેન - માધ્યામિક શિક્ષણ અને આનુસંગિક સમિતિ મહાનગરપાલિકા ઉપસ્થિત રહ્યા હતા. તેઓના હસ્તે દીપ પ્રજવલન કરી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ શાળાના આચાર્ય ડો. તુષાર પડયાએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.

આ સાથે યોજાયેલા આરોગ્ય ચકાસણી કેમ્ માં વાલીઓને બ્લડપ્રેશર, સુગર, ઓક્સિજન લેવલ ચેક કરી આપવામાં આવ્યાર હતા. સાથે દાતની ચકાસણી ડો. ઉર્વશીબેન ચૌહાણ સ્માઈલ એન્ડ બ્રેસ ડેન્ટલ ક્લિનિક દ્વારા કરી આપવામાં આવી હતી. બહોળી સંખ્યામાં સ્ટાફ તેમજ વાલીઓએ કેમ્પનો લાભ લીધો હતો. અંતે આભારદર્શન નીતિનભાઈ ભૂત દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર સંચાલન મીરાબેન સોરઠીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

સમગ્ર આયોજનમાં શાળાના તમામ શિક્ષકો ડો. વિમલ કુમાર ભટ્ટ, એમ. ડી. જારીયા, નીતાબેન વીરડા, સીમાબેન પટેલ, પ્રશાતભાઈ ભટ્ટ, હિતેશભાઈ ધોળકિયા, શ્વેતાબેન પરમાર, જયોતિબેન નનેરા, હેતલબેન ભીમાણી તેમજ જુ.કલાર્ક રમેશભાઈ ઠુંગા અને સેવક મિત્ર પિયુષભાઈ ભટ્ટ સક્રિય રહ્યા હતા.

# સારસ્વત બ્રાહ્મણ જ્ઞાતિ મહાસ્થાન રાજકોટના પ્રમુખ તરીકે ફરી એકવાર અલ્પેશ જોશી સર્વાનુમતે ચૂંટાયા: ૧૧ સભ્યોની નવી કારોબારીની વરણી



રાજકોટ
રાજકોટ ખાતે રવિવારના રોજ શ્રી સારસ્વત બ્રાહ્મણ જ્ઞાતિ મહાસ્થાનની સામાન્ય સભાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સામાન્ય સભા દરમિયાન સમાજની નવી કારોબારી સમિતિની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જેમાં જ્ઞાતિજનો દ્વારા સર્વાનુમતે પ્રમુખ તરીકે ફરી એકવાર અલ્પેશ જોશીની બિનહરીફ પસંદગી કરવામાં આવી છે. તેમની સાથે સમાજ સેવા અને સંગઠનની પ્રવૃત્તિઓને વધુ વેગ આપવા માટે તેમની ટીમમાં અન્ય ૧૧ ઉત્સાહી સભ્યોની પણ કારોબારીમાં નિમણૂક કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે શ્રી સારસ્વત બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા છેલ્લા બે વર્ષ દરમિયાન અનેકવિધ ઉમદા અને પ્રશંસનીય સામાજિક કાર્યો કરવામાં આવ્યા છે. સમાજના ઉત્તરોત્તર વિકાસ માટે ગેરંટી કાર્ડ યોજના, મા શક્તિની ભક્તિ રૂપે માતાજી ઉત્સવ તથા રાસ-ગરબાનું આયોજન, જ્ઞાતિજનોને ડિજિટલ માધ્યમથી જોડતી આધુનિક વેબસાઈટ, જરૂરિયાતમંદ પરિવારો માટે અનાજ કીટ વિતરણ અને તેજસ્વી વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક વિદ્યાર્થી સન્માન સમારોહ જેવા અનેક ઉત્કૃષ્ટ કાર્યક્રમો સફળતાપૂર્વક સંપન્ન થયા છે. નવી કારોબારીની વર્ણી થતાં જ સમાજના અગ્રણીઓ અને જ્ઞાતિજનોએ નવનિયુક્ત પ્રમુખ અલ્પેશ જોશી તેમજ તેમની સમગ્ર ટીમને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

# રાજકોટમાં દિવાળી સુધીમાં કોટેચા ચોક સહિત સાત સ્થળે નવા ટ્રાફિક સિગ્નલ મૂકવા મનપાની ક્વાયત

## કોર્પોરેશન ચોક, નાણાવટી ચોક, ભૂતખાના ચોક, કિસાનપરા ચોક અને કુવાડવા રોડના ડી-માર્ટ ચોકનો સમાવેશ

રાજકોટ,
રાજકોટ શહેરમાં ટ્રાફિક વ્યાવસ્થાને વધુ સુચારુ બનાવવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કોટેચા ચોક સહિત શહેરના સાત સ્થળોએ નવા ટ્રાફિક સિગ્નલ મૂકવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

મહાનગરપાલિકાની આઈટી બ્રાન્ચ, ટ્રાફિક એન્ડ ટ્રાન્સપોર્ટ બ્રાન્ચ તથા રોશની બ્રાન્ચના સંયુક્ત ઉપક્રમે આ કામગીરી શરૂ કરવામાં આવી છે. નવા ટ્રાફિક સિગ્નલ માટે હાલ વિવિધ સ્થળોએ પોલ ઈન્ટોલ કરવાની કામગીરી



શરૂ કરી દેવામાં આવી છે.

નવા સિગ્નલ માટે પસંદ કરાયેલા સ્થનળોમાં કોટેચા ચોક, કોર્પોરેશન ચોક, નાણાવટી ચોક, ભૂતખાના ચોક, કિસાનપરા ચોક તથા કુવાડવા રોડ પરના ડી-માર્ટ ચોક સહિત કુલ સાત સ્થળોનો સમાવેશ થાય છે.

મહાનગરપાલિકા દ્વારા કામગીરી ઝડપથી પૂર્ણ કરી દિવાળી સુધીમાં સાતેય નવા ટ્રાફિક સિગ્નલ કાર્યરત કરી દેવાનું આયોજન છે. નવા સિગ્નલ શરૂ થતાં સંબંધિત વિસ્તારોમાં વાહન વ્યવહારનું નિયમન વધુ અસરકારક બનશે અને ટ્રાફિકની સમસ્યામાં રાહત મળવાની અપેક્ષા છે.

# મહુવાનાં હોમગાર્ડ જવાનનું અવસાન થતાં મોરારિબાપુએ સાંત્વના પાઠવી ૫૧ હજારની સહાય અર્પણ કરી

રાજકોટ
ભાદરવી પૂનમના દિવસે



મહુવાનાં હોમગાર્ડ જવાન સ્વ સંદીપભાઈ દવેનું અકસ્માતમાં અવસાન થયું હતું. પૂજ્ય મોરારિબાપુને આ દુઃખદ ઘટનાનાં સમાચાર પ્રાપ્ત થતાં તેમણે હતભાગી જવાનને શ્રધ્ધાંજલિ પાઠવી હતી અને તેમની બે દીકરીઓને ચિત્રકૂટ ધામ તલગાજરડા ખાતે રુપિયા ૫૧ હજારની સહાયતા રાશિ અર્પણ કરી હતી. પૂ બાપુએ સ્વ દવેભાઈનાં નિર્વાણ માટે પ્રાર્થના કરી હતી. આ કાર્યમાં અતુલ ચિતલીયાની માનવતાભરી સેવા રહી હતી.

આ તકે પૂજ્ય મોરારિબાપુ પાસે હોમગાર્ડ કમાંડર ખાંમભલિયા, ઉપ કમાંડર તેમજ મરણ પામનારના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. પૂ બાપુએ તેમનાં પરિવારજનોને દિલસોજી પાઠવી હતી.

# શનિ-રવિ રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર-કચ્છ બ્રહ્મ સમાજનું મહાઅધિવેશન

## સમાજની એકતા, પ્રગતિ અને વિકાસના મુદ્દે થશે વિચારમંથનઃ નવા હોદ્દેદારોની વરણી

રાજકોટ,
સૌરાષ્ટ્ર -કચ્છ બ્હ્મ સમાજ, રાજકોટ જિલ્લા દ્વારા સમાજના ભાઈ-બહેનોને એક મંચ પર લાવી સમાજની એકતા,પ્રગતિ અને વિકાસ અંગે વિચાર વિમર્શ કરવા માટે ૨૮મું ભવ્ય મહાઅધિવેશન તા. ૧૯ અને ૨૦ સપ્ટેમ્બર (શનિ-રવિ) રાજકોટ ખાતે યોજાશે. આ ઐતિહાસિક મહાઅધિવેશનના યજમાન તરીકે રાજકોટની પસંદગી કરવામાં આવી હોવાનું યાદીમાં જણાવાયું છે.

મહાઅધિવેશનમાં સૌરાષ્ટ્ર-કચ્છના વિવિધ શહેરોમાંથી સમાજના પ્રતિનિધિઓ, આગેવાનો, સંતો-મહંતો તથા વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત સમાજના ભાઈ-બહેનો ઉપસ્થિત રહી,સમાજના વર્તમાન પ્રશ્નોત, વિકાસની નવી દિશાઓ તથા સંગઠનની મજબૂતી અંગે મહત્વપૂર્ણ ચર્ચા-વિચારણા કરવામાં આવશે.

તા. ૧૯ ના શનિવારે સાંજે ૪ કલાકે મુખ્ય સમિતિના આમંત્રિત મહેમાનોનું આગમન થશે. સાંજે ૪:૩૦ કલાકે વિચારવિમર્શ સમિતિની બેઠક યોજાશે.સાંજે ૭ થી ૯ કલાક સુધી બ્રહ્મભોજન તથા પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ રાત્રે ૯ થી ૧૨ કલાક સુધી ભવ્ય સાંસ્કુતિક લોકડાયરો યોજાશે,આ પ્રસંગે વિશ્વવિખ્યાત સાગરભાઈ રાવલ તથા હરેશદાન સૂરુ દ્વારા વિશેષ સાંસ્કતિક ડાયરો રજૂ કરવામાં આવશે.

તા. ૨૦ ના રવિવારે સવારે ૯ કલાકે દીપ પ્રાગટય સાથે મહાઅધિવેશનના મુખ્ય કાર્યક્રમના પ્રારંભ થશે.સવારે ૧૦ કલાકે વિવિધ શહેરોમાંથી આવેલા પ્રતિનિધિઓ તથા નવનિયુક્તે પ્રમુખોનું સન્માન કરવામાં આવશે. સવારે ૧૦:૩૦ કલાકે મુખ્ય મહેમાનોનું સન્માન તથા ૧૧ કલાકે સંતો-મહંતોનું સ્વાગત અને સન્માન કરવામાં આવશે.

ત્યારબાદ વિચારવિમર્શ સમિતિમાં ટ્રસ્ટી મંડળ દ્વારા વિવિધ મહત્વપૂર્ણ ઠરાવો કરેલ હોય તેની જાહેરાત કરવામાં આવશે. બપોરે ૧૨ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે,બહારગામથી આવનાર માટે રહેવા-ઉતારાની વ્યરવસ્થા પાટી પ્લોટ ઉપર રાખવામાં આવી હોવાનું જણાવાયું છે.મહાઅધિવેશનનું આયોજન અવસર પાર્ટી પ્લોટ, જામનગર રોડ, પરાપીપળિયાના પાટિયા નજીક, રેલવે ફાટક પાસે, રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે

આ ઐતિહાસિક મહાઅધિવેશનને સફળ બનાવવા માટે ટ્રસ્ટી મીલન ભાઈ શુક્લ તથા પ્રમુખ પંકજભાઈ રાવલ તથા ભુપતભાઈ પંડિયા મોરબી, ચીંતનભાઈ ભટ્ટ મોરબી, અજયભાઈ સાતા નીરંજનભાઈ દવે, અમીતભાઈ ખીરા, રાજુભાઈ દવે, શૈલેષભાઈ દવે વિજયભાઈ જહેમત ઉઠાવી રહયા છે.

# રાજકોટમાં પંખીઓની ગણતરીના પ્રથમ તબક્કામાં ૧૫૦ જાતના પક્ષીઓની નોંધ



રાજકોટ,
તાજેતરમાં 'રાજકોટ બર્ડ એટલાસ'ના પ્રથમ ચરણના ડેટા કલેક્શન (સર્વે)નું કામ ખૂબ જ ઉત્સારહપૂર્વક અને સફળતાપૂર્વક પૂર્ણ થયું. જેમાં આશરે ૮૦ થી ૯૦ પ્રકૃતિપ્રેમી મિત્રોએ ભાગ લીધો અને પક્ષીઓની લગભગ ૧૫૦ જેટલી વિવિધ જાતોની નોંધ કરી. હવે આ સર્વેનું બીજું ચરણ ડિસેમ્બર અથવા જાન્યુઆરી મહિનામાં (શિયાળામાં) હાથ ધરવામાં આવશે અને ત્રીજું ચરણ એપ્રિલ અથવા મે મહિનામાં (ઉનાળામાં) યોજાશે તેમ જણાવાયું છે.

# રાજકોટમાં આર.કે જૈન ફાઉન્ડેશન દ્વારા રાહતદર વોકિંગ સ્ટીકનું વિતરણ

રાજકોટ,રાજકોટમાં આર.કે જૈન ફાઉન્ડેશન દ્વારા સિનિયર સિટીઝનની સેવા માટે વોકિંગ સ્ટીક (ચાલવા માટેની સ્ટીલની ટેકા લાકડી) જે બજાર કિંમત અંદાજિત ૪૦૦ રૂપિયા છે તે અમારા ફ ાઉન્ડેશન (ટ્રસ્ટ) તરફથી ૧૫૦ રૂપિયા ના ટોકન દરે આર.કે જૈન ફાઉન્ડેશન, ગૌતમ કોમર્શિયલ સેન્ટર, ઓફિસ નં. ૨૦૮, બોમ્બે હોટલની સામે, ગોંડલ રોડ, રાજકોટ ખાતે સાંજે ૪ થી ૬ દરમ્યાન આપવામાં આવશે.

# ક્રોમાએ નવા આઈફોન ૧૮ પ્રો સિરીઝનું પ્રી-બુકિંગ કર્યુ શરૂ

## રૂ. ૧૨,૦૦૦ સુધીનું વિશેષ એક્સચેન્જ બોનસ મળશે

રાજકોટ
ટાટા ગ્રુપની ભારતની અગ્રણી ઓમ્ની-ચેનલ ઈલેક્ટ્રોનિક્સ રિટેલર ક્રોમાએ આઈફોન ૧૮ પ્રો અને આઈફોન ૧૮ પ્રો-મેક્સનું પ્રી-બુકિંગ શરૂ કરી દીધું છે. ગ્રાહકો દેશભરમાં ક્રોમાના સ્ટોર્સ, croma.com, Tata Neu એપ અને બિગ બાસ્કેટ મારફતે ઉપલબ્ધ સુગમ પ્રી-બુકિંગ ઓફર હેઠળ એપલની લેટેસ્ટ ડિવાઈસીસ બુક કરાવી શકે છે. નવી પ્રોસિરીઝમાં કામગીરી અને ફોટોગ્રાફીના ક્ષેત્રે એપલની નવીનતમ ટેક્નોલોજીનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં શક્તિશાળી A૨૦ પ્રોચિપ, એપલદ્વારા સ્વદેશી રીતે વિકસાવવા માં આવેલ C2 વાયરલેસ મોડેમ અને ફિઝિકલ વેરિએબલ એપરચર સાથે નવા ૪૮ મેગાપિક્સેલ ફ્યુઝન મુખ્ય કેમેરાનો સમાવેશ થાય છે. ઈન્ફિનિટી રિટેલ લિમિટેડના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "નવા આઈફોનપ્રોનું લોન્ચિંગ હંમેશાં ગ્રાહકોમાં ભારે ઉત્સુકતા પેદા કરે છે અને ગ્રાહકો હવે પોતાની પસંદગીનું મોડલ સરળતાથી અને કોઈ મુશ્કેલી વિના બુક કરાવવાની અપેક્ષા રાખે છે. દેશભરમાં આવેલા અમારા સ્ટોર્સના નેટવર્ક અને ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા અમે યોગ્ય મોડલ પસંદ કરવાથી લઈને જૂની ડિવાઈસને એક્સચેન્જ કરવા અને ખરીદી પૂર્ણ કરવા સુધીની સમગ્ર પ્રી-બુકિંગ પ્રક્રિયાને વધુ સરળ બનાવી રહ્યા છીએ. નવી સિરીઝની સાથે આઈફોન ૧૭ પ્રોઅને આઈફોન ૧૭ પ્રોમેક્સપણ આકર્ષક કિંમતે ઉપલબ્ધ હોવાથી ગ્રાહકો પોતાની જરૂરિયાતો અને બજેટને સૌથી વધુ અનુકૂળ આવે તેવું પ્રોમોડલ પસંદ કરી શકે છે."

# રાજકોટ કોર્પોરેશનની સ્પોટર્સ એન્ડ રિક્રીએશન કલબ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન



રાજકોટ,
તાજેતરમાં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન સ્ટાફ સ્પોર્ટ્સ્ એન્ડ રિક્રીએશન ક્લબના ઉપક્રમે કોર્પોરેશનના કર્મચારીઓના સંતાનો કે જેઓ ધોરણ ૧ થી ૧૨ ની વાર્ષિક પરીક્ષામાં ૭૦% થી વધુ માર્કર્સ મેળવેલ તેઓને સન્માનિત કરવાનો એક કાર્યક્રમ કોર્પોરેશનના સભાગૃહ ખાતે ડે.મેયર દક્ષાબેન વસાણીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

આ કાર્યક્રમના ઉદઘાટક તરીકે સ્ટે.કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા અને ખાસ મહેમાન તરીકે ડૉ.જનકભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. ૧૨૫ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કર્યા કોર્પોરેશનનાં અધિકારી સવેશ્રી ડે.એન્જીનીયર ભરતભાઈ બોલાણીયા, જગ્યા રોકાણ અધિકારી વાઘાભાઈ બોરીયા, ગાર્ડન વિભાગના ડાયરેકટર ભાવેશભાઈ જકાસણીયા, સ્ટોર વિભાગના અધિકારી પ્રણવભાઈ પંચોલી અને શેઠ હાઈસ્કુલના આચાર્ય ડૉ. તુષારભાઈ પંડયા ઉપરાંત કર્મચારી યુનિયનનાં વરિષ્ઠ આગેવાન જયેન્દ્રભાઈ મહેતા,વલ્લભભાઈ પીપળીયા, દિલિપભાઈ પંડયા, પ્રમુખ કિર્તીભાઈ જોષી તથા કલબના આગેવાન હસુભાઈ ગણાત્રા ઉપસ્થિત રહ્યા હતા. સ્ટે.કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયાએ કોર્પોરેશનના કર્મચારીઓના સંતાનો પોતાની કારકિર્દીમાં ખુબ સારી પ્રગતી સાધી ઉચ્ચકક્ષાના અધિકારી બની કોર્પોરેશનનું નામ ઉજ્જવળ કરે તેવી શુભકામના પાઠવી હતી, ૧૨૫ જેટલા વિધાર્થીઓને માર્કશીટ તપાસી પરિણામ તૈયાર કરનાર ડૉ.તુષારભાઈ પંડયાને વિશેષ રીતે સન્માનિત કરવામાં આવેલ હતા. કલબના પ્રમુખ કીર્તિભાઈ જોષીએ કાર્યક્રમમાં ઉપસ્થિત પદાધિકારીઓ-અધિકારીઓ તથા વિધાર્થીઓ-વાલીઓ અને કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવનાર સર્વેનો આભાર વ્યક્ત- કર્યો હતો.

# રાજકોટમાં સહેલી લેડીઝ કલબ દ્વારા એક દિવસીય વેલકમ નવરાત્રી રસોત્સવ યોજાશે



રાજકોટ,રાજકોટ સહેલી લેડીઝ કલબ દ્વારા આગામી તા. ૨૦ ના રવિવારે વેલકમ નવરાત્રીનું આયોજન કરાયુ છે.

સેન્ટ ગાર્ગી સ્કુલ, ૨-સુભાષનગર, આમ્રપાલી ફાટક પાસે, રૈયારોડ ખાતે તા. ૨૦ના રવિવારે બપોરે ૩ થી ૭ આયોજીત આ એક દિવસીય વેલકમ નવરાત્રીમાં ૩ થી ૧૦ વર્ષ, ૧૧ થી ૧૮ વર્ષ, ૧૯ થી ૪૦ વર્ષ અને ૪૦ થી ઉપરની વય એમ પાંચ ગ્રુપમાં લેડીઝ જેન્ટસ ભાગ લેશે.દરેક ગ્રુપના ખેલૈયાઓને લાખેણા ઈનામો ઉપરાંત શ્યોર ગીફટ અપાશે. વધુ માહિતી માટે મો.૯૯૨૪૭ ૫૩૭૨૨ ઉપર સંપર્ક કરવા જણાવાયુ છે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જીતા દતાણી, તૃપ્તિ મકવાણા, જયોતિ પોરીયાના માર્ગદર્શન હેઠળ જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# રાજકોટ રોટરી કલબ ઓફ રાજકોટ પ્રાઈમ દ્વારા નેશન બિલ્ડર એવોર્ડ કાર્યક્રમ યોજાયો



રાજકોટ,
રોટરી કલબ ઓફ રાજકોટ પ્રાઈમ દ્વારા રાજકોટના શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર અને પ્રેરણાદાયી યોગદાન આપનાર અગ્રણી શિક્ષણવિદોના સન્માન માટે 'નેશન બિલ્ડર એવોર્ડ' સમારોહનું આયોજન રાજકોટ ખાતે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શિક્ષણ ક્ષેત્રે પોતાના વિશિષ્ટ યોગદાન અને સમાજ તથા નવી પેઢીના ઘડતરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર ડો. નવીન શેઠ (પૂર્વ કુલપતિ) ડો. કમલેશ જાની (આચાર્ય, પી.ડી.. માલવિયા કોલેજ), દેનિશ પટેલ (આર.કે.. યુનિવર્સિટી), ડો. આર. બી. જાડેજા (પ્રોવોસ્ટ અને વાઈસ ચાન્સેલર, મારવાડી યુનિવર્સિટી), ડો. ઉત્પલ જોશી (વાઈસ ચાન્સેલર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી), ડો. અલ્પના ત્રિવેદી (ટ્રસ્ટી, મહાત્મા ચેરીટેબલ ટ્રસ્ટ) તથા ફાધર જોમોન થોમ્માના (ડિરેકટર, ક્રાઈસ્ટ કોલેજ) નું સન્માન કરવામાં આવ્યું હતું.આ ઉપરાંત, શિક્ષણ ક્ષેત્રે દાયકાઓથી આપેલા નોંધપાત્ર અને અમૂલ્ય યોગદાન બદલ ડો. નવીન શેઠ સાહેબને એવોર્ડ એનાયત કરી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.સમારોહ દરમિયાન શિક્ષણવિદોના સમાજ ઘડતર તથા નવી પેઢીના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણમાં રહેલા અમૂલ્ય યોગદાનને બિરદાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ શિક્ષણ દ્વારા સમાજ અને રાષ્ટ્રના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ માટે સૌને પ્રેરિત કરવાનો હતો.

# દુનિયાને છેતરવા માટે પાકિસ્તાનની 'નાપાક' યુક્તિ: જૈશ ચીફ મસૂદ અઝહર પર ૭ મિલિયનનું ઈનામ જાહેર

## અગાઉ પણ એફએટીએફની ગ્રે લિસ્ટમાં મુકાવાથી બચવા માટે પાકિસ્તાને ૨૦૨૧ માં દાવો કરવાનું શરૂ કર્યું હતું કે મસૂદ અઝહર તેની ધરતી પર નથી



ઈસ્લામાબાદ,

પાકિસ્તાન તેની પ્રવૃત્તિઓથી દૂર નથી રહ્યું. આતંકવાદીઓને તાલીમ આપીને અને રક્ષણ આપીને, તે વિશ્વને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યું છે. પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સમુદાયને છેતરવા અને એફએટીએફ ગ્રે લિસ્ટમાં સામેલ ન થવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યું છે. આ પ્રયાસના ભાગ રૂપે, તેણે હવે જૈશ-એ-મોહમ્મદના વડા મૌલાના મસૂદ અઝહર પર ૭૦ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું છે.પાકિસ્તાનની ફેડરલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ મસૂદ અઝહરને વિશ્વના મોસ્ટ વોન્ટેડ આતંકવાદીઓની નવી રેડ બુકમાં ભાગેડુ જાહેર કર્યો છે અને ઈનામ રકમ ૨ મિલિયનથી વધારીને ૭ મિલિયન કરી છે. અગાઉ, મસૂદ અઝહર પર ઈનામ ૫ મિલિયન હતું. પાકિસ્તાન દ્વારા આ કોસ્મેટિક કાર્યવાહી ઓક્ટોબરમાં ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સની બેઠક પહેલા કરવામાં આવી છે. પાકિસ્તાન એફએટીએફની ગ્રે લિસ્ટમાં મુકાવાનું ટાળવા માંગે છે.

અગાઉ પણ, એફએટીએફની ગ્રે લિસ્ટમાં મુકાવાથી બચવા માટે, પાકિસ્તાને ૨૦૨૧ માં દાવો કરવાનું શરૂ કર્યું હતું કે મસૂદ અઝહર તેની ધરતી પર નથી અને અફઘાનિસ્તાન ભાગી ગયો હતો. તે જ સમયે, ફેડરલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ મસૂદ અઝહર પર ૫ મિલિયનનું ઈનામ રાખ્યું હતું. હવે, લગભગ પાંચ વર્ષ પછી, ઈનામ વધારીને ૭ મિલિયન કરવામાં આવ્યું છે.પાકિસ્તાન ૨૦૨૧ થી સતત કહી રહ્યું છે કે મસૂદ અઝહર અફઘાનિસ્તાનમાં છુપાયેલો છે. દરમિયાન, છેલ્લા છ મહિનાથી ભારતીય ગુપ્તચર એજન્સીઓ દ્વારા કરવામાં આવેલા ટેકનિકલ વિશ્લેષણમાં ખુલાસો થયો છે કે તે પાકિસ્તાનના સિંધ પ્રાંતના નવાબશાહ શહેરમાં છુપાયેલો છે. અગાઉના એક ઈન્ટરવ્યુમાં, પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના નેતા અને ભૂતપૂર્વ વિદેશ પ્રધાન બિલાવલ ભુટ્ટોએ જણાવ્યું હતું કે પાકિસ્તાનને જૈશ-એ-મોહમ્મદના વડા મસૂદ અઝહર ક્યાં છે તે ખબર નથી. તેમણે કહ્યું હતું કે જો ભારત મસૂદ અઝહર પાકિસ્તાનમાં હોવાના નક્કર પુરાવા પ્રદાન કરે છે, તો તેની ધરપકડ કરવામાં આવશે. મસૂદ અઝહર ઉપરાંત, એફઆઈએ ની નવી અપડેટ કરેલી રેડ બુકમાં ૨૬/૧૧ ના મુંબઈ હુમલામાં સામેલ ૧૯ આતંકવાદીઓના નામ શામેલ છે, જેમાં તે લોકોનો પણ સમાવેશ થાય છે જેમણે ઓપરેટિવ્સને મદદ કરી, ભંડોળ પૂરું પાડ્યું અથવા બોટની વ્યવસ્થા કરી.

# સુપ્રીમ કોર્ટ હિન્દી સારાંશ અને ઓડિયો-વિડિયો બુલેટિન ઉપલબ્ધ કરાવશે

નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે સોમવારે હિન્દીમાં નવી જાહેર માહિતી સેવા શરૂ કરવાની જાહેરાત કરી છે. આ સેવા હેઠળ, પસંદગીના મહત્વપૂર્ણ ચુકાદાઓ અને આદેશોના સરળ હિન્દી સારાંશ તેમજ મુખ્ય નિર્ણયોની સમજ આપતા ૧૫-૩૦ મિનિટના દૈનિક ઓડિયો અને વિડિયો બુલેટિન ઉપલબ્ધ કરાવવામાં આવશે.

હિન્દી દિવસ નિમિત્તે જાહેર કરાયેલી આ પહેલનો ઉદ્દેશ્ય સુપ્રીમ કોર્ટના મહત્વપૂર્ણ નિર્ણયો અને તેની અસરોને સામાન્ય નાગરિકો અને કેસ લડતા પક્ષકારો માટે વધુ સુલભ બનાવવાનો છે, ખાસ કરીને એવા લોકો માટે જેમને લાંબા કાનૂની દસ્તાવેજો વાંચવા કે સમજવા મુશ્કેલ લાગે છે.

એક પ્રેસ નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે જરૂરી વ્યવસ્થાઓ પૂર્ણ થયા બાદ ટૂંક સમયમાં જ આ હિન્દી સેવા શરૂ કરવામાં આવશે. દરેક સારાંશ સાથે સંબંધિત અધિકૃત ચુકાદા અથવા આદેશની લિંક પણ આપવામાં આવશે, જેથી વપરાશકર્તાઓ કોર્ટના મૂળ દસ્તાવેજ સુધી પહોંચી શકે.

ઓડિયો અને વિડિયો બુલેટિનનો હેતુ મહત્વપૂર્ણ નિર્ણયો, તેની અસરો અને તેમાંથી ઉદ્ભવતી આગળની કાર્યવાહીને સમજવા માટેનું વધુ સરળ માધ્યમ પૂરું પાડવાનો છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે આ પહેલથી દિવ્યાંગ વ્યક્તિઓને પણ લાભ થશે.

આ સેવા શરૂઆતમાં હિન્દીમાં ઉપલબ્ધ થશે અને કોર્ટ તેને તબક્કાવાર અન્ય ભારતીય ભાષાઓમાં પણ વિસ્તારવાની યોજના ધરાવે છે. આ પગલાનો ઉદ્દેશ્ય વિવિધ ભાષી વિસ્તારોના નાગરિકોને સુપ્રીમ કોર્ટના મહત્વપૂર્ણ નિર્ણયો વિશેની સંક્ષિપ્ત માહિતી તેમની પરિચિત ભાષાઓમાં ઉપલબ્ધ કરાવવાનો છે.

નિવેદનમાં એમ પણ ઉમેરવામાં આવ્યું હતું કે આ પહેલનો હેતુ ભારતીય ભાષાઓ પ્રત્યેની માન્યતા અને આદરને ન્યાયિક જાહેર માહિતી સાથે જોડવાનો તેમજ ન્યાય સુધીની પહોંચને વધુ સુલભ બનાવવાના વ્યાપક ઉદ્દેશ્યને આગળ વધારવાનો છે.

# કરાચીમાં લશ્કર-એ-તૈયબાના વડા હાફિઝ સઈદના નજીકના એક આતંકવાદીની હત્યા

## બે મોટરસાઈકલ પર આવેલા ચાર બંદૂકધારીઓએ કર્યો ગોળીબાર

કરાચી,

હાફિઝ સઈદના એક નજીકના સાથીની ચાર અજાણ્યા બંદૂકધારીઓએ ગોળી મારીને હત્યા કરી દીધી. હુમલો થયો ત્યારે તે દરવાજા પાસે બેઠો હતો. તે જ સમયે બે મોટરસાઈકલ પર આવેલા ચાર બંદૂકધારીઓ આવ્યા અને ગોળીબાર કર્યો. હુમલો એટલો ઝડપી હતો કે સઈદના નજીકના સાથીને ખાંસવાની પણ તક મળી નહીં.

મૃતક લશ્કર-એ-તૈયબાના વડા હાફિઝ સઈદનો નજીકનો સાથી હોવાનું કહેવાય છે. જોકે, પાકિસ્તાની અધિકારીઓએ હજુ સુધી તેની ઓળખ કે સંગઠનમાં ભૂમિકા અંગે કોઈ વિગતો જાહેર કરી નથી. હુમલા બાદ, હુમલાખોરો આતંકવાદીનું હથિયાર પણ છીનવી ગયા.

ધોળા દિવસે બનેલી આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો. માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ. પાકિસ્તાની સુરક્ષા એજન્સીઓ પણ પહોંચી ગઈ અને કેસની તપાસ શરૂ કરી દીધી. પોલીસ અને સુરક્ષા એજન્સીઓ હુમલાખોરોની ઓળખ કરવા અને હત્યા પાછળનો હેતુ નક્કી કરવા માટે કામ કરી રહી છે.

કરાચીમાં બનેલી આ ઘટનાનો આરોપ પાકિસ્તાનમાં આતંકવાદી સંગઠનો સાથે સંકળાયેલા વ્યક્તિઓ પર લગાવવામાં આવ્યો છે. તેને શ્રેણીબદ્ધ હુમલાઓ સાથે જોડવામાં આવી રહ્યો છે.

# વ્યાપારી જહાજો, નાવિકો, નાગરિકો અને નાગરિક માળખાગત સુવિધાઓને નિશાન બનાવી હુમલાની ભારત સરકારે નિંદા કરી

## વધુ એક વખત ભારત સરકારે પશ્ચિમ એશિયામાં તણાવ ઘટાડવા આહ્વાન કર્યું

નવી દિલ્હી,

પશ્ચિમ એશિયામાં તણાવ ઘટાડવાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂકતા, ભારતે રવિવારે ઓમાનના દરિયાકાંઠે એક વ્યાપારી જહાજ પર થયેલા હુમલાની નિંદા કરી હતી. ભારતે જણાવ્યું હતું કે જહાજ પર ૧૪ ભારતીયો સવાર હતા, જેમાંથી ૧૩ને અત્યાર સુધીમાં બચાવી લેવામાં આવ્યા છે, જ્યારે ગુમ થયેલા એક ભારતીય નાગરિકની શોધખોળ ચાલુ છે.

વિદેશ મંત્રાલય (MEA) એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઓમાનમાં ભારતીય દૂતાવાસ પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે અને બચાવ કામગીરી માટે સ્થાનિક સત્તાવાળાઓ સાથે સતત સંપર્કમાં રહીને સક્રિયપણે સંકલન સાધી રહ્યું છે.

મંત્રાલયે બચાવી લેવાયેલા ભારતીય નાગરિકોને મદદ કરવા બદલ ઓમાનના સત્તાવાળાઓનો આભાર પણ માન્યો હતો.

વિદેશ મંત્રાલયે કહ્યું, "અમે તણાવ ઘટાડવાની અને આ પ્રદેશમાં શાંતિ સ્થાપવા માટે વાતચીત તથા મુત્સદ્દીગીરીનો માર્ગ અપનાવવાની અમારી અપીલનું પુનરાવર્તન કરીએ છીએ."

મંત્રાલયે વધુમાં ઉમેર્યું, "આ પ્રદેશમાં વ્યાપારી જહાજો, નાવિકો, નાગરિકો અને નાગરિક માળખાગત સુવિધાઓને નિશાન બનાવવી અસ્વીકાર્ય છે. અમે એ પણ આગ્રહ કરીએ છીએ કે આ પ્રદેશના આંતરરાષ્ટ્રીય જળમાર્ગો પર મુક્ત અને સુરક્ષિત અવરજવર તથા વેપારનો પ્રવાહ વહેલી તકે પુનઃસ્થાપિત કરવામાં આવે."

વડાપ્રધાન મોદીએ 'નાવિકો માટે કટોકટી સહાય નેટવર્ક' (Seafarers' Emergency Support Nªwork) સ્થાપવાની હાકલ કરી દિવસની શરૂઆતમાં 'MT El Gaia' જહાજ પર થયેલો હુમલો આ પ્રદેશમાં વ્યાપારી જહાજો પર થયેલા હુમલાઓની શ્રેણીમાં તાજેતરની ઘટના છે. ભારત આ મુદ્દાને સતત ઉઠાવતું રહ્યું છે અને નાવિકોની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી છે. સરકારના જણાવ્યા અનુસાર, આ પ્રદેશમાં યુએસ-ઈરાન સંઘર્ષ શરૂ થયા ત્યારથી અત્યાર સુધીમાં માર્યા ગયેલા ૧૬ ભારતીયોમાં ૧૦ ભારતીય નાવિકોનો સમાવેશ થાય છે. શનિવારે નવી દિલ્હીમાં આયોજિત બ્રિક્સ (BRICS) સમિટમાં સંબોધન કરતી વખતે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વૈશ્વિક અને પ્રાદેશિક સંકટને કારણે વધતા જોખમોનો સામનો કરી રહેલા નાવિકોની સુરક્ષા માટે 'નાવિકો માટે કટોકટી સહાય નેટવર્ક' સ્થાપવાની હાકલ કરી હતી.

# સુરક્ષાનો હવાલો આપીને ચીન બેઈજિંગમાં ડ્રોન રાખવા પર કડક પ્રતિબંધ મૂકશે

## ડ્રોન અંગેના નિયમો ૧૫ નવેમ્બરથી અમલમાં આવશે

બીજિંગ,

ચિયાનની રાજધાની બેઈજિંગ નવેમ્બરથી નવા નિયમો હેઠળ શહેરની મર્યાદામાં ડ્રોન રાખવા પર પ્રતિબંધ મૂકશે, જે પહેલાથી જ ઉપકરણોના વેચાણ પર પ્રતિબંધ મૂકતા નિયમોને વધુ કડક બનાવશે.

રવિવારે જાહેર કરાયેલા અને ૧૫ નવેમ્બરથી અમલમાં આવનારા નિયમોમાં, ચીનની રાજધાનીમાં માનવરહિત હવાઈ વાહનો (છ્ફ) રાખવા અથવા સંગ્રહ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને તેના હવાઈ ક્ષેત્રમાં ફ્લાઈટ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

બેઈજિંગમાં ડ્રોન અથવા તેના ઘટકોનું પરિવહન પણ પ્રતિબંધિત રહેશે.

૨૨ મિલિયન વસ્તીવાળા શહેરમાં હવાઈ સુરક્ષાનો ભય જૂનમાં ત્યારે ઉભો થયો હતો જ્યારે એક નાનું વિમાન તેની સૌથી ઊંચી ગગનચુંબી ઈમારત સાથે અથડાયું હતું, જેમાં પાઈલટનું મૃત્યુ થયું હતું અને ૧૩ અન્ય ઘાયલ થયા હતા.

બેઈજિંગની મ્યુનિસિપલ સરકાર દ્વારા ઘડવામાં આવેલા નિયમોમાં "રાજધાનીની સુરક્ષાનું રક્ષણ" કરવાની જરૂરિયાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

મે મહિનામાં રજૂ કરાયેલા નિયમો હેઠળ, બેઈજિંગે પહેલાથી જ ડ્રોન વેચાણ પર પ્રતિબંધ મૂક્યો હતો, જ્યારે માલિકોએ તેમના ઉપકરણોની નોંધણી કરાવવાની હતી પરંતુ તેમને રાખવાની મંજૂરી આપવામાં આવી હતી.

# ચૂંટણી પહેલાં તુર્કી સરકારની LGBTQ+ જૂથો સામે કડક કાર્યવાહી

## ઈસ્તંબુલ, અંકારા, ઈઝમિર, આયદિન અને મેર્સિન જેવા મુખ્ય શહેરોમાં એકસાથે દરોડા પાડવામાં આવ્યા

તુર્કી

વહેલી સવારે તુર્કીના સત્તાવાળાઓએ અનેક LGBTQ+ જૂથો અને વ્યક્તિઓ સામે કડક કાર્યવાહી કરી હતી; જેમાં ડઝનબંધ સભ્યોની અટકાયત કરવામાં આવી હતી, સંગઠનોની ઓફિસોમાં ઘૂસણખોરી કરવામાં આવી હતી અને લોકપ્રિય મેળાવડાના સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા.

ખાસ કરીને ચૂંટણીના માહોલ વચ્ચે LGBTQ+ જૂથો પ્રત્યેના દાયકા જૂના વિરોધભાવમાં વધારો કરતા, રાત્રે ૧ વાગ્યે ઈસ્તંબુલ, અંકારા, ઈઝમિર, આયદિન અને મેર્સિન જેવા મુખ્ય શહેરોમાં એકસાથે પોલીસ દરોડા પાડવામાં આવ્યા હતા.

ન્યાય મંત્રી અકિન ગુરલેકે સોશિયલ મીડિયા પર જાહેરાત કરી હતી કે ૧૬૨ શંકાસ્પદ વ્યક્તિઓ, નવ સંગઠનો અને ૧૩ વ્યવસાયો સામેની આ તપાસ રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોઆનના પરિવાર અને બાળકોને લગતા ૧૦ વર્ષ જૂના વહીવટી આદેશને અનુરૂપ "બાળકો, પરિવારની સંસ્થા અને જાહેર વ્યવસ્થાના રક્ષણ" માટે કરવામાં આવી રહી છે. ગુરલેકે કહ્યું, "બંધારણ દ્વારા રાજ્યને સોંપવામાં આવેલી પરિવાર અને બાળકોના રક્ષણની ફરજ મુજબ, બાળકો, યુવાનો કે પરિવારોને નિશાન બનાવતા કોઈપણ ગુનાહિત સંગઠન, શોષણ નેટવર્ક કે ગેરકાયદેસર પ્રવૃત્તિને સહન કરવામાં આવશે નહીં!"

આ દરોડામાં LGBTQ+ અધિકારો અને HIV જાગૃતિ માટે કામ કરતા અનેક અગ્રણી જૂથોના વર્તમાન અને ભૂતપૂર્વ સભ્યોને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ સંગઠનોની વેબસાઈટ્સ પણ બ્લોક કરી દેવામાં આવી હતી.

# ચીન આપણી જાસૂસી કરે છે, આપણે પણ એ જ કરીએ છીએ, અમેરિકન રાષ્ટ્રપતિ

વોશિંગ્ટન,

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે ચીન અંગે એક મોટું નિવેદન આપ્યું હતું. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે ચીન અમેરિકાની જાસૂસી કરે છે અને અમેરિકા ચીન સાથે પણ એવું જ કરે છે. ટ્રમ્પે કહ્યું છે કે તેઓ તેમની મુલાકાત દરમિયાન ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે લગભગ દરેક બાબત પર ચર્ચા કરશે. ટ્રમ્પના આ દાવાથી ફરી એકવાર ચીની જાસૂસી અંગે ચર્ચા શરૂ થઈ છે.

નોંધનીય છે કે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ ટૂંક સમયમાં અમેરિકાની મુલાકાતે જવાના છે. અહેવાલો અનુસાર, શી જિનપિંગ ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ યુનાઈટેડ સ્ટેટ્સ આવવાના છે. તેઓ ૨૪ સપ્ટેમ્બરના રોજ વ્હાઈટ હાઉસમાં યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત કરશે. અગાઉ, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ જૂનમાં ચીનની મુલાકાત લીધી હતી. તેમણે શી જિનપિંગ સાથેની તેમની મુલાકાતને ખૂબ જ સકારાત્મક ગણાવી હતી. ડોનાલ્ડ ટ્રમ્પે ૨૦૨૮ ની યુએસ પ્રમુખપદની ચૂંટણી વિશે પણ વાત કરી. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ ૨૦૨૮ ની રાષ્ટ્રપતિ ચૂંટણીમાં વર્તમાન ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સની ઉમેદવારીને ટેકો આપશે, ત્યારે ટ્રમ્પે જવાબ આપ્યો, "હજુ પણ ઘણો સમય બાકી છે. વાન્સ, અમારી પાસે ઘણા સારા વિકલ્પો છે, તે બધા ખૂબ સારા છે." રિપબ્લિકન ઉમેદવારો તરીકે આગામી યુએસ પ્રમુખપદની ચૂંટણી માટે ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સ અને સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોને અગ્રણી માનવામાં આવે છે.

# જયપુર અને ઉદયપુરમાં ભાજપનો વિજય; અજમેર અને બિકાનેરમાં કોંગ્રેસની જીત

## રાજસ્થાન નગરપાલિકા ચૂંટણી પરિણામો થયા જાહેર

જયપુર,

રાજસ્થાનની શહેરી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ માટે મતગણતરી ચાલી રહી છે, જેમાં મોટાભાગના મ્યુનિસિપલ કોર્પોરેશનો અને કાઉન્સિલમાં ભાજપ કોંગ્રેસ કરતાં આગળ છે. ૨૦૨૮ની વિધાનસભા ચૂંટણી પહેલાં સત્તાધારી ભાજપ અને વિરોધ પક્ષ કોંગ્રેસ માટે મોટી કસોટી સમાન ગણાતી આ ચૂંટણીઓ બે તબક્કામાં ૯ અને ૧૧ સપ્ટેમ્બરના રોજ યોજાઈ હતી. કુલ ૩૦૯ શહેરી સ્થાનિક સંસ્થાઓમાં ૧૦,૨૪૫ કાઉન્સિલરોની પસંદગી થવાની છે; આ સંસ્થાઓમાં ૧૦ મ્યુનિસિપલ કોર્પોરેશન, ૫૧ મ્યુનિસિપલ કાઉન્સિલ અને ૨૪૮ નગરપાલિકાઓનો સમાવેશ થાય છે.

આ ચૂંટણીઓમાં ૧૦ મ્યુનિસિપલ કોર્પોરેશન (નગર નિગમ), ૪૭ મ્યુનિસિપલ કાઉન્સિલ (નગર પરિષદ) અને ૨૫૨ નગરપાલિકાઓનો સમાવેશ થાય છે, જેમાં કુલ ૧૦,૨૪૫ કાઉન્સિલર બેઠકો અને અંદાજે ૧.૪૪ કરોડ પાત્ર મતદારો સામેલ છે. પ્રથમ તબક્કામાં ૧૬૨ સંસ્થાઓમાં મતદાનની ટકાવારી ૭૬.૪૧ ટકા અને બીજા તબક્કામાં ૧૪૭ સંસ્થાઓમાં ૭૧.૬૯ ટકા રહી હતી. બંને તબક્કાનું સંયુક્ત મતદાન ૭૪.૦૫ ટકા નોંધાયું હતું.

૩૦૯ શહેરી સ્થાનિક સંસ્થાઓ અને ૧૦,૧૬૭ વોર્ડમાં યોજાયેલી બે તબક્કાની ચૂંટણીના પરિણામો ૩૮,૮૮૯ ઉમેદવારોના ભાવિનો નિર્ણય કરશે. આ ચૂંટણીઓ ૧૬,૪૬૫ મતદાન મથકો પર યોજાઈ હતી, જેમાં મહિલાઓ, અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અને અન્ય પછાત વર્ગો (OBC) સહિત વિવિધ શ્રેણીઓ માટે બેઠકો અનામત રાખવામાં આવી હતી. કાઉન્સિલરના પરિણામો બાદ મેયર અને ચેરપર્સનની ચૂંટણી યોજાશે; મેયર અને ચેરપર્સન માટેની ચૂંટણી ૨૧ સપ્ટેમ્બરે નિર્ધારિત છે, જ્યારે ડેપ્યુટી મેયર, ડેપ્યુટી ચેરપર્સન અને વાઈસ-પ્રેસિડેન્ટની ચૂંટણી ૨૨ સપ્ટેમ્બરે યોજાશે.

# ચકચારી દિશા સાલિયાન કેસ : સીબીઆઈની એફઆઈઆરમાં આદિત્ય-ઉદ્ધવ ઠાકરેના નામ

## દિવંગત અભિનેતા સુશાંત સિંહ રાજપૂતની મેનેજરના મોતનો મામલો ફરી એકવાર ચર્ચામાં





મુંબઈ,

દિવંગત અભિનેતા સુશાંત સિંહ રાજપૂતની મેનેજર દિશા સાલિયાનના મોતનો મામલો ફરી એકવાર ચર્ચામાં આવી ગયો છે. આ મામલે સીબીઆઈ તરફથી નોંધાયેલી એફઆઈઆરમાં મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે, તેમના પુત્ર અને પૂર્વ મંત્રી આદિત્ય ઠાકરે, સહિત અનેક લોકોના નામ સામેલ છે.એફઆઈઆરમાં હત્યા, ગેંગરેપ,ગુનાહિત ષડયંત્ર, પુરાવા મીટાવવા અને ખોટી જાણકારી આપવા જેવા ગંભીર આરોપોની તપાસની માંગણી કરાઈ છે.

જો કે એફઆઈઆરમાં કોઈ વ્યક્તિનું નામ હોવું એ તેને આરોપી કે દોષિત સાબિત કરતા નથી. તપાસ દરમિયાન સામે આવનારા પુરાવાના આધારે જો કોઈની ભૂમિકા નક્કી થશે. એફઆઈઆરમાં કોઈનું નામ હોવું એ પણ તેની ધરપકડનો આધાર હોતો નથી. તેનો અર્થ હાલ એટલો જ કરી શકાય કે સીબીઆઈ આ નામો સંલગ્ન પહેલુઓ અને આરોપોની તપાસ કરશે. તપાસ દરમિયાન સામે આવનારા પુરાવા, તથ્યો અને નિવેદનોના આધારે જ આગળ કાનૂની કાર્યવાહી નિર્ધારિત થશે.

આ યાદીમાં સચિન વાઝે, પરમબીર સિંહ, ડીસીપી વિશાલ ઠાકુર અને તત્કાલિન મંત્રી અનિલ દેશમુખ સહિત અનેક પોલીસ અધિકારીઓ અને સરકારી કર્મચારીઓના નામ સામેલ છે. એફઆઈઆરમાં માલવણી પોલીસ સ્ટેશન સંલગ્ન અધિકારીઓની ભૂમિકાની પણ તપાસની માંગણી કરાઈ છે. આ ઉપરાંત પોસ્ટમોર્ટમ સાથે જોડાયેલા ડોક્ટરો, કર્મચારીઓ, ફોરેન્સિક સાયન્સ લેબના અધિકારીઓ અને અન્ય પોલીસ અધિકારીઓની ભૂમિકાની પણ તપાસની માંગણી કરાઈ છે. કયા કયા આરોપ?

એફઆઈઆરમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે દિશા સાલિયાનના મોત પાછળ ષડયંત્ર હોઈ શકે છે અને બાદમાં કેસને દબાવવાની કોશિશ કરાઈ.

તેમાં એવો પણ આરોપ છે કે મોતને આત્મહત્યાનું સ્વરૂપ આપવા માટે એક અલગ કહાની ઘડવામાં આવી અને તેને આગળ વધારવામાં આવી.

# બાળક ફક્ત તેની માતૃ ભાષા દ્વારા જ ભારતને સારીરીતે સમજી શકે : ગૃહમંત્રી અમિત શાહ

## અમિત શાહે પોતાના સંબોધનમાં ભારતની પ્રાદેશિક ભાષાઓ/માતૃભાષાઓ અને વંદે માતરમનો પણ ઉલ્લેખ કર્યો



નવીદિલ્હી,

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોમવાર, ૧૪ સપ્ટેમ્બરના રોજ હિન્દી દિવસ નિમિત્તે નવી મુંબઈમાં આયોજિત હિન્દી દિવસ ૨૦૨૬ અને છઠ્ઠા અખિલ ભારતીય સત્તાવાર ભાષા પરિષદને સંબોધિત કર્યું. ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે હિન્દી દેશની ભાષાકીય એકતા અને રાષ્ટ્રીય ચેતનાનું વાહક છે. અમિત શાહે પોતાના સંબોધનમાં ભારતની પ્રાદેશિક ભાષાઓ/ માતૃભાષાઓ અને વંદે માતરમનો પણ ઉલ્લેખ કર્યો. અમિત શાહે કહ્યું કે બાળક ફક્ત પોતાની માતૃભાષા દ્વારા જ ભારતને સમજી શકે છે.

અમિત શાહે કહ્યું, "વંદે માતરમ માત્ર એક ગીત નથી. વંદે માતરમ એ ઋષિ બંકિમચંદ્ર ચેટર્જીનો સંપૂર્ણ ગુલામીના સમયગાળા દરમિયાન ભારતીય ચેતનાને જાગૃત કરવાનો પ્રયાસ હતો. તેમણે પોતાની કવિતા દ્વારા ભારતની સુષુપ્ત ચેતનાને જાગૃત કરી. આનંદ મઠમાં લખાયેલું આ ગીત ઝડપથી સમગ્ર ભારત માટે સ્વતંત્રતાની ઘોષણા બની ગયું. મને કહેવામાં કોઈ ખચકાટ નથી કે વંદે માતરમની ઘોષણા સાથે, બંકિમચંદ્રએ માત્ર સ્વતંત્રતા માટેની ઝંખના અને સ્વતંત્રતા પ્રાપ્ત કરવાની તીવ્ર ઈચ્છા જગાડી નહીં, પરંતુ ભારતના સાંસ્કૃતિક રાષ્ટ્રવાદનો પાયો પણ નાખ્યો. મિત્રો, તેમણે વંદે માતરમને ટુકડા કરી નાખ્યું. સ્વતંત્રતા પછી પણ, દેશની સંસદને તેનું પૂર્ણ સ્વરૂપ સ્વીકારવામાં ૮૦ વર્ષ લાગ્યા. આપણી પાસે એક વડા પ્રધાન નરેન્દ્ર મોદી છે, જેમણે ફરી એકવાર સરકારી સમારંભોમાં વંદે માતરમને તેના સંપૂર્ણ સ્વરૂપમાં, ગર્વ સાથે, સામેલ કર્યું છે." રવિવારે મુંબઈમાં એક કાર્યક્રમને સંબોધિત કરતી વખતે અમિત શાહે કહ્યું હતું કે ભારતના જ્ઞાનનો નાશ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

અમિત શાહે કહ્યું, "બંધારણના ઘડવૈયાઓએ હિન્દીને સત્તાવાર ભાષા તરીકે અપનાવવાનો વિચારપૂર્વક નિર્ણય લીધો. અને હવે, આટલા વર્ષો પછી, નરેન્દ્ર મોદી વડા પ્રધાન બન્યા ત્યારથી, સત્તાવાર ભાષા વિભાગે અસંખ્ય સિદ્ધિઓ હાંસલ કરી છે. નરેન્દ્ર મોદીએ કરેલી સૌથી મહત્વપૂર્ણ સિદ્ધિ એ છે કે નવી શિક્ષણ નીતિમાં પ્રાથમિક શિક્ષણમાં માતૃભાષાનું શિક્ષણ ફરજિયાત બનાવવું. બાળક પોતાની માતૃભાષા શીખ્યા વિના પરિપક્વ પુખ્ત બની શકતું નથી. કારણ કે તેઓ પોતાની માતૃભાષા વિના માતાના સ્નેહ કે બહેનના પ્રેમને સમજી શકતા નથી. તેમની ભૂમિ, તેમની ભાષા, તેમના ધર્મ, તેમની પરંપરાઓ, તેમની સંસ્કૃતિ અને તેમના મૂલ્યો સાથેનો તેમનો સંબંધ ફક્ત તેમની માતૃભાષા દ્વારા જ વિકસાવી શકાય છે.

